ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.
ઈતિહાસ : પેપર - ૦૪

# સલ્તનત કાલીન ઈતિહાસ

(ઈ.સ.૧૩મી થી ઈ.સ.૧૫મી સદી સુધી)
(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 1

## દિલ્હી સલ્તનતની સ્થાપના
## (Establishment of Delhi Sultanate)

એકમ 13
મધ્ય એશિયામાં તુર્કો અને મંગોલોનો ઉદય
(Rise of Turks and Mongols in Central Asia) 12

એકમ 14
દિલ્હી સલ્તનતની સ્થાપના અને દૃઢીકરણ (Establishment & Consolidation) 23

એકમ 15
પ્રાદેશિક વિસ્તાર (Territorial Expansion) 39

પરિશિષ્ટ (Appendix) 48

આ વિભાગ માટે કેટલાંક ઉપયોગી પુસ્તકો
(Some Useful Books for this Block) 48

## Expert Committee

Prof. K.N. Panikkar (*Chairman*)
Prof. B.D. Chattopadhyay
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi
Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad
Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay
Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat
Prof. Anirudha Ray
Department of Islamic History and Culture
Calcutta University
Calcutta
Prof. Gyan Pandey
History Department
Delhi University, Delhi
Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad
Prof. Kapil Kumar (*Convenor*)
Dr. A.R. Khan
IGNOU, New Delhi

## Course Preparation Team

Dr. Kapil Kumar
Ms. Mira Rai
Ms. Sangeeta Pandey
Dr. Abha Singh } Course Co-ordinators
Dr. Ahmed Raza Khan } Course Co-ordinators

## Block Preparation Team

| Unit No. | Contributors | Faculty Members, IGNOU |
|---|---|---|
| 13 & 14 | Mr. Iftikhar Ahmad Khan<br>Department of History<br>M.S. University, Baroda | Dr. A.R. Khan<br><br>Dr. Abha Singh |
| 15 | Dr. Ravindra Kumar<br>Department of History<br>M.S. University, Baroda | Dr. Abha Singh |

## Course Editor

Prof. A. Jan Qaisar
Centre of Advanced Study in History
Aligarh Muslim University
Aligarh

આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

*© Indira Gandhi National Open University.*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

**અનુવાદ :**


પ્રા. (ડૉ.) પી. જી. કોરાટ — અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ-અનુસ્નાતક ભવન, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર


**પરામર્શ (વિષય) :**


પ્રો. કે. સી. બારોટ — એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ


**પરામર્શ (ભાષા) :**


પ્રો. એન. એલ. પઢિયાર — એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ



**પ્રકાશક**

**કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**"જ્યોતિર્મય" પરિસર, શ્રી બાલાજી મંદિર સામે, સરખેજ-ગાંધીનગર હાઈ-વે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧**



**શ્ર સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.**

# ભારત : 8મીથી 15મી સદી સુધી
# (India from 8th to 15th Century)

## વિષયપ્રવેશ (Course Introduction)

આ અભ્યાસક્રમના વિભાગ-1માં આપણે સ્પષ્ટતા કરી હતી કે આ અભ્યાસક્રમને બે મુખ્ય ભાગોમાં વિભાજિત કરી શકાય. પ્રથમ ભાગને વિભાગ 1થી 3 સુધી અને બીજા ભાગને વિભાગ 4થી 8 સુધી રાખવામાં આવ્યો છે. પ્રથમ ત્રણ વિભાગના અભ્યાસક્રમનો પરિચય ભાગ 1માં કરાવવામાં આવ્યો છે. અહીં વિભાગ 4થી 8 સુધીના અભ્યાસક્રમનો પરિચય આપીશું.

ભારતીય ઇતિહાસના પ્રાચીન, મધ્ય કાળ તેમ જ આધુનિક ભાગોમાં કરવામાં આવેલા કાળવિભાજન અંગે કોઈ વિવાદ નથી, હકીકતે આ વિભાજનને આપણે નજરઅંદાજ કરી શકીએ નહીં. પરંતુ મુશ્કેલી એ સમયે ઊભી થાય છે કે જ્યારે આપણે પ્રાચીન કાળને 'હિન્દુ', મધ્ય કાળને 'મુસલમાન' અને આધુનિક કાળને 'બ્રિટિશ' કાળ તરીકે ઓળખાવીએ છીએ. પરંતુ કાળક્રમનું વિભાજન કરતી વખતે એ કાળના પ્રારંભની સુનિશ્ચિત કે ચોક્કસ તારીખ નિર્ધારિત કરવાની સમસ્યા સૌથી મુશ્કેલ છે. કહેવાનો મતલબ એ છે કે પ્રાચીન ભારતના ઇતિહાસનો અંત ક્યારે આવ્યો અને ભારતના મધ્ય કાળના ઇતિહાસનો પ્રારંભ ક્યારે થયો ? આધુનિક ભારતના ઇતિહાસની શરૂઆત ક્યારથી કરીશું ? આ પ્રશ્નોનું સમાધાન સાધવા માટે કોઈ ચોક્કસ વૈજ્ઞાનિક તારીખ આપી શકાય નહીં. એ એક સર્વમાન્ય હકીકત છે. કદાચ આ કારણથી જ કાળક્રમ નિર્ધારણની આ ગંભીર સમસ્યાનું સરળતાપૂર્વક સમાધાન કરવા માટે કેટલાક લોકો આ પ્રકારના કાળવિભાજનને સ્વીકારી લે છે, જે અનુસાર હિન્દુ, મુસલમાન અને બ્રિટિશ કાળને ક્રમબદ્ધ કરવામાં કોઈ ખાસ ફરક નથી પડતો. ઘટનાત્મક રીતે આ ત્રણે કાળ(યુગો)ને વિદેશી આક્રમણો આર્યો, તુર્કો અને અંગ્રેજોના આક્રમણના રૂપમાં પણ વિભાજિત કરી શકાય.

સામાન્યત: ઇતિહાસકારો ભારતમાં મુસ્લિમ સત્તાની સ્થાપનાથી મધ્યયુગનો પ્રારંભ થયો હોવાનું માને છે તથા મોટા ભાગના ઇતિહાસકારો ભારતમાં મરાઠી સત્તાના અસ્ત સાથે મધ્યયુગ પૂરો થયો હોવાનું મંતવ્ય ધરાવે છે. આ રીતે ભારતના મધ્યયુગનો સમયગાળો આશરે ઈ.સ. 1206થી લગભગ ઈ.સ. 1818 સુધીનો ગણાય.

આ ચર્ચાને એક બાજુ રાખીને આપણે આપણી ચર્ચા સાથે આગળ વધીએ. સિંધના શાસક દાહિરને ઈ.સ. 712માં આરબોએ મોહમ્મદ-બિન-કાસિમના નેતૃત્વ તળે પરાજિત કર્યો એ ભારત પરનું સૌ પ્રથમ મુસ્લિમ આક્રમણ હતું. આ વિજયને આપણે નવા 'યુગ'નો પ્રારંભ ગણી શકીએ. આ આક્રમણ પછી - મહમૂદ ગઝનવીથી શહાબુદ્દીન ઘોરી સુધી - આક્રમણોની એક લાંબી હારમાળા શરૂ થઈ. જો ઈ.સ. 1192નું તરાઈનનું બીજું યુદ્ધ ભારતના રાજકીય ભાવિ માટે અમંગળના એંધાણ સમાન હતું તો ઈ.સ. 1206નું વર્ષ ભારતના ઇતિહાસમાં એક નિર્ણયાત્મક વળાંક સમાન સાબિત થયું. કારણ કે આ વર્ષે કુતુબુદ્દીન ઐબક વિધિવત્ રીતે દિલ્હી સલ્તનતનો પ્રથમ સુલતાન બન્યો.

હિંદુ અને મુસ્લિમ સંસ્કૃતિઓ જ્યારે આમને-સામને આવી ત્યારે તેનાં કેટલીક વાર આશ્ચર્યજનક તો ક્યારેક ક્યારેક આશા અને અપેક્ષા વિરુદ્ધ પરિણામો આવ્યાં. આ પ્રકારનો સાંસ્કૃતિક ટકરાવ આ પહેલાંની સદીઓમાં પણ થઈ ચૂક્યો હતો. પરંતુ તુર્કો અને એ સમયના ભારતવાસીઓ વચ્ચે જે આંતરક્રિયા થઈ તે જુદા સ્વરૂપની હતી. જે સમયે ભારતમાં દિલ્હી સલ્તનતનું સુદૃઢીકરણ થઈ રહ્યું હતું તે સમયે ભારતમાં રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ફેરફારો થયા. જોકે આપણી સાંપ્રદાયિકતા જેવી હાલની સળગતી સમસ્યાઓનાં મૂળ પણ આ કાળમાં જ રહેલાં છે. પરંતુ આપણે એ વાસ્તવિકતાને પણ નજરઅંદાજ ન કરી શકીએ કે સાંપ્રદાયિક સૌહાર્દ અને સમન્વયનાં તત્ત્વો તથા પ્રવૃત્તિઓનો સુભગ સમન્વય પણ આ કાળની જ મુખ્ય દેણગી છે. બીજાં અન્ય પાસાંઓ સહિત આ કૃત્રિમ વિપરીત પરિણામોના બાકીના ઇતિહાસનો અભ્યાસ તમે સલ્તનત સંબંધિત અન્ય વિભાગોમાં કરશો.

આ અભ્યાસક્રમ 'ભારત : 8મી સદીથી 15મી સદી સુધી'ના શીર્ષકનો એક ભાગ છે. વિભાગ-1, 2 તથા 3માં તમે પ્રાદેશિક વિશેષતાઓ સાથે પ્રારંભિક મધ્યકાળની અર્થવ્યવસ્થા, સમાજ, સંસ્કૃતિ તથા ભારતીય રાજનીતિનો અભ્યાસ કર્યો. હવે તમારી સમક્ષ અન્ય પાંચ વિભાગો રજૂ કરવામાં આવી રહ્યા છે. તમે આ વિભાગો(4, 5, 6, 7 અને 8)માં દિલ્હી સલ્તનતના ઉદ્ભવ, સ્થાપના અને વિકાસનો અભ્યાસ કરશો. આ પહેલાંના વિભાગો(1, 2 અને 3)ને તમે ભારતીય ઇતિહાસના નવા યુગ માટેનું પ્રવેશદ્વાર કહી શકો.

વિભાગ-4માં દિલ્હી સલ્તનતની સ્થાપનાનું વિવેચન કરવામાં આવ્યું છે, જેના સ્થાપકો તુર્ક લોકો હતા. આથી આ વિભાગના પ્રથમ એકમમાં તુર્કો અને મંગોલોના ઉદયની સાથોસાથ

તેની ભૌગોલિક પૃષ્ઠભૂમિકાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. બીજા એકમમાં નવી રાજકીય પ્રણાલિકાઓની સ્થાપના અંગે જાણકારી આપવામાં આવી છે. જ્યારે ત્રીજા એકમમાં દિલ્હી સલ્તનતના પ્રાદેશિક વિસ્તાર તથા સુદૃઢીકરણ અંગે ચર્ચા કરવામાં આવી છે.

વિભાગ-5માં નવા શાસક વર્ગનું નિર્માણ, સલ્તનતનું વહીવટી તંત્ર અને અંતમાં રાજનૈતિક સંગઠનના સંકટ અને પતન અંગે વર્ણન કરવામાં આવ્યું છે.

વિભાગ-6માં ખેતી-વાડી વ્યવસ્થામાં થનાર પરિવર્તનો, શહેરી અર્થવ્યવસ્થાના સ્તરમાં વધારો તથા વ્યાપાર-વાણિજ્ય તથા નાણાંના પ્રસાર જેવા મહત્ત્વપૂર્ણ વિષયો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ વિભાગમાં તુર્ક પ્રજા દ્વારા ભારતમાં લાવવામાં આવેલી નવીન શિલ્પકલા અંગે પણ તમે જાણકારી મેળવી શકશો.

વિભાગ-7માં પ્રાદેશિક રાજ્યો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે જેનો ઉદય, દિલ્હી સલ્તનત નબળી પડતાં ભારતના અનેક ભાગોમાં થયો હતો. આ વિભાગમાં વિજયનગર સામ્રાજ્ય તથા બહમની રાજ્યની વિશિષ્ટતાઓનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

વિભાગ-8માં ધાર્મિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓ અંગેની માહિતી આપવામાં આવી છે. આ સિવાય ભક્તિ આંદોલન તથા સૂફીવાદ, કલા, ભાષા-સાહિત્ય અને જીવનશૈલી અંગે જાણકારી આપવામાં આવી છે.

# દિલ્હી સલ્તનતની સ્થાપના
# (Establishment of Delhi Sultanate)

વિભાગ-3માં તમે તુર્કો પૂર્વેના ગુર્જર પ્રતિહાર સામ્રાજ્યના ભાગલા પડવાને કારણે ઊભી થયેલી નવી રાજકીય વ્યવસ્થા અંગે અભ્યાસ કરી ગયા. આ વિભાગ-4માં દિલ્હી સલ્તનતની સ્થાપના અંગે ચર્ચા કરવામાં આવી છે જેમાં કુલ ત્રણ એકમો છે. પ્રથમ એકમમાં તુર્ક સત્તાના ઉદય સમયે ભારતમાં પ્રવર્તમાન રાજકીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આ એકમમાં જ્યાં તુર્ક અને મંગોલ પ્રજા વસવાટ કરતી હતી તે મધ્ય એશિયાના ભૌગોલિક સ્થળોનું પણ વર્ણન કરવામાં આવ્યું છે. આ એકમમાં તુર્કો અને મંગોલોના કબીલાઓ અને તેમના ભટકતા જીવન અંગે પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. તમને અત્રે એ પણ જાણકારી આપવામાં આવી છે કે તેઓ પોતાના વિસ્થાપિત આંદોલનો દ્વારા ભારતના સીમાડાઓ પર કેવી રીતે પહોંચ્યા અને પછી ભારતનાં રાજ્યો સાથે કેવી રીતે સંઘર્ષ થયો.
બીજા એકમમાં દિલ્હી સલ્તનતના રૂપમાં તુર્ક સત્તાની સ્થાપનાનું વિવરણ કરવામાં આવ્યું છે. આ એકમમાં તુર્ક લોકોની સફળતા માટેનાં કારણો અંગે પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. ત્રીજા એકમમાં દિલ્હી સલ્તનતનો પ્રાદેશિક વિસ્તાર તથા તેના સુદૃઢીકરણની પ્રક્રિયાનું વિવરણ કરવામાં આવ્યું છે.

**આ સમયનો ઇતિહાસ જાણવા માટેનાં મુખ્ય સાધનો**

દિલ્હી સલ્તનતના ઇતિહાસની જાણકારી જુદી જુદી સમકાલીન સાધનસામગ્રીમાંથી મળે છે. અહીં કેટલાંક મુખ્ય અને તત્કાલીન સાધનો અંગે ટૂંકમાં વિગતો જોઈએ :

**અરબી અને ફારસી સાધનો**

ઇતિહાસલેખનની દૃષ્ટિએ પ્રાચીન ભારત અને મધ્યકાલીન ભારત વચ્ચે પાયાનો તફાવત એ છે કે પ્રાચીન ભારતમાં જેને ઇતિહાસની કૃતિ કહી શકાય તેવી કોઈ રચના થઈ નથી; જ્યારે મધ્યકાલીન ભારતમાં જેને ઇતિહાસના પ્રચલિત અર્થમાં ઇતિહાસની કૃતિ ગણાવી શકાય તેવી કેટલીક રચનાઓ થયેલી છે. આ સમયનો ઇતિહાસ મુખ્યત્વે ફારસી અને અરબી ભાષામાં લખાયેલા ઇતિહાસગ્રંથો (તવારીખો) પરથી જાણી શકાય છે. અલબત્ત, આ બધા તવારીખકારો તુર્ક કે અફઘાન હતા, એટલે કે પરદેશી મુસલમાનો હતા; પરિણામે તેમનું મુખ્ય ધ્યાન ભારતમાં ઇસ્લામના વિજય પર જ કેન્દ્રિત થયેલું હોય, તે સ્વાભાવિક છે. આ ઉપરાંત પોતાના આશ્રયદાતા સુલતાનોના દરબાર તથા તેના વર્ણનથી જ તેમની 'તવારીખો' ભરેલી હોય અને તેમાં પ્રજાજીવનનો બહુ ઓછો (અથવા તો જરા પણ નહીં) ખ્યાલ આપવામાં આવ્યો હોય તે સમજી શકાય તેમ છે. તેમનાં લખાણોમાં પોતાના આશ્રયદાતાઓની પ્રશંસા, વ્યક્તિઓ, ઘટનાઓ અને સાલવારીમાં ભૂલો, અતિશયોક્તિ, પૂર્વગ્રહો, અંગત માન્યતાઓ વગેરેનું પ્રમાણ વિશેષ હોવા છતાં, એકંદરે સલ્તનત સમયનો ઇતિહાસ જાણવા માટે તેમના ગ્રંથો ખૂબ જ ઉપયોગી થઈ પડ્યા છે તેની ના કહી શકાય તેમ નથી. આ તવારીખ ગ્રંથોમાં નીચેનાગ્રંથોનાં નામ ઉલ્લેખનીય છે :

**1. ચચનામા :** લેખક, અલી કૂફી : આ 8મી સદીના અરબી ભાષામાં લખાયેલા ચચનામાનો ફારસી ભાષામાં અનુવાદ છે જેમાં ઈ.સ. 712માં સિંધ પર આરબોનો વિજય તથા સમકાલીન સિંધના શાસકો અંગે વર્ણન કરવામાં આવ્યું છે.

**2. તારીખ-ઈ-સિંધ :** લેખક, મીર મુહમ્મદ માસુમ : તારીખ-ઈ-સિંધ અથવા તારીખ-ઈ-માસુમીમાં સિંધમાં આરબોના આગમનથી માંડીને ઈ.સ. 1600માં અકબરે સિંધ જીત્યું ત્યાં સુધીનો સિંધનો ઈતિહાસ આલેખવામાં આવ્યો છે.

**3. કિતાબ-ઉલ-યામિનિ :** લેખક, ઉત્બી (અબુ નાસિર બિન મુહમ્મદ અલ જબ્બરુલ ઉત્બી) : આ પુસ્તકમાં ગઝનીના યામિની વંશનો, સબકતગીનથી શરૂ કરીને મહમૂદના વિજયો સુધીનો ઇતિહાસ લખ્યો છે.

**4. તારીખ-ઈ-મસૂદી :** લેખક, અબદુલ ફઝલ મુહમ્મદ બિન હુસેન અલ બૈહિકી : ગઝનીના મહમૂદ તથા મસૂદનો ઇતિહાસ તથા તેમના દરબારનું વર્ણન અહીં જોવા મળે છે.

**5. તહકીક-ઈ-હિન્દ (તારીખ-ઈ-હિંદ, કિતાબ-ઉલ-હિંદ) :** લેખક, અબુ રેહાન અલબેરૂની : 11મી સદીના હિંદુઓની સામાજિક, ધાર્મિક તથા સાહિત્ય અને વિજ્ઞાન અંગેની ખૂબ જ મહત્ત્વની તથા આધારભૂત માહિતી આપણને અહીં મળે છે. અલબેરૂનીએ આ ગ્રંથ અરબી ભાષામાં લખ્યો હતો. ત્યાર પછી તેનો ફારસી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો હતો. ઈ. સી. સચાઉએ Alberuni's India એ શીર્ષક તળે અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે.

**6. આદબ-ઉલ-હર્બ યા શુજાઆત :-** લેખક, ફખ-ઈ-મુદાબ્બિર : ઈ.સ. 1228માં લખાયેલા આ પુસ્તકમાં મુખ્યત્વે યુદ્ધવિદ્યાનું વર્ણન છે.

**7. તારીખ-ઈ-જહાંગુશા :** લેખક, અલાઉદ્દીન અતા મલિક : આ પુસ્તક મંગોલ આક્રમણો અંગે વિસ્તૃત જાણકારી પ્રસ્તુત કરે છે.

**8. સિયાસતનામા :** લેખક, નિજામ-ઉલ-મુલ્ક તૂસી : શરૂઆતના તુર્ક શાસકોના સમયમાં પ્રચલિત ગુલામી પ્રથા, તેમની તાલીમ વગેરેની જાણકારી આપે છે.

**9. તાજ-ઉલ-માસિર :** લેખક, સદ્ઉદ્દીન હસન નિઝામી, દિલ્હી સલ્તનતનું આ પ્રથમ સરકારી સંકલન છે, જેમાં ઈ.સ. 1191-1229 સુધીનો ઇતિહાસ છે. આ ગ્રંથમાં મુઈજઉદ્દીન મોહમ્મદ સામના અભિયાનની સાથોસાથ ગુલામ વંશના શરૂઆતના સુલતાનો–કુતુબુદ્દીન ઐબક અને ઇલ્તુત્મિશના લશ્કરી આક્રમણોની ચર્ચા કરવામાં આવી છે. લેખક પોતે પોતાના સમકાલીન સુલતાનોનો ઇતિહાસ લખતો હોઈ તેની હકીકતો ઘણી આધારભૂત ગણી શકાય.

**10. તબકાત-ઈ-નાસિરી :** લેખક, મિનહાજ-ઉસ-સિરાજ : આ ગ્રંથમાં મુહમ્મદ ઘોરીની હકીકતોથી માંડીને ઈ.સ. 1260 સુધીનો દિલ્હી સલ્તનતનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે. લેખક પોતે કાજી, ખતીબ, સદ્-ઈ-જહાં અને નાસિરિયા મદ્રેસાના મુખ્ય આચાર્ય જેવા વિવિધ હોદ્દાઓ પર હતો, છતાં તેનાં અવલોકનો ઘણાં જ તટસ્થ છે. લશ્કરી આક્રમણો, સુલતાન, મલિક અમીર તથા ઉલેમા વગેરેનું વિસ્તૃત વિવરણ આ ગ્રંથમાંથી મળી રહે છે.

**11. અમીર ખુસરો** (1254-1325 A.D.) મધ્યકાલીન ભારતનો મહાન લેખક, વિખ્યાત શાયર અને ઇતિહાસકાર હતો. દિલ્હીના સુલતાનોનો શાસનકાળ તેણે નજરે જોયો હતો. આ સુલતાન - બલ્બન કૈકુબાદ જેલાલુદ્દીન ખિલજી, અલાઉદ્દીન ખિલજી, કુતુબુદ્દીન મુબારક ખિલજી અને ગ્યાસુદ્દીન તુઘલક હતા. આ પ્રથમ ફારસી કવિ હતો જેણે પોતાના લેખનમાં હિન્દી અને સંસ્કૃત શબ્દોનો પ્રયોગ કર્યો. પરંતુ અમીર ખુસરો લેખક અને ઇતિહાસકાર કરતાં એક શાયર-કવિ વિશેષ હતો. તેની કટાક્ષમય શાયરીઓ તત્કાલીન પરિસ્થિતિ પર સારો પ્રકાશ ફેંકે છે. તેની મુખ્ય કૃતિઓ નીચે મુજબ છે :

**મિફ્તાહ-ઉલ-ફુતૂહ :** આ ગ્રંથમાં જલાલુદ્દીન ખિલજીના સૈનિક આક્રમણોનો ઉલ્લેખ છે.

**કિરાન-ઉસ-સાદાયન :** આ પુસ્તકમાં બુઘ્રાખાનની પોતાના પુત્ર કૈકુબાદ સાથેની મુલાકાત પ્રસંગનું વર્ણન છે. તેમાં તત્કાલીન સમાજજીવનની પણ ચર્ચા કરવામાં આવી છે.

**દવલરાની-વ-ખિજરખાન :** આ એક કાવ્યસંગ્રહ છે, તેને ઇતિહાસનું પુસ્તક ગણી શકાય નહીં. તેમાં ગુજરાતના છેલ્લા વાઘેલા રાજવી કરણ ઘેલાની પુત્રી દેવળદેવી તથા સુલતાન અલાઉદ્દીનના પાટવી કુંવર ખિજરખાનના પ્રેમપ્રકરણને આલેખવામાં આવ્યું છે. જોકે મોટા ભાગના ઇતિહાસકારો આ બનાવને ઐતિહાસિક માનતા નથી. આમાંથી સુલતાન અલાઉદ્દીન ખિલજીના સૈનિક આક્રમણોનું ટૂંકું વર્ણન પણ મળે છે.

**ખઝાઇન-ઉલ-ફુતૂહ :** આ ગ્રંથમાં અલાઉદ્દીન ખિલજીના દક્ષિણના વિજયોનું વર્ણન છે. તેમાંથી મંગોલ આક્રમણોની પણ જાણકારી મળી રહે છે.

**એજાજ-ઈ-ખુસરવી :** આ અમીર ખુસરો દ્વારા સંકલિત પત્રો, દસ્તાવેજો, આવેદનો વગેરેનું વર્ણન છે.

**13. તારીખ-ઈ-ફિરોઝશાહી :** લેખક, ઝિયાઉદ્દીન બરની : આ ગ્રંથમાં સુલતાન બલ્બનના રાજ્યારોહણથી માંડીને સુલતાન ફિરોઝશાહ તુઘલકના શાસનના છઠ્ઠા વર્ષ સુધીની વિગતો આપવામાં આવી છે (1266-1356 A.D.). બરનીએ મુહમ્મદ તુઘલકની રાજસભામાં 17 વર્ષ વિતાવ્યાં હતાં. એટલે તેણે સુલતાન મુહમ્મદ તુઘલકના સમયનો આપેલો ઇતિહાસ અનુભવમૂલક હોઈને વિશ્વાસપાત્ર ગણાય છે. છતાં તેણે મુહમ્મદ અને ફિરોઝ તુઘલકની અનુચિત પ્રશંસા કરી છે. સાલ અને ક્રમને લગતી પુષ્કળ ક્ષતિઓ છે. ધાર્મિક સ્થિતિના કરેલા ઉલ્લેખો પક્ષપાતી અને સાંપ્રદાયિક કહી શકાય તેવા છે. ભાષા અત્યંત કિલષ્ટ છે. આમ છતાં બરની મધ્યયુગનો આગેવાન અને એકંદરે શ્રદ્ધેય ઇતિહાસકાર છે.

**14. ફતવા-ઈ-જહાંદારી :** લેખક, ઝિયાઉદ્દીન બરની : મુખ્યત્વે રાજકીય ચિંતન પર લખાયેલો ગ્રંથ છે. શાસક વર્ગની ઇચ્છાઓ અને આકાંક્ષાઓને ઉજાગર કરે છે. બરનીએ કુલીન ઉમરાવ વર્ગની પ્રશંસા અને નીચલા વર્ગની નિંદા કરી છે. આ ગ્રંથમાં સુલતાન, ન્યાય, લશ્કર તથા ગુપ્તચર સેવા વગેરેની સમજૂતી આપવામાં આવી છે. તેમાં રાજ્યવ્યવસ્થાના મુખ્ય સિદ્ધાંતોની પણ ચર્ચા કરવામાં આવી છે.

**15. ફતહાત-ઈ-ફિરોઝશાહી :** લેખક, ફિરોઝ તુઘલક : આ ગ્રંથમાં ફિરોઝશાહના જુદા જુદા હુકમોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ફિરોઝ તુઘલકની નીતિઓ તેમ જ વિચારોની જાણકારી માટે આ ગ્રંથ ઘણો જ ઉપયોગી છે.

**16. તારીખ-ઈ-ફિરોઝશાહી :** લેખક, શમ્સ-ઈ-સિરાજ અફીક : ફિરોઝશાહ તુઘલકના સમયનો ઇતિહાસ જાણવા માટે આ ગ્રંથ ઘણો ઉપયોગી છે. આ ગ્રંથની રચના તૈમૂરના આક્રમણ પછી

તરત થયેલી છે. તેમાં ફિરોઝના શાસનકાળની શાંતિ અને સમૃદ્ધિની ભારોભાર પ્રશંસા કરવામાં આવી છે. એક રીતે જોઈએ તો, બરની માફક શમ્સ-ઈ-સિરાજ પણ બનાવોનો પ્રત્યક્ષ સાક્ષી હોવાથી તેણે આપેલી વિગતો એકંદરે વિશ્વાસપાત્ર મનાય છે. આ ગ્રંથમાં તત્કાલીન સમયના લોકજીવન, સાંસ્કૃતિક તેમ જ સામાજિક બાબતોને લગતી હકીકતો પણ આપવામાં આવી છે, જે તેની મહત્ત્વની વિશિષ્ટતા ગણાવી શકાય. બરનીની તુલનાએ શમ્સ-ઈ-સિરાજ સાલ, ઘટના અને ક્રમની દૃષ્ટિએ વધુ ચોક્કસ છે. જોકે આશ્રયદાતાની પ્રશંસાના વર્ણનને તે નિવારી શક્યો નથી.

**17. સિરાત-ઈ-ફિરોઝશાહી :** સુલતાન ફિરોઝના હુકમથી તેના કોઈ દરબારીએ આ ગ્રંથ લખેલો, પણ તેના લેખકનું નામ ઉપલબ્ધ નથી. છતાં ફિરોઝશાહ તુઘલકના સમયના ઇતિહાસ માટે તે ઘણો ઉપયોગી ગ્રંથ છે.

**18. જફરનામા :** લેખક, શરફુદ્દીન અલી યજદી : આ ગ્રંથમાં તૈમૂરના આક્રમણ અંગે વિસ્તૃત અને મહત્ત્વપૂર્ણ વિવરણ છે.

**19. તારીખ-ઈ-મુબારકશાહી :** લેખક, યાહ્યા-બીન-અહમદ સરહિન્દી : આ ગ્રંથમાં શહાબુદ્દીન ઘોરીથી માંડીને બીજા સૈયદ સુલતાન મુબારકશાહ (1421-1434 A.D.)સુધીનો સૈયદ વંશનો ઇતિહાસ આપેલો છે. સૈયદ વંશના સમયની હકીકતો માટેનો એકમાત્ર સમકાલીન ગ્રંથ છે અને તેમાં આપવામાં આવેલી માહિતી માટે ઘણો ઉપયોગી છે.

**20. મુસાલિક-ઉલ-અબસાર :** લેખક, ઈબુ ફઝલુલ્લાહ અલ ઉમરી : અરબી ભાષામાં લખાયેલો આ ગ્રંથ છે જેમાં મુહમ્મદ તુઘલકના સમયની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**21. તારીખ-ઈ-મુસ્તાકી :** લેખક, મુસ્તાકી : આ ગ્રંથનો લેખક મુસ્તાકી સિકંદર લોદી તથા ઇબ્રાહીમ લોદીનો સમકાલીન હતો. ત્રણે લોદી સુલતાનોનો અહેવાલ તથા તેમના સમયની રાજકીય અને સામાજિક સ્થિતિની જાણકારી માટે મુસ્તાકી લિખિત તારીખ-ઈ-મુસ્તાકી મહત્ત્વનો ગ્રંથ મનાય છે.

**22. તારીખ-ઈ-સલતિન-અફઘાના :** લેખક, અહમદ યાદગાર : આ ગ્રંથ એ ભારતમાં અફઘાનોના શાસનનો ઇતિહાસ છે. તેમાં લોદી વંશનો ઉદય, ચડતી-પડતી તથા સૂર વંશનો પક્ષ તે જ રીતનો ઇતિહાસ છે. અલબત્ત તેના લેખક અહમદ યાદગારે અકબરના સમયમાં તે લખ્યો હતો, છતાં લોદી વંશનો ઇતિહાસ જાણવા માટે આ ગ્રંથ ઘણો મહત્ત્વનો ગણાય છે.

**23. ફુતૂહ-ઉસ-સલાતીન :** લેખક, ઇસામી : આ ગ્રંથ અલાઉદ્દીન બહમનશાહને અર્પણ કરવામાં આવ્યો છે. તેમાં 350 વરસો(999-1350 A.D.)નો ઇતિહાસ છે. આ કવિતાના રૂપમાં લખાયેલ છે. ઇસામી મુહમ્મદ તુઘલકની ટીકા કરે છે જ્યારે બહમનશાહની ઉપલબ્ધિઓની પ્રશંસા કરે છે.

**24. મિફતાહ-ઉલ-ફુજલા :** લેખક મૌહમ્મદ દાઉદ શાદિયાબાદી : આ ફારસી શબ્દકોશમાં મહત્ત્વપૂર્ણ રેખાચિત્રોનો સંગ્રહ છે જેમાંથી આપણે સલ્તનતકાળમાં થયેલા ટેકનિકલ વિકાસ અંગે મહત્ત્વપૂર્ણ જાણકારી મેળવી શકીએ છીએ.

**સૂફી સાહિત્ય (મલફૂજાત)**

**1. ફવાદ-ઉલ-ફુઆદ :** લેખક, અમીર હસન સિજજી : આ શેખ નિઝામુદ્દીન ઓલિયાના વાર્તાલાપ(1307-1322 A.D.)નો સંગ્રહ છે જે તત્કાલીન ધર્મ, સંસ્કૃતિ અને સાહિત્ય પર પ્રકાશ પાડે છે.

**2. ખૈર-ઉલ-મજાલિસ :** લેખક, હમીદ કલન્દર : આ શેખ નસીરુદ્દીન ચિરાગ દેહલવીના વાર્તાલાપનું સંકલન છે. આ માત્ર સૂફી સાહિત્ય જ નહીં બલ્કે અલાઉદ્દીન ખિલજીના બજાર નિયંત્રણ તેમ જ મંગોલ આક્રમણના પ્રભાવની પણ તેમાંથી જાણકારી મળી રહે છે.

**સમકાલીન પ્રવાસીઓનાં વર્ણનો (સફરનામાઓ)**

આ સમયમાં ભારતમાં આવેલા જુદા જુદા દેશોના પ્રવાસીઓએ પોતાના ગ્રંથો તથા નોંધપોથીઓમાં ભારત વિષે, તેની તત્કાલીન રાજકીય, સામાજિક, આર્થિક કે સાંસ્કૃતિક પરિસ્થિતિ વિષે જે ઉલ્લેખો કર્યા છે, તેમાંથી પણ આ કાળના ઇતિહાસના અભ્યાસીને ઘણી જ મહત્ત્વની વિગતો મળી રહે છે જેની આછી રૂપરેખા નીચે મુજબ જોઈ શકાય :

**1. માર્કોપોલો :** માર્કોપોલોની સફરો (Travels of Marco Polo) નામનું પુસ્તક મુખ્યત્વે તેના ઈ.સ. 1272થી 1295 સુધીના પ્રવાસના અનુભવોનું વિવરણ છે. વેનિસનો આ પ્રવાસી ઈ.સ. 1274માં ચીનના સમ્રાટ કુબ્લાઇખાનના દરબારમાં પહોંચ્યો. ચીનથી પાછા ફરતાં તે ભારતના સમુદ્રકાંઠાના પૂર્વ અને પશ્ચિમના વિસ્તારમાંથી પસાર થયો. પોતાના પ્રવાસવર્ણનમાં તેણે દક્ષિણ ભારતનું કરેલું વર્ણન મધ્યયુગના દક્ષિણ ભારતના પ્રદેશો, લોકો, બંદરો, રાજ્યો, આર્થિક સમૃદ્ધિ, વેપાર-વાણિજ્ય, સામાજિક સ્થિતિ વગેરેની ટૂંકી પણ વિશ્વાસપાત્ર માહિતી આપે છે.

**2. ઇબ્ન બતૂતા :** ઇબ્ન બતૂતાનું મૂળ નામ અબુ અબ્દુલ્લાહ મોહમ્મદ હતું. તે આફ્રિકાના મોરક્કોનો વતની હતો. આફ્રિકા અને એશિયાના ઘણા દેશોનો તેણે પ્રવાસ ખેડ્યો હતો. ઈ.સ. 1333માં તે ભારત આવ્યો હતો અને પોતાની વિદ્વત્તાથી મુહમ્મદ તુઘલક(1325-1351 A.D.)નો

કૃપાપાત્ર બન્યો હતો. સુલતાન મુહમ્મદ તુઘલકે તેને દિલ્હીના કાઝીપદે નિયુક્ત કર્યો હતો. ઈબ્ન બતૂતાએ પોતાના પ્રવાસગ્રંથ 'કિતાબ-ઉર-રહલાહ'માં મુહમ્મદ તુઘલકના ચારિત્ર્યની ખાસિયતોની સાથે સાથે સમકાલીન સામાજિક તેમ જ આર્થિક જીવનનું જીવંત ચિત્ર રજૂ કર્યું છે. ભૌગોલિક દૃષ્ટિએ પણ તેનું વિવરણ મહત્ત્વપૂર્ણ છે. તેણે પ્રવાસ માટે જે માર્ગનો ઉપયોગ કર્યો તેનાથી તે સમયના પ્રચલિત જમીનમાર્ગોની જાણકારી મળી રહે છે.

**3. અથનેસિયસ નિકિતીન :** આ રશિયન યાત્રી જેણે ઈ.સ. 1470ના અરસામાં દક્ષિણ ભારતની યાત્રા કરી. નિકિતીને બહમની દરબાર, લશ્કર અને ત્યાંના લોકોના જીવન ઉપર પ્રકાશ પાડ્યો છે.

**4. અબ્દુલ રજ્જાક :** ઈરાનના શાહરૂખના એલચી તરીકે ઈ.સ. 1442માં વિજયનગર આવેલ અબ્દુલ રજ્જાકે પોતાના પ્રવાસગ્રંથ 'મતલા-ઉસ-સાદાયન'માં વિજયનગરના રાજા તથા રાજ્ય વિષે ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી માહિતી આપેલી છે.

**5. નિકોલો કોન્ટી :** વેનિસના આ પ્રવાસીએ માલાબાર પ્રદેશની યાત્રા કરી હતી. નિકોલો કોન્ટી વિજયનગર દરબાર તથા તેના સામાજિક તેમ જ આર્થિક જીવન પર પણ પ્રકાશ પાડે છે.

**6. ડુઆર્ટે બાર્બોસા :** ફિરંગી (પોર્ટુગાલી) પ્રવાસી ડુઆર્ટે બાર્બોસાએ દક્ષિણ ભારત તેમ જ વિજયનગર રાજ્યનો અહેવાલ ઈ.સ. 1516માં લખ્યો. તેનું વિવરણ પણ વિજયનગરના રાજ્ય પર મહત્ત્વપૂર્ણ પ્રકાશ પાડે છે.

**7. ડોમિંગોસ પાએઝ :** આ પણ પોર્ટુગાલી પ્રવાસી હતો. ઈ.સ. 1522માં કૃષ્ણદેવરાયના શાસનકાળ (1509 - 1529 A.D.) દરમ્યાન તેણે વિજયનગરની મુલાકાત લીધી હતી. આ સમયે વિજયનગર સમૃદ્ધિના શિખરે હતું જે અંગે આ વિદેશી પ્રવાસીએ નોંધપાત્ર પ્રકાશ પાડ્યો છે.

**8. ફેર્ના નુનિઝ :** આ ત્રીજો પોર્ટુગાલી મુસાફર ફેર્ના નુનિઝ ઘોડાનો વેપારી હતો. ઈ.સ. 1535થી 1537 દરમિયાન તે વિજયનગરમાં રહ્યો. તેણે વિજયનગરની સ્થાપના(1336)થી કૃષ્ણદેવરાયના શાસનકાળ સુધીનો (1529) વૃત્તાંત પોતાના યાત્રાવર્ણનમાં આપ્યો છે. કૃષ્ણદેવરાય વિશેની સૌથી વિશેષ માહિતી નુનિઝના યાત્રાવર્ણનમાંથી મળે છે. આ ઉપરાંત તેનું વિવરણ તત્કાલીન આંતરિક કલહ તથા ગૃહયુદ્ધ અંગે મહત્ત્વપૂર્ણ જાણકારી આપે છે.

**9. ટોમ પાયર્સ :** આ એક યુરોપિયન પ્રવાસી હતો જેણે 16મી સદીના પ્રથમ દાયકામાં ખંભાત અને મલક્કા ખાતેથી થતાં વેપાર-વાણિજ્ય અંગે વર્ણન કર્યું છે.

**સ્થાનિક રચનાઓ :**

**1. કાલજ્ઞાન :** વિજયનગર રાજ્યને લગતા 15 તથા 16મી સદી દરમિયાન લખાયેલા અધિકૃત તથા બિન-અધિકૃત દસ્તાવેજો 'કાલજ્ઞાન' નામે જાણીતા થયેલા છે. તેમાં વિજયનગરની સ્થાપના, તેના રાજવંશો, યુદ્ધો, મહેસૂલી તેમ જ વહીવટી પદ્ધતિ વગેરેને લગતા અહેવાલો છે.

**2. વિદ્યારણ્ય કાલજ્ઞાન :** 15મી સદી પહેલાં રચાયેલું 'વિદ્યારણ્ય કાલજ્ઞાન' વિજયનગરની સ્થાપના સમયનો ઇતિહાસ જાણવા માટે મહત્ત્વનું સાધન ગણાવી શકાય.

**3. દંડ-કવિલેસ :** દંડ-કવિલેસ નામે જાણીતા થયેલા ગ્રામ દફતરોમાંથી પણ વિજયનગર રાજ્યનાં ગામડાંની વહીવટી પદ્ધતિ તથા તેની આર્થિક, સામાજિક અને ધાર્મિક નીતિની વિગતો મળે છે.

**4. અમુકતામાલ્યદ્ય :** કૃષ્ણદેવરાય દ્વારા કવિતા સ્વરૂપે લખાયેલો આ ગ્રંથ રાજકીય વહીવટના સિદ્ધાંતોના અર્થઘટન સમાન છે.

**5. રિયાઝ-ઉલ-ઇન્શા :** લેખક, ખ્વાજા મહમૂદ ગાવાન : આ બહમની રાજ્યના વજીર મહમૂદ ગાવાનના પત્રોનું સંકલન છે. આ મહમૂદ ગાવાનનું વ્યક્તિગત જીવન, રાજનૈતિક સંબંધો, સૈનિક આક્રમણો તથા દરબારી રાજનીતિ વગેરે અંગે જાણકારી પૂરી પાડે છે.

**6. જાઉ-ઉલ-લામી :** લેખક, મૌહમ્મદ અબદીર રહેમાન આજ સરવાની : આ પુસ્તકમાં 15મી સદીના દક્ષિણના મહાપુરુષોનાં જીવનચરિત્રોનું વિશુદ્ધ વર્ણન છે.

**7. મિરાત-ઈ-સિકંદરી :** લેખક, સિકંદર બિન મોહમ્મદ (મંજહૂ) : મિરાત-ઈ-સિકંદરી(સિકંદરની આરસી)માં ગુજરાતની સ્વતંત્ર સલ્તનતનું વિગતથી વર્ણન કરવામાં આવેલું છે.

આ ઉપરાંત 13મીથી 15મી સદીના કાશ્મીરના ઐતિહાસિક વિકાસક્રમને જાણવા માટે ફારસીમાં કેટલાંક સમકાલીન મહત્ત્વપૂર્ણ સાધનો છે. જેમકે; બહરિસ્તાન-ઈ-શાહી, મલફૂજાત-ઈ-તૈમૂર અને તારીખ-ઈ-રશીદી. આ તમામ સાધનો તત્કાલીન 13મીથી 15મી સદીની સામાજિક, આર્થિક અને વહીવટી સ્થિતિ ઉપર પ્રકાશ પાડે છે.

# એકમ 13 મધ્ય એશિયામાં તુર્કો અને મંગોલોનો ઉદય (Rise of Turks and Mongols in Central Asia)

રૂપરેખા


13.0 હેતુઓ
13.1 પ્રાસ્તાવિક
13.2 મધ્ય એશિયા
13.2.1 મધ્ય એશિયા : વિસ્તૃત વિવરણ
13.2.2 મધ્ય એશિયા : નાના પ્રદેશોની જમાવટ
13.3 ભટકતા પશુપાલકો
13.4 સભ્યતા અને તુર્કી પશુપાલકો : શરૂઆતના સંપર્ક
13.4.1 તિઉકિઉ સામ્રાજ્ય
13.4.2 બે પ્રકારના સંપર્ક
13.5 તુર્ક આક્રમણો
13.6 મંગોલ
13.6.1 ચંગીઝખાન અને ઘાસના મેદાની વિસ્તારનું કુલીન તંત્ર
13.6.2 વિજયો અને વિસ્તાર
13.7 સારાંશ
13.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
13.9 ચાવીરૂપ શબ્દો


## 13.0 હેતુઓ

10મી અને 13મી સદી દરમિયાન મધ્ય એશિયા અને તેની આસપાસના પ્રદેશોમાં તુર્કો અને મંગોલોનો ઉદય, તેઓના અતિ ઝડપી વિજયો અને પ્રાદેશિક વિસ્તાર એ ઇતિહાસના એક અતિ મહત્ત્વપૂર્ણ વળાંકનો પ્રારંભ કરનારી ઉલ્લેખનીય ઘટનાઓ છે. ભારતના સંદર્ભમાં વિચારીએ તો તેનાં પરિણામો સીધેસીધાં સ્પષ્ટ અને દૂરગામી અસરો કરનારાં બની રહ્યાં. આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે -

- તુર્ક અને મંગોલ કોણ હતા અને ઇતિહાસના એક અતિ રોચક વળાંકમાં તેમની ભૂમિકા કેવી હતી એ જાણી શકશો.
- ઐતિહાસિક દૃષ્ટિએ એક મહત્ત્વના પ્રદેશ તરીકે મધ્ય એશિયાની કેટલીક વિશેષતાઓ અને તેની ભૌગોલિક સ્થિતિનો પરિચય મેળવશો.
- રાજકીય અને સામાજિક વિકાસના એક વ્યાપક ઐતિહાસિક સંદર્ભમાં મધ્યકાલીન ભારતના સ્થાન અંગે જાણકારી મેળવી શકશો.

## 13.1 પ્રાસ્તાવિક

10મી સદીમાં મધ્ય એશિયા મહાદ્વીપના પૂર્વ છેડે વસવાટ કરતી એક લડાયક અને ભટકતી જાતિ પશ્ચિમ તરફ જતી જોવા મળે છે. મોજાંઓની માફક તે ફરી વળી, તેનું પ્રત્યેક આક્રમણ અગાઉના આક્રમણ કરતાં વધુ વિશાળ પાયા પરનું અને શક્તિશાળી હતું. ખૂબ જ થોડા સમયમાં જંગાલિયતના ઝંડાએ મધ્ય અને પશ્ચિમ એશિયાના એક જમાનાનાં સમૃદ્ધ એવાં રાજ્યો અને સામ્રાજ્યોનો વિનાશ કર્યો. તેઓ છેક ભૂમધ્ય સાગર અને કાળા સમુદ્રના કિનારાના પ્રદેશો સુધી પહોંચી ગયા. 10મી અને 12મી સદી દરમિયાન આક્રમણ કરનાર લોકો મુખ્યત્વે 'તુર્ક' હતા, જ્યારે 13મી અને 15મી સદી દરમિયાન થયેલાં આક્રમણોમાં તુર્કોની જેવી જ, પરંતુ તેનાથી પણ વધુ ક્રૂર અને ભયાનક એવી 'મંગોલ' જાતિ સામેલ હતી.

આ બંને જાતિ કે કોમો દ્વારા થયેલાં આક્રમણોથી ભારે મોટી તબાહી થઈ. ખાસ કરીને મંગોલોએ ભારે મોટી તબાહી સર્જી. જ્યાં પણ તેમને આગળ વધતા રોકવાનો પ્રતિકાર થયો ત્યાં તેઓએ લોહીની નદીઓ વહેવડાવી અને પોતાની પાછળ નિર્મમ ક્રૂર હત્યાઓનાં નિશાન છોડતા ગયા. પરંતુ આ આક્રમણકારીઓએ જે સભ્યતાઓ પર વિજય મેળવ્યો હતો, તે જ સભ્યતાઓએ સમય જતાં તેઓને સંયમિત કરી દીધા. તેઓ જીતેલા પ્રદેશોમાં આવીને વસ્યા અને તેના પરિણામે જે નવી પરિસ્થિતિ જન્મી તેણે એક નવી જ વ્યવસ્થાનો પાયો નાખ્યો. 10મી સદીના અંતમાં મહમૂદ ગઝનીનાં ભારત પરનાં આક્રમણો અને લગભગ આ પછી બસો વર્ષે ભારત પર મુહમ્મદ ઘોરી દ્વારા થયેલાં આક્રમણો એ હકીકતમાં તો આ ભટકતી જાતિઓ દ્વારા થયેલાં આક્રમણોની દૂરગામી પ્રતિકૃતિ સમાન હતાં. જેમ એશિયાના અન્ય ભાગોમાં

બન્યું તેમ ભારતમાં પણ તુર્ક આક્રમણને અંતે 13મી સદીના પ્રારંભિક વર્ષોમાં દિલ્હી સલ્તનત નામની એક સ્વતંત્ર રાજકીય સત્તાની સ્થાપના થઈ. 'દિલ્હી સલ્તનત' શબ્દથી એ ખ્યાલ આવે છે કે દિલ્હીમાં તુર્કોની રાજધાનીથી શરૂ કરી ઉત્તર ભારતના એક મોટા વિસ્તાર પર તેમનું રાજ્ય હતું. દિલ્હી સલ્તનત ત્રણસો વર્ષ ઉપરાંતના સમય સુધી ટકી રહી. આ ગાળા દરમિયાન તેણે નવી રાજકીય, સામાજિક અને આર્થિક સંસ્થાઓને જન્મ આપ્યો. અગાઉની હયાત સંસ્થાઓ કરતાં આ સંસ્થાઓ તદ્દન જુદા સ્વરૂપની હતી. હકીકતમાં તો તુર્ક લોકો પોતાની સાથે જે કાંઈ લાવ્યા હતા અને ભારતમાં તેમણે જે કાંઈ પ્રાપ્ત કર્યું તેના અદ્ભુત સંમિશ્રણમાંથી આ સંસ્થાઓ જન્મી હતી. આ જ વાત દિલ્હી સલ્તનત પછી આવનાર મુગલ સામ્રાજ્યને માટે પણ કહી શકાય.



આ એકમમાં આપણે મધ્ય એશિયામાં તુર્કો અને મંગોલોના ઉદયના પરિણામ સ્વરૂપે થનાર વિકાસનું વિહંગાવલોકન કરીશું.

## 13.2 મધ્ય એશિયા (Central Asia)


ઇતિહાસકારોએ અભ્યાસની દૃષ્ટિએ એશિયાના ઇતિહાસને મધ્યપૂર્વ એશિયા, મધ્ય એશિયા, પૂર્વ એશિયા, દૂર પૂર્વ એશિયા વગેરે વિભાગોમાં વિભાજિત કર્યો છે. તુર્કો અને મંગોલોના ઉદયની ચર્ચા કરતાં પહેલાં, એ જરૂરી છે કે આપણે મધ્ય એશિયામાં આવતા પ્રદેશોનું એક માનસચિત્ર તૈયાર કરીએ અને તેની કેટલીક નોંધપાત્ર કે ઉલ્લેખનીય ખાસિયતોની પણ જાણકારી મેળવી લઈએ. 'મધ્ય એશિયા' એક શિથિલ અથવા તો અસ્પષ્ટ ભૌગોલિક શબ્દ છે. તેમાં વિશાળ અને વિવિધ પ્રદેશોનો સમાવેશ થાય છે. તેની દક્ષિણે પહાડોની એક વિરાટ હારમાળા છે, જેનો એક હિસ્સો હિમાલય છે. તેની ઉત્તર સીમાઓ યુરાલ પર્વતની હારમાળા સુધી વિસ્તાર પામેલી છે. પશ્ચિમી સીમા અરાલ તથા કાસ્પિયન સાગર સુધી તથા પૂર્વીય સીમા બલકશ અને બૈકલ તળાવો વચ્ચેના ક્ષેત્રમાં સંભવત: ઈરતિશ નદી સુધી વિસ્તરેલ છે.

એક પ્રદેશના નામના રૂપમાં મધ્ય એશિયાનો ઓછામાં ઓછો એક હરીફ છે - તુર્કસ્તાન. તુર્કસ્તાનનો ભૌગોલિક વિસ્તાર તો મધ્ય એશિયા જેવો નથી, પરંતુ તેમાં મધ્ય એશિયામાં આવતા પ્રદેશોનો એક બહુ મોટો વિસ્તાર આવે છે. કદાચ આ એક એવા પ્રદેશનું કેટલુંક સચોટ વિવરણ આપે છે, જેની વસતીમાં તુર્કોનું પ્રાધાન્ય છે. પરંતુ જ્યારે આ શબ્દનો પ્રયોગ ઐતિહાસિક સંદર્ભમાં કરવામાં આવે, ત્યારે એ યાદ રાખવું જોઈએ કે તુર્કસ્તાન એક જાતિનામ છે. તે એક જાતિય વિસ્તાર અને એક માનવ સમુદાયની અભિવ્યક્તિ કરે છે. બંને બાબતોમાં જે ફેરફારો આ સદીઓમાં આવ્યા તે ઘણા જ ઊંડા રહ્યા છે. તુર્કસ્તાનની ભૌતિક અને માનવીય – બંને સીમાઓ વારંવાર પરિવર્તિત થઈ છે, સંકોચાઈ છે, ફેલાઈ છે. આવું કદાચ આપણા પોતાના સમય સુધી થતું રહ્યું છે જ્યારે આધુનિક રાજ્યોએ અપેક્ષાકૃત સ્થિર સીમાડાઓ અને આબાદી હાંસલ કરી છે. આધુનિક રાજકીય સીમાડાઓના અર્થમાં જોઈએ તો તેમાં તજકિસ્તાન ઉજ્બેકિસ્તાન, તુર્કમેનિસ્તાન, કિર્ઘીજિયા અને ચીની-તુર્કિસ્તાનનો સમાવેશ થાય છે.

### 13.2.1 મધ્ય એશિયા : વિસ્તૃત વિવરણ (Central Asia : A more detailed view)

મધ્ય એશિયાની ખાસ કુદરતી વિશેષતાઓ પર આપણે જ્યારે ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ ત્યારે અત્યંત જટિલતાવાળો એક વિસ્તાર આપણી સામે આવે છે. તે પહાડો, રણો, રણદ્વીપો, ઘાસનાં મેદાનો અને નદી ઘાટીઓનું એક અસાધારણ પચરંગી સ્વરૂપ ખડું કરે છે. પહાડી તળેટીઓ અને ઘાટીઓમાં રણદ્વીપો અર્થાત્ રણવિસ્તારોથી ઘેરાયેલી ફળદ્રુપ વનસ્પતિ આચ્છાદિત ટેકરીઓ જોવા મળે છે, જ્યારે રણવિસ્તારોની પેલે પાર જોવા મળે છે ઘાસનાં મેદાનો–શુષ્ક અને અનિયમિત વનસ્પતિના અસીમ વિસ્તારો. ઉત્તર અને પૂર્વ તરફ ઘાસનાં મેદાનો વિશાળ સાઇબેરિયન રણવિસ્તારમાં લુપ્ત થઈ જાય છે. આપણે આગળ જોઈશું તેમ ઘાસનાં મેદાનો મધ્ય એશિયાના અને નિ:સંદેહ દુનિયાના ઇતિહાસનો પણ માર્ગ–વહેણ નિર્ધારિત કરવામાં નિર્ણાયાત્મક બની રહેલ. કેમ કે ઓછામાં ઓછાં કેટલાંક હજાર વર્ષ સુધી ઘાસનાં મેદાની વિસ્તારોનું પર્યાવરણ માત્ર એક તરફની જિંદગીને સહારો આપી શક્યું–ભટકતી જિંદગીને, સ્થિર નિવાસી જિંદગીને નહિ.

આથી વિરુદ્ધ રણદ્વીપોએ સ્થાયી જીવનને પ્રોત્સાહન આપ્યું. મધ્ય એશિયામાં સભ્ય સમુદાયોનો ઇતિહાસ ઓછામાં ઓછાં કેટલાંક હજાર વર્ષ જૂનો છે. શાંતિનો ગાળો, જે સીમાઓ પરની જંગાલિયત ભરી પ્રવૃત્તિઓને લીધે સતત ખંડિત રહેતો, તે સિંચાઈ કાર્યો અને ખેતીના વિસ્તાર તરફ દોરી ગયો. વ્યાપાર અને કલાકારીગરીના વિકાસની સાથે નાનાં નાનાં ગામડાંઓ અસ્તિત્વમાં આવ્યાં. સાથોસાથ તેણે એવી સ્થિતિનું નિર્માણ કર્યું, જેનાથી હર્યાં-ભર્યાં શહેરો અને રાજ્યોને વિકસવામાં મદદ મળી. આ રીતે રણદ્વીપો, રણવિસ્તારો અને ઘાસનાં મેદાનોની પ્રધાનતા હકીકતમાં પૂરક હતાં. આ કારણે મધ્ય એશિયા ભારત, ચીન, મેસોપોટેમિયા અને યુરોપની દૂર દૂર ફેલાયેલી સંસ્કૃતિઓને જોડનાર એક વ્યાપારિક માર્ગના કેન્દ્રબિંદુના રૂપમાં ઊપસી આવ્યું. આ અંગે આગળ ઉપર આપણે વધુ અભ્યાસ કરીશું.


CENTRAL ASIA
10th-11th C
Aral Sea
QIZILQUM DESERT
FARGHANA
KHWARIZM
TRANSOXIANA
Syr Darya
Capsian Sea
QARA QUM
DESERT
Bhukhara
Samarqand
SOGHDIA
Zarafshan
Oxus
Atrek
Merv
Dandanqan
BADAKHSHAN
TABARISTAN
KHURASAN
Damghan
Nishapur
QUMIS
Herat
Kabul
GHUR
AFGHANISTAN
Ghazna
Gardiz
Indus
DASHT-I
LUT
SISTAN
Zarang

### 13.2.2 મધ્ય એશિયા : નાના પ્રદેશોની જમાવટ (Central Asia : An Ensemble of Micro Regions)

એક બીજી રીતે પણ મધ્ય એશિયાને સ્પષ્ટપણે નાના-નાના પ્રદેશોનો બનેલો જોઈ શકાય. અર્થાત્ એવા પ્રાદેશિક એકમો જેની ઓળખ ભૂગોળ અને ઇતિહાસના એક વિચિત્ર મિશ્રણની દેણગી છે. ખ્વારિઝમ, ખુરાસાન, ટ્રાન્સ ઓકિસયાના, સોગદિયાના, સેમીરેચેયા, ફરઘાના - આ કેટલાંક નામો છે જે તમને આ પ્રાદેશિક વિસ્તારના કોઈ પણ ઐતિહાસિક વિવરણમાં વારંવાર વાંચવા મળશે જેમાંથી મોટા ભાગના સાથેના નકશા પર અંકિત થયેલા છે.

ટ્રાન્સ ઓકિસયાના પ્રદેશ ઓકસસ અને જૈકસાર્ટસ નદીઓ દ્વારા બનેલો પ્રદેશ છે. મધ્ય એશિયાની આ બે સૌથી મહત્ત્વની નદીઓ અરાલ સાગરને આવીને મળે છે. 8મી સદીમાં ટ્રાન્સ-ઓકિસયાનાને જીતનાર આરબોએ તેને 'મવારઉન નહર' (જે નદીને પેલે પાર છે) એવું નામ આપ્યું હતું. ઓકસસ-જૈકસાર્ટસ ખાડીની વચ્ચે થઈને જરફશાન નદી વહે છે, જેના પ્રાચીન નામ 'સોરુદ' પરથી તે પ્રદેશ 'સોગ્દિયાના' તરીકે ઓળખાયો. મધ્ય એશિયાના બે અતિ પ્રખ્યાત શહેરો (1) સમરકંદ અને (2) બુખારા આ વિસ્તારમાં જ આવેલા છે.

અરાલ સાગરની દક્ષિણમાં ઉપજાઉ ડેલ્ટાની આજુબાજુ ખ્વારિઝમ(આધુનિક ખિવ)ના નામે ઓળખાતો પ્રદેશ છે. અહીં ઈ.પૂ. સાતમી કે છઠ્ઠી સદીમાં જ એક વિશાળ કેન્દ્રીય રાજ્ય અસ્તિત્વમાં આવ્યું, જે કેટલીક સદીઓ સુધી ટકી રહ્યું. ઈ.સ.ની પહેલી સદીના અંત ભાગમાં ખ્વારિઝમ એ વિશાળ કુશાણ સામ્રાજ્યનો ભાગ બની ગયું, જેણે હિંદુકુશ પર અધિકાર કરી લીધો હતો અને સમગ્ર ઉત્તર ભારતને પોતાનામાં સમાવી લીધું હતું. પરિણામે ભારત અને મધ્ય એશિયા વચ્ચે સાંસ્કૃતિક સંપર્કો ઘનિષ્ટ બન્યા.

ટ્રાન્સ-ઓકિસયાનાની પશ્ચિમ બાજુએ ખુરાસાનનો પ્રદેશ શરૂ થાય છે. આ એક બંધિયાર પ્રદેશ છે, જેનો સમુદ્ર સાથે કોઈ સંપર્ક નથી. તેની નદીઓ તળાવો અને કાદવ-કીચડવાળી નાળીઓમાં જઈને સમાપ્ત થઈ જાય છે. પરંતુ તેના રણદ્વીપોની આસપાસ ખૂબ જ સારા ચરિયાણ સ્થળો વિપુલ માત્રામાં મળે છે. આ ચરિયાણ સ્થળોએ વારંવાર ભટકતી ટોળીઓને આકર્ષિત કરી છે કે તે યુરેશિયાના ઘાસનાં મેદાનોમાંથી મધ્ય એશિયામાં આવીને નીકળનાર ઢોળાવયુક્ત પર્વતોની પેલે પારથી ઘાટીઓમાં ઊતરી આવે. લોકોના આ પ્રકારના આવાગમનને કારણે ખુરાસાન અનિવાર્યપણે એક યુદ્ધભૂમિ બની ગયું. આરબોએ તેનો ઉપયોગ મધ્ય એશિયાને જીતવા માટેના એક અડ્ડા તરીકે કર્યો.

જૈકસાર્ટસની પૂર્વમાં, તેના મધ્ય ભાગને, અડીને ફરઘના ઘાટી આવેલી છે, જે ભારતના પ્રથમ મુઘલ શાસક બાબરનું વંશીય ઘર છે. ઈ.સ. પૂ. 102માં જ ચીનાઓએ ફરઘના પર અધિકાર મેળવી લીધો હતો. આ પછી મધ્ય એશિયા ઉપર ચીની પ્રભાવ કાયમી ધોરણે બની રહ્યો.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. મધ્ય એશિયાની મુખ્ય ભૌગોલિક વિશેષતાઓ વર્ણવો.

.......................................................................................................................
.......................................................................................................................
.......................................................................................................................
.......................................................................................................................
.......................................................................................................................
.......................................................................................................................
.......................................................................................................................

2. મધ્ય એશિયાના કેટલાક નાના પ્રદેશોનાં નામ અને ભૌગોલિક વિસ્તાર દર્શાવો.

.......................................................................................................................
.......................................................................................................................
.......................................................................................................................
.......................................................................................................................

3. તુર્કસ્તાન પ્રદેશ અંગે પાંચ વાક્યો લખો.

.......................................................................................................................
.......................................................................................................................
.......................................................................................................................
.......................................................................................................................
.......................................................................................................................

## 13.3 ભટકતા પશુપાલકો (Pastoral Nomads)

તુર્ક અને મંગોલ તે ઘાસનાં મેદાનો અને રણવિસ્તારની પેદાશ હતા. જે મધ્ય એશિયાને, ટ્રાન્સ ઓકિસયાનાના ઉત્તર અને પૂર્વના એક વિશાળ ક્ષેત્રમાં ઘેરાયેલા છે. સ્પષ્ટ રીતે કહેવું

હોય તો, તેઓ એ ભટકતા લોકોના વંશજ હતા જે બૈકલ તળાવના દક્ષિણમાં અલતાઈ પહાડોના ક્ષેત્રમાં ઘૂમતા-ભટકતા હતા. આ વિસ્તાર હવે બાહ્ય મંગોલિયાનો હિસ્સો છે. તેની એક પુરાણી હરતી-ફરતી સભ્યતા હતી જેનો આધાર આદિવાસી સંગઠનો અને ઢોરનાં ટોળાં, ઘેટાં તથા ઘોડાની માલિકી પર હતો. આ ઉપરાંત આ આદિવાસીઓ પાસે ઊંટ, ખચ્ચર અને ગધેડાંઓ પણ હતાં. આ જાનવરો જ ભટકતા પશુપાલકોની ભોજન, કપડાં અને રહેવા જેવી પાયાની આવશ્યકતાઓની પૂર્તિનાં સાધનો હતાં. દૂધ અને માંસમાંથી તેઓને પોષણ મળતું હતું જ્યારે જાનવરોનાં ચામડાંનો ઉપયોગ કપડાં અને રહેવા માટેના તંબુઓમાં કરવામાં આવતો હતો.

ભટકતા પશુપાલકોનો આધાર ચરિયાણ ભૂમિની ઉપલબ્ધિ હતો. આવી ચરિયાણ જમીનની શોધમાં આ ભટકતા પશુપાલકો પોતાનાં ઢોર અને જાનવરોની સાથે સતત એક જગ્યાએથી બીજી જગ્યાએ ભટકતા રહેતા. આ લોકોને ખેતી અને સ્થાયી નિવાસ સાથે કોઈ સંબંધ ન હતો. આથી જમીન સાથેનો તેમનો સંબંધ નહિવત્ જ હતો. આ સંબંધ પોતાના જાનવરોને ચારો મળી રહે તેટલા પૂરતો મર્યાદિત હતો. જ્યારે આ રઝળતા-ભટકતા પશુપાલકો ક્યાંક મુકામ કરતા ત્યારે દરેકને તંબુ કે ગૃહસ્થીને પોતાના ઉપયોગ માટે જમીનનો એક ટુકડો આપવામાં આવતો. જ્યારે એક પ્રદેશનો (ચરિયાણ જગ્યાનો) પૂરેપૂરો ઉપયોગ કરી લેવામાં આવતો ત્યારે આ આદિવાસીઓ નવા ચરિયાણ પ્રદેશોની શોધમાં નીકળી પડતા.

આ રીતે સતત રહતા-ફરતા રહેવું એ આ ભટકતી જાતિનું મુખ્ય લક્ષણ હતું, જ્યારે ઘોડા એ તેઓની અસાધારણ અથવા તો સૌથી મહત્ત્વપૂર્ણ સંપત્તિ હતી. ભટકતા પશુપાલકોને એક વિવરણમાં 'જેનો દેશ તેના ઘોડાની પીઠ પર છે' એવી જાતિ તરીકે વર્ણવવામાં આવ્યા છે. આથી જ મંગોલોમાં ઘોડા ચોરવા જેવો મોટો અન્ય કોઈ ગુનો માનવામાં આવતો નહીં. આ ગુના માટેની સજા મોત હતી. ઘોડેસવારી અને ધનુર્વિદ્યામાં કુશળતાને કારણે આ ભટકતી જાતિ એક જબરજસ્ત તાકાત સમાન હતી. મંગોલ આ કળામાં તેરમી સદીમાં નિપુણ બની ગયા હતા. ઝડપી ઘોડેસવારી સાથે તેઓ આગળ-પાછળ, ડાબે-જમણે દરેક દિશામાં ધાર્યાં નિશાન લગાડીને બાણોનો વરસાદ વરસાવી શકતા. આ કળાને ઓળખવાના અને તેમાં નિપુણતા હાંસલ કરવા માટેના મોકા ઘાસનાં મેદાની વિસ્તારોમાં અવારનવાર મળી રહેતા, જ્યાં પશુપાલકોને લીધે થનાર અથડામણો સામાન્ય ઘટનાઓ હતી, જે ક્યારેક ખૂનખરાબામાં પણ પરિણમતી હતી.

પરંતુ સ્થાયી નિવાસવાળા પ્રદેશોમાં ભટકતી જાતિનાં આક્રમણોની તમામ ઘટનાઓને ઘાસનાં મેદાની વિસ્તારોમાં થનાર અથડામણોનું પરિણામ માત્ર સમજવું તેની જટિલતાને નજરઅંદાજ કરવા જેવું થશે. પ્રમાણમાં ચરિયાણ અર્થવ્યવસ્થાનો અભાવ પણ આ આક્રમણો માટેનું જવાબદાર પરિબળ હતું. ચરિયાણ વિસ્તારમાં ભટકતા પશુપાલકોની મોટા ભાગની જરૂરિયાતો તો પૂરી થઈ જતી હતી, ખાસ કરીને જ્યારે શિકાર અને માછલી પકડવાનું કાર્ય પણ તેઓ સાથોસાથ કરતા હતા. પરંતુ તેમાં એક ગંભીર ખામી હતી. ખેતીની માફક આ કાર્યમાં કોઈ સ્થાયી જથ્થો મળતો નહીં. ચરિયાણ વિસ્તારની ઊપજ જલદી ખતમ થઈ જતી. આથી, ભટકતી જાતિઓનો આગ્રહ એવો હતો કે માત્ર વધારે સારી ચરિયાણ જમીન ઉપર જ નહીં બલકે ખેતી કરનાર સમુદાયોના ઉત્પાદન ઉપર પણ કબજો મેળવવો. ચરિયાણ વ્યવસ્થા પોતાના સ્વભાવના કારણે જ એક 'મિશ્રિત અર્થવ્યવસ્થા' તરફ વળી ગઈ જેને વ્યાપાર, મિત્રતા કે પછી આક્રમણો દ્વારા હાંસલ કરવામાં આવી.

## 13.4 સભ્યતા અને તુર્કી પશુપાલકો : શરૂઆતના સંપર્ક (Civilization and Turkish Nomads : Early Contacts)

પ્રાચીન મત મુજબ સભ્યતા અને જંગાલિયત વચ્ચે સ્પષ્ટ ભાગલા પાડતી લીટી ઓકસસે આંકી હતી. આ મતને દસમી સદીમાં મહમૂદ ગઝનીના દરબારના પ્રખ્યાત કવિ ફિરદૌસીએ પણ અભિવ્યક્ત કર્યો છે. 'શાહનામા'માં તેણે ઈરાન અને તૂરાનના બે વિશ્વની કઠોર વિરોધાત્મકતા આ રીતે રજૂ કરી છે : "બે તત્ત્વો અગ્નિ અને પાણી જે હૃદયના ઊંડાણમાં એકબીજાની વિરુદ્ધ ક્રોધ કરી રહ્યાં છે." ફિરદૌસી માટે, ઈરાન તુર્કોનું, જંગાલિયતનું રાજ્ય હતું. બે અલગ અલગ જીવન-પ્રણાલીઓથી ઊભી થનાર એક સ્વાભાવિક વેરભાવનાએ આ બે જાતીય સમૂહોને અલગ કરી દીધા હતા.

આમેય જો ઓકસસ પ્રદેશો પર બારીકાઈથી જોઈએ તો એ વાત આપણી સામે આવે છે કે દસમી સદીનાં અંતિમ વરસોમાં તુર્કોનાં આક્રમણો થયાં તે પહેલાં આ બંને વિશ્વ એકબીજા સાથે ઘનિષ્ઠ સંપર્કમાં હતાં. આમ તો ઓકસસ ભટકતી જાતિઓના અવારનવારનાં આક્રમણો વિરુદ્ધનો એક ગઢ બની રહ્યો હતો; તોપણ ભટકતી જાતિના લોકોએ આ ગઢને હિંસક અથડામણોના સમયે જ નહીં બલ્કે શાંતિના સમયમાં પણ વારંવાર તોડ્યો હતો. કઠોર અને સ્પષ્ટ થવાનું તો દૂર રહ્યું, દસમી સદી આવતાં આવતાં તો આ સીમા ખૂબ જ ધૂંધળી અથવા તો અસ્પષ્ટ થઈ ગઈ હતી.

### 13.4.1 તિઉકિઉ સામ્રાજ્ય (The Tiukiu Empire)

છઠ્ઠી સદીના મધ્ય ભાગમાં જ્યારે ચીનના સીમાડાઓથી બાઈજેન્ટિયમ સુધી ફેલાયેલી એક ભટકતી જાતિનું સામ્રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારે સભ્ય અને તુર્કોની ભટકતી જાતિઓ વચ્ચે પ્રથમ સંપર્ક થયો. તિઉકિઉ સામ્રાજ્યથી પ્રસિદ્ધ થયેલું આ સામ્રાજ્ય હકીકતમાં તો તોગુજ-ઓગુજ તરીકે ઓળખાતી એક જાતિના 22 જેટલા કબીલાઓનો એક સંઘ હતો. આ સામ્રાજ્ય લગભગ બસો વર્ષ સુધી ટકી રહ્યું. આવનાર ત્રણ સદીઓ દરમિયાન મધ્ય એશિયામાં તિઉકિઉ સામ્રાજ્યનાં વિવિધ રાજ્યોમાં રહેનાર કબીલાઓ અને બીજી નવી આવનાર તુર્કોની ભટકતી જાતિઓ વચ્ચે વારંવાર ભાગલા પડ્યા. ઓગુજનાં ભટકતાં તત્ત્વો બે સદી પૂર્વે જ ઓકસસના ઉપલા પ્રદેશોમાં ઘૂસી ગયા હતા. આઠમી સદીમાં જે ટોળીઓ ઓગુજની પેલે પાર કૂચ કરી ગઈ હતી તે 'મુસલમાન લેખકો'ના પ્રદેશમાં આવી પહોંચી. દશમી સદીનાં અંતિમ વરસોમાં જે 'તુર્ક' અને 'તુર્કમાન' શબ્દો પ્રચલિત બન્યા, તેનો ઉપયોગ શરૂઆતમાં આ જ લેખકોએ ઓગુજ આદિવાસીઓ માટે કર્યો. કદાચ ઓગુજની જાતીય ઓળખાણ ધીરે ધીરે નબળી પડવાને કારણે તેનો ઉપયોગ તુર્કોની સામાન્ય ભટકતી જાતિઓ માટે થવા લાગ્યો. કારણ કે કબીલાઓ કે મોટા સંઘો તૂટીને અલગ થઈ ગયા અથવા તો નવા કબીલાઓ હાર્યા પછી તેમાં ભેળવી દેવામાં આવ્યા.

### 13.4.2 બે પ્રકારના સંપર્ક (Two Forms of Contact)

તુર્કો અને સ્થાયી વસવાટવાળા લોકો વચ્ચેના સંપર્કે બે મુખ્ય રૂપ ધારણ કર્યાં : (1) સૈનિક અથડામણ અને (2) વ્યાપારિક લેવડદેવડ. બંને સ્થિતિઓનું પરિણામ અંદરોઅંદર આત્મસાત્ કરવા અને સાંસ્કૃતિક પ્રત્યાયનના રૂપમાં સામે આવ્યું. પ્રથમ આપણે સૈનિક અથડામણ અંગે ચર્ચા કરીશું.

ઓકસસની દક્ષિણે સ્થાયી વસવાટવાળા પ્રદેશો પર હુમલાઓ કરવા એ ભટકતી ટોળીઓની એક ખાસ પ્રવૃત્તિ હતી. આ હુમલાઓથી બચવા માટે પશ્ચિમ એશિયાનાં રાજ્યોએ એક સક્રિય પ્રતિરક્ષણની નીતિ અપનાવી, જેનું મુખ્ય કેન્દ્ર પૂર્વ તરફથી થનાર આક્રમણોના મુખ્ય અડ્ડા સમાન પ્રદેશ ટ્રાન્સ-ઓકિસયાના હતો. છઠ્ઠી શતાબ્દીમાં ઇરાક અને ઈરાન(Persia) ના સાસાનિદ શાસકો આ અભિયાનના વાહકો હતા. આઠમી સદીમાં આ કાર્ય આરબોએ કર્યું. ટ્રાન્સ-ઓકિસયાનામાં ઘૂસીને અને જૈકસાર્ટસની પૂર્વમાં તુર્ક વસતીના એક મોટા ભાગને ભગાડી મૂક્યા પછી, આરબોએ સીમાડાના પ્રદેશોમાં મજબૂત દીવાલો અને રબાતો(સંરક્ષણના હેતુ માટે ઊભાં કરાયેલાં નાનાંનાનાં પાકાં મકાનો)નું નિર્માણ કર્યું જેના ઉપર લશ્કરનો ચોકી-પહેરો મૂકવામાં આવ્યો. મુસ્લિમ અને તુર્કો એમ બંને તરફની સરહદે ચોકીદારોની વસાહતો ઊભી થઈ. મુસ્લિમો આ ચોકીદારોને 'ગાજી' કહેતા, અર્થાત્, જેનું કાર્ય કાફરોનાં ટોળાંથી ધર્મનું રક્ષણ કરવાનું હતું. બંને જૂથો એક જ પ્રકારની સરહદી જિંદગી જીવવા લાગ્યાં. તેઓએ એકબીજાનાં હથિયારો, યુક્તિઓ અને જીવનશૈલી અપનાવી લીધાં અને સમય જતાં એક સામાન્ય સરહદી સમાજનું સંગઠન કરી લીધું. જે સમાજોનું તે પ્રતિનિધિત્વ કરતા હતા અને જેનું તેઓ રક્ષણ કરી રહ્યા, આ સમાજ તે સમાજોનો સમકક્ષ ઓછો હતો અને આ લોકોનો સમકક્ષ વધુ હતો.

ઈ.સ. આઠમી સદીમાં ટ્રાન્સ-ઓકિસયાના પર આરબોએ આધિપત્ય સ્થાપ્યું ત્યાં સુધીમાં તુર્ક અને ગેરતુર્ક વચ્ચેનું અંતર લગભગ ખતમ થઈ ચૂક્યું હતું. આંતરિક ગરબડોને કારણે ટ્રાન્સ-ઓકિસયાના નેતાઓએ કેટલીયે વાર તુર્કો વેપારીઓને એક સંતુલનકારી તાકાતના રૂપમાં રજૂ કરવા પડ્યા હતા. એક વિવરણમાંથી એવું જાણવા મળે છે કે બુખારા રણદ્વીપમાં સૌથી પ્રથમ વસવાટ કરનાર લોકો તુર્કસ્તાનથી આવ્યા હતા.

બીજા પ્રકારનો સંપર્ક વ્યાપાર અને વાણિજ્યના માધ્યમ દ્વારા સ્થાપિત થયો. એક ભટકતા લોકસમૂહના સામ્રાજ્યના કેન્દ્રે શાહ-સોદાગરોને હંમેશાં આકર્ષ્યા છે, કારણ કે તેમની પાસે સ્થાયી વસવાટ કરતી વસતીઓનાં ઉત્પાદનો માટે એક તૈયાર બજાર ઉપલબ્ધ હતું. તિઉકિઉ સામ્રાજ્યના સંદર્ભમાં આ આકર્ષણ વધુ સ્પષ્ટ હતું, કારણ કે તે આંતરરાષ્ટ્રીય વેપારના મુખ્ય માર્ગ સમાન વિશાળ સિલ્ક માર્ગની પેલે પાર આવેલું હતું. આ ઉત્પાદિત સાધનસામગ્રીમાંથી મોટા ભાગની સાધનસામગ્રી રોજિંદા ઉપયોગની હતી. જેમ કે ચામડું, ખાલ, ચરબી, મીણ અને મધ. પરંતુ આમાં રૂંછડાંવાળી ખાલો (Furs) જેવી મોજશોખની વસ્તુઓનો પણ સમાવેશ થતો હતો. આ ઉપરાંત ઘાસનાં મેદાની વિસ્તારોમાંથી લાવવામાં આવેલા ગુલામોનો પણ નિયમિત વ્યાપાર થતો હતો. આ ઉત્તરના પ્રદેશોમાંથી ખાદ્યસામગ્રી કારવાન માર્ગ પર પડતા ખુરાસાની ગામડાંઓમાં પહોંચતી હતી અને અંતમાં તે પરિવહન વ્યાપારથી પશ્ચિમ એશિયાના ઉપભોક્તાનાં મુખ્ય કેન્દ્રો સમાન ઇરાક અને બગદાદમાં આવતી હતી.

દસમી સદીનાં વિવરણોમાં તુર્કોનાં કેટલાંક સ્થાયી રહેઠાણો સ્તર દરિયાના નીચલા પ્રદેશોમાં

હોવાના ઉલ્લેખો મળે છે. તેના રહેવાસીઓ વિશુદ્ધ રૂપે ભટકતો લોકસમૂહ ન હતો, પરંતુ માલ-ઢોર પાળનાર, માછીમાર અને ખેતીવાડી કરનાર પણ હતાં. આમાંથી મોટા ભાગના તુર્ક તે ઓગુજ સમૂહમાંથી છૂટા પડ્યા હતા, જેના નેતૃત્વમાં તુર્ક મધ્ય અને પશ્ચિમ એશિયાના શાસકો બની બહાર આવ્યા હતા.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. મધ્ય એશિયાના ભટકતા પશુપાલકોના જીવનની મુખ્ય ખાસિયતો ટૂંકમાં વર્ણવો.

   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................

2. તિઉકિઉ સામ્રાજ્ય વિશે પાંચ લીટીઓ લખો.

   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................

3. તુર્કો અને કાયમી રહેવાસીઓ વચ્ચે મુખ્ય કઈ કઈ ચીજવસ્તુઓનો વ્યાપાર થતો હતો ? તેઓએ કયા વ્યાપારમાર્ગનો ઉપયોગ કર્યો ?

   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................
   ..........................................................................................................

## 13.5 તુર્ક આક્રમણો (Turkish Irruptions)

તુર્ક લોકો મધ્ય એશિયાના સુસંસ્કૃત ભાગોમાં જાણીતા, સ્થાયી રહેવાસીઓ કે વ્યાપારિક ક્ષેત્રમાં જ સક્રિય ન હતા પરંતુ કેટલાક પ્રસંગોએ તો તેઓ પ્રવર્તમાન સૈનિક-વહીવટમાં પણ ખૂબ જ મહત્ત્વના અને પ્રભાવક હોદ્દાઓ ઉપર રહી ચૂક્યા હતા. ઇસ્લામ પૂર્વેના ટ્રાન્સ-ઓકિસયાના વર્ચસ્વવાળા સામાજિક વર્ગો, નાના જમીનદારો અને શાહ-સોદાગરોએ તુર્ક વ્યાપારીઓનો વધુમાં વધુ ઉપયોગ પોતાની પૈતૃક સાધનસંપત્તિનું રક્ષણ કરવા અને તેમાં વધારો કરવા માટે, એક દબાણ લાવનારા માધ્યમના રૂપમાં કર્યો હતો.

આઠમી સદીના પ્રારંભે ટ્રાન્સ-ઓકિસયાને કબજે કરનાર આરબોએ તુર્કોને જૈકસાર્ટસની પેલે પાર હાંકી કાઢ્યા અને મવારઉન નહેરને જંગલી ધાડાંઓના હુમલા વિરુદ્ધ એક ઢાલ તરીકે ઉપયોગમાં લીધી. પરંતુ અંતમાં, તુર્કોને સૈનિક તરીકે નિયુક્ત કરવાના વિચારથી આરબો પણ પ્રભાવિત થયા વગર રહી શક્યા નહીં. કઠોર ઘાસના મેદાની વિસ્તારોએ તુર્કોને સ્વાભાવિક યોદ્ધા બનાવ્યા હતા. તાલીમ અને શિસ્ત દ્વારા તેઓને પ્રથમ કક્ષાના સૈનિકો બનાવી શકાય તેમ હતા. આ સિવાય, તેઓને અન્ય કોઈ ઉપયોગી કે જરૂરિયાતની વસ્તુ માફક ખરીદી પણ શકાતા હતા. ટ્રાન્સ-ઓકિસયાના અને તેની આજુબાજુનાં બજારો મધ્ય એશિયાના ઘાસના મેદાની વિસ્તારો અને મવારઉન નહેરની ઉત્તરે આવેલાં મેદાનોમાંથી પકડી લાવવામાં આવેલા ગુલામોથી ભરપૂર રહેતા.

ઉમ્માયદ વંશ (661-750 A.D.) તળે લશ્કરી ભરતી લગભગ આરબો પૂરતી જ મર્યાદિત રહેતી. ઈ.સ. 750માં ઉમ્માયદના સ્થાને અબ્બાસીદ વંશની સ્થાપના થતાં લશ્કરમાં આરબોનો એકાધિકાર જતો રહ્યો, જે ખાસ કરીને ખલીફા હારુન-અલ-રશીદના અવસાન (809 A.D.) પછીના દાયકામાં બન્યું. આ છેલ્લા મહાન ખલીફાના દીકરાઓ અને ઉત્તરાધિકારીઓ વચ્ચે થયેલાં ગૃહયુદ્ધોએ અબ્બાસીદ સામ્રાજ્યના પાયા હચમચાવી નાખ્યા. આ પરિસ્થિતિમાં સામ્રાજ્યના આંતરિક મામલાઓથી અલિપ્ત રહેલા વિદેશી મૂળના વ્યાપારીઓની ભરતી કરવી એ એકમાત્ર ઉપાય હતો.

ખલીફા મુતાસ્લિમ (833-842 A.D.) પોતાની આસપાસ તુર્ક ગુલામોનું મોટું લશ્કર રાખનાર અને તેને પોતાના લશ્કરનો મુખ્ય આધાર બનાવનાર પ્રથમ શાસક હતો. આ લશ્કરને એક સ્પષ્ટ ઓળખ આપવા માટે તુર્કી સેનાને સ્વદેશી લોકોથી દૂર રાખવામાં આવતી હતી અને તેઓને માત્ર પોતાના જ મૂળની સ્ત્રીઓ સાથે લગ્નસંબંધો બાંધવાની છૂટ હતી. રાજમહેલોના ઝઘડાઓમાં કે કોઈ રાજકીય અથવા ધાર્મિક ક્ષેત્રના આંતરિક ઝઘડાઓમાં ભાગ લીધા વગર આ સેનાને ખલીફા અને રાજ્યનું રક્ષણ કરવાનું હતું. પરંતુ થયું આ કરતાં તદ્દન ઊલટું. રાજ્યના સંચાલનમાં આ વર્ગનો હસ્તક્ષેપ એટલી હદે વધી ગયો કે તે રાજ્યને વિનાશ તરફ લઈ ગયો. કારણ કે રાજ્યનું રક્ષણ કરનારા અધિકારીઓ વિભિન્ન દાવેદારોનું સમર્થન કરનાર હરીફ વંશોમાં વહેંચાઈ ગયા. આમ કરવામાં તે રાજમહેલમાં બળવો કરવા સુધી પહોંચી જતા અથવા તો કોઈ હિચકિચાટ અનુભવતા નહીં.

અબ્બાસિદ ખલીફાઓની તાકાત નબળી પડવાની સાથે ઇસ્લામી જગત ઉપર તેનું નિયંત્રણ માત્ર ફરમાનો જારી કરવા પૂરતું મર્યાદિત અને નામ માત્રનું રહી ગયું. પરિણામે દશમી સદીમાં અનેક નાનાંમોટાં રાજ્યો ઊભાં થયાં. દા.ત. જાહિરીદ, સફવિદ, બુવાઈહીદ, કરા-ખાનીદ અને સમાનીદ.

સમાનીદ ગવર્નર અને તુર્કી મૂળના ગુલામ અલપ્તગીને ગઝનીમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. ગઝની રાજ્ય મહમૂદ ગઝની(998-030 A.D.)ના સમયમાં પ્રખ્યાત થયું. તેના શાસન તળે ઈરાની પ્રભાવ તેની ચરમસીમાએ પહોંચ્યો. મહમૂદ પોતાની જાતને ઈરાનના કાલ્પનિક નાયક અફરાસિયાબનો વંશજ હોવાનો દાવો કરતો હતો. આ પ્રક્રિયાએ તુર્કોનું સંપૂર્ણ રીતે ઇસ્લામીકરણ અને ઈરાનીકરણ કરી દીધું. મહમૂદ ગઝનીએ ભારત પર અવારનવાર આક્રમણો કર્યાં જેના પરિણામે, પંજાબ ગઝની સામ્રાજ્યનો એક ભાગ બની ગયું.

મહમૂદના અવસાન પછી શક્તિશાળી સૈલજુકનો ઉદય થયો. તેઓએ ત્વરિત ગતિએ ઈરાન, સીરિયા અને ટ્રાન્સ-ઓકિસાયાના પર અધિકાર સ્થાપિત કરી દીધો. આ ઘટનાએ ગઝની સત્તાને ઊંડો આઘાત પહોંચાડ્યો. હવે આ સત્તા ગઝની અને પંજાબના પ્રાદેશિક વિસ્તારો પૂરતી મર્યાદિત બની રહી.

બારમી સદીમાં સૈલજુકોની સત્તાને તુર્કી કબીલાના એક જૂથે ખતમ કરી દીધી. સૈલજુકોની સત્તા નષ્ટ થતાં જે શૂન્યાવકાશ સર્જાયો તેણે ખ્વારિઝમ અને ઉત્તર-પશ્ચિમ અફઘાનિસ્તાનમાં ઘોરી સત્તાના ઉદય માટેનો માર્ગ મોકળો કર્યો. ઘોરી ગઝનીના સામંતો હતા. બીજી બાજુ ખ્વારિઝમના શાસકોનો પ્રારંભ શાનદાર રહ્યો. તેઓએ ગઝની અને લગભગ સમગ્ર મધ્ય એશિયા તથા ઈરાનને પોતાના અધિકારક્ષેત્રમાં લઈ લીધા. આ પરિસ્થિતિઓમાં ઘોરીઓ માટે ખ્વારિઝમ સત્તાની કિંમત પર પ્રાદેશિક વિસ્તાર કરવાની શક્યતા ન હતી. ભારત જ એક સંભવિત દિશા બાકી રહેતી હતી. પ્રાદેશિક વિસ્તારની આ પ્રક્રિયાનો પ્રારંભ બારમી સદીના અંતિમ વરસોમાં થયો.

## 13.6 મંગોલ (The Mongols)

તેરમી સદીના પ્રારંભિક દાયકાઓમાં એશિયા અને યુરોપે પૂર્વ તરફથી આવનાર ભટકતી જાતિઓના વિજેતાઓનું એક નવું મોજું નિહાળ્યું. ઇતિહાસે નોંધેલા પૂર્વેના તમામ આક્રમણોની તુલનાએ આ આક્રમણ એક જબરજસ્ત વાવાઝોડા સમાન અને વિનાશક હતું. આ નવા આક્રમણખોર મંગોલ હતા, જેઓ તેમના મહાન સામ્રાજ્ય માટે સૌથી વધારે જાણીતા થયા, જેનું સંગઠન ચંગીઝખાનના નેતૃત્વ તળે થયું હતું. તેરમી સદીનો અંત આવતાં આવતાં તો મંગોલ સામ્રાજ્ય દુનિયાના જાણીતા એવા કેટલાય પ્રાદેશિક વિસ્તારો - ચીન, મંચુરિયા, કોરિયા, ઉત્તર વિયેટનામ, તિબેટ, તુર્કસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાન, મેસોપોટેમિયા, દક્ષિણ રશિયા અને સાઈબેરિયામાં ફેલાઈ ચૂક્યું હતું.

વિશ્વ ઉપર રાજ્ય કરતાં પૂર્વે, મંગોલ પ્રજા ચીનના ઉત્તર અને બૈકલ ઝીલના પૂર્વના ઘાસના મેદાની વિસ્તારોમાં વસવાટ કરતી હતી. તેની પૂર્વ દિશામાં તેના જેવી જ એક તાતાર કોમ વસવાટ કરતી હતી, જે કદાચ મંગોલી-તુર્ક હતા, જેણે તારતારસ (નરક માટેનો ગ્રીક શબ્દ) સાથે જોડતાં યુરોપિયન સાહિત્યમાં મંગોલોને 'તાતાર'નું નામ આપી દીધું હતું. મંગોલોની પશ્ચિમે કૈરાઈટ અને નૈમન્સ લોકો રહેતા હતા, એ પણ તુર્ક મૂળના અને તુર્ક બોલીના લોકો હતા. આ તમામ લોકો વિકાસના વિવિધ તબક્કાઓમાં હતા, જે વધતા-ઓછા પ્રમાણમાં પશુપાલન, માછીમાર અને શિકારી તરીકેના જીવન-વ્યવસાય તરીકે સંકળાયેલા હતા.

મંગોલ પ્રજાનો એક સત્તાના રૂપમાં ઉદય એ ઘાસના મેદાની વિસ્તારના જૂના ઇતિહાસ સાથે બંધ બેસે છે. ભટકતી જાતિઓના વિવિધ સમૂહો વચ્ચે એક લાંબા સમય સુધી ચાલતી અથડામણોથી એક યોગ્યતાવાળો નેતા સામે આવતો, જે લડતાં જૂથો વચ્ચેના મતભેદોને દફનાવી, તેઓને એક શક્તિશાળી સત્તાના રૂપમાં સાંકળી દેતો. નાનાં અને વિભાજિત એવાં ભટકતી જાતિઓનાં વિવિધ જૂથોને પોતાની ઇચ્છાથી અથવા તો બળજબરીથી સંગઠનમાં ભેળવી દેવામાં આવતાં.

આ પછીના તબક્કામાં આ ભટકતા સમૂહ આક્રમક બનીને પોતાના આસપાસના સ્થાયી વસવાટોવાળા સમાજ પર તૂટી પડતો.

### 13.6.1 ચંગીઝખાન અને ઘાસના મેદાની વિસ્તારનું કુલીન તંત્ર (Chengiz-khan and The Steppe Aristocracy)

ચંગીઝખાને મંગોલ લોકોને એક ગજબની તાકાત બનાવી દીધા. ચંગીઝખાનનો જન્મ બારમી સદીના સાતમા દાયકામાં એક શક્તિશાળી મંગોલ સરદારને ત્યાં થયો હતો. તેનું શરૂઆતનું નામ તેમુચિન હતું. ઘાસના મેદાની વિસ્તારોમાં ત્રણ દાયકાનો કઠોર સંઘર્ષ કર્યા પછી ચંગીઝખાન મંગોલોના એક શ્રેષ્ઠ નેતા તરીકે ઊપસી આવ્યો. આ દરમિયાન એક શૂરવીર યોદ્ધા અને ઠરેલ મુત્સદી તરીકે તેણે પોતાની જાતને પ્રસ્થાપિત કરી. ચંગીઝખાન દુશ્મનોમાં ફાટફૂટ પડાવવામાં તેમ જ તેમને પોતાની જાળમાં ફસાવવામાં નિપુણ બની ગયો.


ચંગીઝખાનની સેના અને તેની શાહી સરકારનું કેન્દ્રબિંદુ કાળજીપૂર્વક પસંદ કરવામાં આવેલ ગાર્ડોની એક ટુકડી હતું. મંગોલ સેનાની ટુકડીઓને પણ આ ગાર્ડ ટુકડીના સેનાપતિઓના હાથ નીચે જ રાખવામાં આવતી હતી. ચંગીઝખાનના સમયમાં સૈન્ય સંગઠન તેની ચરમ સીમાએ પહોંચ્યું હતું. એક સારી સ્થાપિત વિચરતી પરંપરાનો ઉપયોગ કરીને તેણે તમામ પુખ્તવયના પુરુષોને 'મિનઘાન'(દસ હજારની ટુકડીઓ)માં દાખલ કરી દીધા. આ 'મિનઘાન'ને પુન: દસ-દસ અને સો-સોની નાની-નાની ટુકડીઓમાં વહેંચવામાં આવી હતી. દસ 'મિનઘાન'નું એક 'તુમાન' બનતું ! તેને મોટાં આક્રમણોમાં જોતરવામાં આવતું. આ પ્રત્યેક ટુકડી એક સેનાપતિની અધીનતામાં રહેતી, જેની યોગ્યતા ખુદ ચંગીઝખાન તપાસતો હતો. સેનાપતિનો અધિકાર સૈનિકો અને તેના પરિવારો પર રહેતો. આમ, વહીવટી નિયંત્રણ અને સૈન્ય સંગઠન એક જ તંત્રનાં અંગ સમાન હતાં.

### 13.6.2 વિજયો અને વિસ્તાર (Conquests and Expansion)

ચંગીઝખાનનો પહેલો લશ્કરી પ્રયાસ પૂર્વના ઘાસના મેદાની વિસ્તારોના પશુપાલકોનાં કુટુંબોને પોતાના આધિપત્ય તળે લાવવાનો હતો. હવે તેમુચિનનું શાસન મંગોલ, તુર્કી અને મંચુરિયન કુટુંબોના એક વિશાળ સંઘ પર પ્રવર્તતું હતું. તેમુચિન ઉર્ફે ચંગીઝખાન તેના તમામ 'કિબિતકી'-(તંબુઓ)નો વડો હતો અને પરિવાર પાસે જિતાયેલા પશુઓનો માલિકી હક પૈતૃક રૂપે હતો. ઈ.સ. 1206માં ભટકતા સમૂહોના સરદારોની એક બેઠક 'કરુણતાઈ'માં તેમુચિનને 'સમગ્ર મંગોલિયાના કગાન' તરીકે જાહેર કરવામાં આવ્યો અને તેને ચંગીઝખાનની ઉપાધિ એનાયત કરવામાં આવી.

આંતરિક રીતે મજબૂત થયા બાદ, મંગોલ લોકો મંગોલિયાની બહારના પ્રદેશોમાં નીકળી પડ્યા. ઈ.સ. 1211માં શરૂ થનારાં વાર્ષિક અભિયાનોની એક શ્રેણીના અંતમાં તેઓએ ચીનની મોટી દીવાલ પાર કરી અને પેકિંગ પર કબજો જમાવી દીધો. આ પછી તરત જ તેનું ધ્યાન ખ્વારિઝમના શાહનાં રાજ્યો, ટ્રાન્સ-ઓકિસયાના અને ખુરાસાન તરફ કેન્દ્રીત થયું. ખ્વારિઝમ સામ્રાજ્યની સુરક્ષા વ્યવસ્થા મંગોલો દ્વારા થયેલાં આક્રમણો સામે છિન્નભિન્ન થઈ ગઈ. મંગોલોએ દીવાલો અને સુરક્ષા માટેનાં ફાટકોને તોડનાર મશીનો (Battering rams), આગ ઓકતાં મશીનો (Flame emitting Machines), પથ્થર ફેંકતાં મશીનો કે ગોફણ (Manjaniq) વગેરેનો મોટા પાયા પર ઉપયોગ કર્યો. ઈ.સ. 1220માં ભયંકર માનવસંહાર વચ્ચે બુખારા અને સમરકંદનું પતન થયું. બુખારાની સ્થિતિનું વર્ણન કરતાં એક નજરે જોનારે કહ્યું : તેઓ આવ્યા, તેઓએ બરબાદી કરી, તેઓએ આગ લગાડી, તેઓએ કત્લેઆમ કરી, તેઓએ લૂંટફાટ કરી, તેઓ ચાલ્યા ગયા. ઈ.સ. 1219-22ના ત્રણ વર્ષના ગાળામાં જ ટ્રાન્સ-ઓકિસયાના અને ખુરાસાનને ચંગીઝખાને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધા. ઈ.સ. 1227માં મંગોલિયા પાછા ફરતાં ચંગીઝખાનનું અવસાન થયું. આ સમય સુધીમાં સંપૂર્ણ ઉત્તર ચીન તેના સામ્રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યું હતું. તેના અવસાન પછી તેના પુત્રો વચ્ચે સામ્રાજ્યની વહેંચણી થતાં સામ્રાજ્યના ભાગલા પડ્યા. તેના ત્રીજા પુત્ર ઓગેદૈનને ઈ.સ. 1229માં 'મહાનખાન' તરીકે જાહેર કરવામાં આવ્યો. આ સમય સુધીમાં અપરાજિત એવા યુરેશિયાઈ ઘાસના મેદાની વિસ્તારો જોમીના ભાગમાં ગયા. બીજા પુત્ર ચગતાઈને તુર્કસ્તાન મળ્યું અને તેના સૌથી નાના પુત્ર તોલુઈને પોતાનું માદરે વતન મંગોલિયા મળ્યું.

ચંગીઝખાનના એક ઉત્તરાધિકારી હલાગુએ ઈ.સ. 1258માં બગદાદ પર આક્રમણ કર્યું. આ શહેર અબ્બાસિદોની રાજધાની હતું, જે લોહી અને અગનજ્વાળાઓમાં તારાજ થઈ ગયું, જેમાં આશરે 8,00,000 લોકોની કત્લેઆમ થઈ. અબ્બાસિદ ખલીફાનો અંત પણ હિંસક બની રહ્યો. અંતમાં મંગોલ વિજયને પરિણામે ચાર મહાન સામ્રાજ્યો જન્મ્યા. સોનેરી ટોળીએ વૉલ્ગાના ઘાસના મેદાની વિસ્તારો અને દક્ષિણ રશિયા પર રાજ્ય કર્યું. ઈલખાનોનો અફઘાનિસ્તાન અને ઈરાન પર કબજો રહ્યો. ચગતાઈ સામ્રાજ્યમાં મોટે ભાગે મધ્ય એશિયાનો વિસ્તાર રહ્યો અને કુબલાઈખાનનું સામ્રાજ્ય, જેણે ચીન અને પડોશી પ્રદેશો પર રાજ્ય કર્યું. આ સામ્રાજ્યો પંદરમી સદી સુધી ટકી રહ્યાં.



1. ગોફણ (Manjaniq)

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. તુર્કો આરબ ખિલાફતના મામલામાં કેવી રીતે સામેલ થયા ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

2. એક શક્તિશાળી શાસકના રૂપમાં ચંગીઝખાનનો ઉદય કેવી રીતે થયો ?

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

3. મંગોલિયા બહાર ચંગીઝખાને મેળવેલા વિજયોનું ટૂંકમાં વર્ણન કરો.

..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

## 13.7 સારાંશ

આ એકમમાં તમે દસમીથી તેરમી સદી દરમિયાનના મધ્ય એશિયાના ઇતિહાસના સામાન્ય બનાવોની જાણકારી મેળવી. હવે તમારી સમક્ષ મધ્ય એશિયાની ભૌગોલિક વિશેષતાઓની ટૂંકી જાણકારી પણ છે. તમે ભટકતા પશુપાલકોની જાતિના સ્વરૂપ અંગે પણ થોડી જાણકારી મેળવી. કેટલાક સમયમાં, મુખ્યત્વે ભટકતા આદિવાસી તુર્કોએ શક્તિશાળી રાજ્યોની સ્થાપના કરી. આપણે ચંગીઝખાનના નેતૃત્વમાં મંગોલ તાકાતને સુદૃઢ બનતી અને મધ્ય એશિયામાં મંગોલોના વિસ્તારની પણ ચર્ચા કરી આગલા એકમમાં અમે તુર્કો દ્વારા ભારત તરફ વિસ્તાર અને તેઓ દ્વારા દિલ્હી સલ્તનતની સ્થાપનાનું વિવરણ આપીશું.

## 13.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. વિભાગ 13.1.1 જુઓ
2. વિભાગ 13.1.2 જુઓ
3. વિભાગ 13.1 જુઓ

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. વિભાગ 13.2 જુઓ
2. વિભાગ 13.3.1 જુઓ
3. વિભાગ 13.3.2 જુઓ

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. વિભાગ 13.4 જુઓ
2. વિભાગ 13.5.1 જુઓ
3. વિભાગ 13.5.2 જુઓ

## 13.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**નોમડ** - ભટકતી જાતિ, ચોક્કસ રહેઠાણ વગર ફરતી રહેતી જાતિ.

**કુશાણ સામ્રાજ્ય** - ઉત્તર-પશ્ચિમ ભારતના વિસ્તારો પર 1લી થી 3જી સદી સુધી રાજ્ય કરનાર રાજ્યવંશ.

**શાહનામા** - વિખ્યાત કવિ ફિરદૌસીએ 10મી સદીમાં ફારસીમાં લખેલ કાવ્યસંગ્રહ.

**રેશમ માર્ગ** - ચીનથી શરૂ થતો અને ભારતની ઉત્તર પશ્ચિમ સરહદેથી તથા મધ્ય એશિયામાંથી પસાર થતો રશિયાના બાલ્ટિક સમુદ્ર સુધીનો માર્ગ.

**ઓમાયાદ** - 661થી 750 સુધી શાસન કરનાર ખલીફાનો વંશ.

**તાતાર** - એક જાતની ભટકતી ટોળી.

# એકમ 14 દિલ્હી સલ્તનતની સ્થાપના અને દઢીકરણ (Establishment & Consolidation)

રૂપરેખા


14.0 હેતુઓ
14.1 પ્રાસ્તાવિક
14.2 7મીથી 12મી સદી સુધીનું ભારત : એક રૂપરેખા
14.3 શરૂઆતના વિજયો : આશરે ઈ.સ. 1190 સુધી
14.4 ઘોરીનાં આક્રમણો : ઈ.સ. 1192થી ઈ.સ. 1206 સુધી
14.5 તુર્કોની સફળતાનાં કારણો
14.6 સંઘર્ષ અને સુદઢીકરણ : ઈ.સ. 1206થી 1290
14.7 મંગોલ સમસ્યા
14.8 ભારતમાં તુર્ક વિજયનાં રાજકીય પરિણામો
14.9 સારાંશ
14.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
14.11 ચાવીરૂપ શબ્દો


## 14.0 હેતુઓ

આ એકમના અભ્યાસ પછી તમે :

- તુર્ક-વિજય પૂર્વેના ભારતની રાજકીય, સામાજિક અને આર્થિક સ્થિતિ અંગેની જાણકારી મેળવી શકશો.
- ઉત્તર ભારત પર જે વિજય મેળવવામાં આવ્યો તેના જુદા જુદા તબક્કાઓની જાણકારી મેળવી શકશો.
- તુર્કોની સફળતાનાં કારણો પણ જણાવી શકશો અને
- સલ્તનતકાળના શાસક વર્ગનો સંઘર્ષ, સ્વરૂપ અને સત્તાના આધારોની પણ જાણકારી પ્રાપ્ત કરશો.

## 14.1 પ્રાસ્તાવિક

આ પહેલાંના એકમમાં આપણે મધ્ય એશિયાનું ટૂંકું વિવરણ કરી ગયા. જેમાં એક વિશિષ્ટ પર્યાવરણ વચ્ચે રઝળતી-ભટકતી લડાયક વસતીનું વર્ણન કર્યું હતું. આ લોકો ખૂબ જ મોટી સંખ્યામાં પોતાના ઘાસના મેદાની વિસ્તારોનો ત્યાગ કરીને બહાર આવ્યા. પરિણામે તેઓને આજુબાજુની સભ્યતાઓ અને ચીન, યુરોપ, પશ્ચિમ એશિયા તથા ભારતની સાથે સંપર્ક અને અથડામણો થઈ.

ગઝની અને સૈલજુક સામ્રાજ્યોનું નિર્માણ અબ્બાસિદ ખિલાફતના ભગ્નાવશેષો પર થયું. પોતાના અંતિમ વિશ્લેષણમાં આ બંને રાજ્યો સ્થાપિત સમાજોની સંસ્થાઓ તથા પ્રવર્તમાન તુર્કોના સાંસ્કૃતિક સંક્રમણની ઊપજ સમાન હતા. મંગોલોના સંપર્કમાં આવવાથી તુર્કોના સંગઠનની દિશા અને સ્વરૂપમાં પણ નોંધપાત્ર પરિવર્તન થયું.

સૈલજુકોના નેતૃત્વ તળે તુર્કી સામ્રાજ્યનો ફેલાવો ભૂમધ્ય સાગર અને બાઈઝેનટાઈન પ્રદેશો સુધી થઈ ચૂક્યો હતો. અનાતોલિયા એટલે કે આધુનિક તુર્કી ઉપર ઓટોમન તુર્કોએ વિજય મેળવી લીધો અને તેઓ ત્યાં સ્થિર થયા, જ્યાં એક બીજા સૈલજુક સામ્રાજ્યે પોતાને આવનારા કબીલાઈ જાતિઓના દબાણથી મુક્ત કરી લીધું હતું. ત્યાં આ ભટકતી જાતિની ગતિવિધિઓથી પેદા થયેલ રાજકીય ઘટનાઓના સકંજામાં ફસાઈ ગયું. ખ્વારિઝમ સામ્રાજ્ય, જેણે સૈલજુકોની શક્તિને મર્યાદિત કરી હતી તેનો મંગોલો દ્વારા નાશ થયો. પરિવર્તનોની આ વિભીષિકા તેમ જ ચક્વાતે 'જૂની દુનિયા'ને એક ઓગળતા વાસણમાં ફેરવી નાખી.

આ એકમમાં આપણે ભારત પર તુર્કી વિજયનો અભ્યાસ કરીશું, જેના પરિણામ સ્વરૂપે ઈ.સ.ની 13મી સદીના પ્રારંભમાં દિલ્હી સલ્તનતની સ્થાપના થઈ.

## 14.2 7મીથી 12મી સદી સુધીનું ભારત : એક રૂપરેખા (India From 7th to 12th Century : An over-view)

આ અભ્યાસક્રમના વિભાગ 1-3માં આપણે પહેલાં જ આ સમયના ભારતની રાજકીય, સામાજિક તેમ જ આર્થિક સ્થિતિનું વિવેચન કરી ગયા છીએ. આ ભાગમાં પણ આપણે તે સમયના ભારતમાં પ્રવર્તમાન સ્થિતિ પર દૃષ્ટિપાત કરીશું. આ એકમને સમજવામાં તે તમને મદદરૂપ બની રહેશે.

**રાજકીય અને આર્થિક વ્યવસ્થા :** ઈ.સ. 700-1200 (Politico - Economic order : A.D. 700-1200)

તુર્ક વિજય પૂર્વેના પાંચમી સદીના ભારતીય ઇતિહાસને ઇતિહાસકારો દ્વારા 'સામંતશાહી' વ્યવસ્થાના સ્વરૂપે વર્ણવાયો છે. જોકે આ પ્રકારના વિશ્લેષણની માન્યતા અંગે ટીકા જરૂર થઈ છે. તો પણ, આ યુગના ભારતની રાજકીય, સામાજિક અને આર્થિક વાસ્તવિકતાઓ દ્વારા 'સામંતશાહી' વ્યવસ્થાની કેટલીક સામાન્ય તો કેટલીક વિશિષ્ટ લાક્ષણિકતાઓ જાણી શકાય છે. રાજાઓ દ્વારા પોતાના અધિકારીઓ તથા સમાજના કેટલાક નિશ્ચિત વર્ગોને આપવામાં આવતું જમીન અનુદાન એ ભારતીય સામંતશાહી વ્યવસ્થાની મુખ્ય વિશિષ્ટતા હતી. આ પ્રકારનું અનુદાન મેળવનાર અથવા તો સામંતો આના બદલામાં જરૂરિયાત મુજબ રાજાને સૈનિકો તેમ જ અન્ય સાધન-સામાન પૂરા પાડતા. સામંતો દ્વારા એકત્રિત કરવામાં આવેલ જમીનમહેસૂલનો એક ભાગ વાર્ષિક નજરાણા પેટે તેઓ રાજાને આપતા હતા. બાકીના જમીનમહેસૂલનો ઉપયોગ પોતાની પાસેના લશ્કરના નિભાવ અર્થે કરતા, જેનો ઉપયોગ રાજા દ્વારા યુદ્ધના સમયે કરવામાં આવતો હતો.

વધારે શક્તિશાળી સામંતોને જમીન અનુદાન આપવાની છૂટ હતી. આથી ઉપ-સામંતો પેદા થયા, જેણે નિયંત્રણ તથા અનુબંધનોના પદાનુક્રમને જન્મ આપ્યો. ભારતમાં સામંતોએ અનેક સન્માનસૂચક ઉપાધિઓ ધારણ કરી. કેટલાક અતિ શક્તિશાળી સામંતોએ મહાસામંત, મહામંડલેશ્વર જેવી ઉપાધિઓ ધારણ કરી, જ્યારે પ્રમાણમાં ઓછા મહત્ત્વના એવા સામંતો છે તેઓ રાજા, રાય, સામંત, ઠાકોર તરીકે ઓળખાતા હતા.

જમીન ઉપરથી રાજા દ્વારા પોતાના અધિકારને અલગ કરવાની પ્રથાના પ્રારંભનો સંકેત ઈ.સ.ની બીજી સદીમાં બ્રાહ્મણોને આપવામાં આવતા જમીન અનુદાન પરથી મળી રહે છે. જે બ્રાહ્મણોને જમીનનું અનુદાન આપવામાં આવતું હતું, તેઓ આ જમીનનું માત્ર મહેસૂલ જ વસૂલ કરતા ન હતા પરંતુ એ પ્રાદેશિક વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી પર પણ દેખરેખ રાખતા. ઈ.સ.ની સાતમી સદીથી આ પરંપરાનો વિસ્તાર સમાજના અન્ય વર્ગોમાં પણ થઈ ગયો. ખાસ કરીને રાજ્યના અધિકારી વર્ગને રોકડમાં વેતન આપવાને બદલે જમીન અનુદાન આપવાનું શરૂ થયું. સમય જતાં જમીન અનુદાનની પ્રવૃત્તિ વંશાનુગત બની ગઈ. આથી શાહી અધિકારીઓ અને સામંતો વચ્ચેના ભેદ અદૃશ્ય થયા. વંશાનુગત સામંતોની શાહી અધિકારીઓ તરીકે નિયુક્તિઓ થવા લાગી અને અધિકારીઓને પણ ઉપાધિઓ પ્રદાન કરવાનું શરૂ થયું. તેઓને સામંતશાહી વિશેષાધિકાર પણ મળવા લાગ્યા.

ઈ.સ.ની સાતમી સદીમાં શાસક વર્ગનું ગ્રામીણીકરણ થવા લાગ્યું. આથી એક એવું વાતાવરણ ઊભું થયું જેને લીધે શહેરી જીવન ધીરે ધીરે પતન તરફ વળ્યું અને આ ી સાથોસાથ વેપાર-વાણિજ્યનો પણ હ્રાસ થયો. આ સમયના સિક્કાઓના મૂલ્યપ્રમાણ પરથી આ બાબત સિદ્ધ થાય છે. આ સંજોગોમાં અધિકારી વર્ગ અને ભદ્ર વર્ગની આવકનો મુખ્ય આધાર હવે માત્ર ખેતી પર જ નિર્ભર રહ્યો. કેન્દ્રીયકૃત રાજ્યસત્તાનું વિભાજન, જમીનદારી વર્ગનો ઉદય અને ખાસ કરીને રાજપૂત જેવી લડાયક કોમોનો ઉદ્ભવ - આ તમામ આ જ વાતાવરણની નીપજ સમાન હતાં.

## 14.3 શરૂઆતના વિજયો આશરે ઈ.સ. 1190 સુધી (Initial Conquests upto Circa 1190 A.D.)

ઈ.સ. 10મીથી 11મી સદી દરમિયાન કેટલીયે લડાયક કોમોનો ઉદય થયો. આ લડાયક કોમો-જાતિઓ સૈનિક શાસક જાતિઓ હતી, જે અંતમાં 'રાજપૂત' જાતિમાં વિલય પામી. 'રાજપૂત' શબ્દની ઉત્પત્તિ સંસ્કૃત ભાષાના 'રાજપુત્ર'માંથી થઈ. આ સમયે જે ચાર રાજપૂત જાતિઓનો ખાસ કબજો હતો, તેમાં પ્રતિહાર, ચાલુક્ય, ચૌહાણ અને સોલંકીઓનો સમાવેશ થતો હતો.

### (1) મહમૂદ ગઝની (Mahmud of Ghazni)

ભારત પર આક્રમણ કરનાર આરબો પ્રથમ મુસ્લિમો હતા, તોપણ તેઓનું આક્રમણ ભારતના ઇતિહાસમાં માત્ર એક પ્રાસંગિક ઘટના બની રહ્યું. પરંતુ જે કાર્યનો તેમણે પ્રારંભ કર્યો હતો તે તુર્કો દ્વારા સંપન્ન થયું. આરબોની તુલનાએ તુર્કો વધારે વીર, લડાયક, સાહસિક, ધર્મઝનૂની અને મહત્ત્વાકાંક્ષી હતા. ઈ.સ. 932માં અલપ્તગીન નામના એક સાહસિક તુર્ક નેતાએ ગઝનીમાં એક સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી.

રાજકીય અને લશ્કરી સંદર્ભમાં જોઈએ તો મહમૂદ ગઝનીનાં ભારત પરનાં આક્રમણો વાસ્તવમાં દિલ્હી સલ્તનતના પુરોગામી સમાન હતાં. ભારત પર મહમૂદે કરેલા આક્રમણ પાછળના ઉદ્દેશો પરત્વે ઇતિહાસકારો ઉગ્ર મતભેદો ધરાવે છે, જેની ચર્ચા અત્રે અપ્રસ્તુત છે. પરંતુ ડૉ. ઈશ્વરીપ્રસાદ જણાવે છે તેમ "મહમૂદનાં આક્રમણોનો મૂળભૂત ઉદ્દેશ રાજ્ય જીતવાનો નહીં, પરંતુ ધન લૂંટવાનો હતો, વિજય મેળવવાનો નહીં પરંતુ મૂર્તિપૂજાનો નાશ કરવાનો હતો." ટૂંકમાં, આ દેશની ધન-સંપત્તિ અને તેની સર્વવ્યાપી મૂર્તિપૂજાએ તેની મહત્ત્વાકાંક્ષાને જાગ્રત કરી હતી.

મહમૂદ ગઝનીએ પોતાના ગઝનીના સામ્રાજ્યને સ્થિર, સુવ્યવસ્થિત અને સંગઠિત કરી ભારત તરફ પોતાનું લક્ષ્ય કેન્દ્રિત કર્યું. તેણે ઈ.સ. 1000થી 1026 સુધીના ગાળા દરમિયાન ભારત પર કુલ સત્તર સવારી કરી. જો કે તેને સવારી કહેવાને બદલે 'આક્રમણો', 'હલ્લાઓ' કે 'ધાડ' કહેવાનું વધારે ઉચિત ગણાશે. તેનાં આ તમામ આક્રમણોનું બે રીતે મહત્ત્વ ગણી શકાય. એક તો, સુલતાનની અથાક શક્તિનું તે દર્શન કરાવે છે અને બીજું, તત્કાલીન ભારતની રાજકીય પરિસ્થિતિની 'કરુણ આલોચના' પણ કરી જાય છે.

પ્રારંભમાં સરહદ પરનાં થોડાંક શહેરો કબજે કરી મહમૂદ સીધો જ ઈ.સ. 1000માં પંજાબના શાહી રાજા જયપાલ સાથે અથડામણમાં આવ્યો. જયપાલ હાર્યો અને કેદ પકડાયો. અહીંથી ભારત પર થનાર તેનાં આક્રમણો લગભગ પ્રતિ વર્ષ થતાં રહ્યાં. આ સિલસિલો ઈ.સ. 1030માં મહમૂદનું અવસાન થયું ત્યાં સુધી લગભગ ચાલુ રહ્યો. મુલતાન પર અધિકાર મેળવ્યા પછી મહમૂદે પંજાબને પણ પોતાના તાબા તળે આણ્યું. આ પછી તેણે ગંગા-યમુના દોઆબ પર આક્રમણ કર્યું.

ભારતમાં મહમૂદનાં આક્રમણનો મુખ્ય ઉદ્દેશ ભારતની વિશાળ ધન-સંપત્તિ હતી, જેનો એક મોટો ભાગ રોકડ, હીરા-ઝવેરાત અને સોનાના રૂપમાં મંદિરોમાં સંઘરાયેલો હતો. આ કારણસર જ ઈ.સ. 1010થી 1026 સુધીનાં મહમૂદનાં આક્રમણોનું મુખ્ય લક્ષ્ય થાણેશ્વર, મથુરા, કનોજ અને અંતમાં આપણા ગુજરાતના સોમનાથ જેવાં મંદિર-શહેરો હતાં. આ આક્રમણોનું અંતિમ પરિણામ એ આવ્યું કે ભારતની પ્રતિકાર શક્તિ મૃતપ્રાય થઈ ગઈ, જેનાથી ભવિષ્યમાં ભારતમાં તુર્કોના વિજયનો માર્ગ મોકળો થયો. આ કરતાં પણ વધુ મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે આ આક્રમણોએ બાહ્ય ખતરાઓ સામે સંગઠિત બની વિરોધ રજૂ કરવાની ભારતીય રાજનીતિની નબળાઈ ખુલ્લી પાડી દીધી.

મહમૂદના અવસાન પછીનાં થોડાં વર્ષોમાં જ તેના સામ્રાજ્યના પણ એ જ હાલ થયા જે અન્ય સામ્રાજ્યોના થાય છે. સત્તાનો ઉદય પામી રહેલાં નવાં કેન્દ્રોએ જૂનાં કેન્દ્રોનું સ્થાન લીધું. ગઝની સામ્રાજ્યના ખુરાસાન તથા ટ્રાન્સ-ઓકિસયાના પર પ્રથમ સૈલજુકો દ્વારા અને એ પછી ખ્વારિઝમના શાહ દ્વારા અધિકાર કરી લેવામાં આવ્યો. મહમૂદના જન્મસ્થાન અફઘાનિસ્તાન ઉપર તેની સત્તાને શંસબની વંશના ઘોર રાજ્યે સમાપ્ત કરી દીધી. આ ઉથલપાથલ વચ્ચે પણ ગઝની વંશનું શાસન પંજાબ અને સિંધમાં ઈ.સ. 1175 સુધી ટકી રહ્યું.

ઉત્તર-પશ્ચિમ ભારતમાં ગઝની સુલતાનો તળેના સામ્રાજ્યનો વિસ્તાર સુનિશ્ચિત કરવાનું કાર્ય મુશ્કેલ છે. ઉત્તર તરફ તેના વર્ચસ્ નીચે સિયાળકોટ તથા સંભવત: પેશાવર હતા. તેના દક્ષિણી સીમાડાઓને ચૌહાણ રાજપૂતોએ ઠીક ઠીક પ્રમાણમાં મર્યાદિત કરી દીધા હતા, જેણે પંજાબના કેટલાક ભાગો પર પુન: પોતાનો અંકુશ જમાવી દીધો હતો.

**(2) મુહમ્મદ ઘોરી (Muhammad Ghori)**

મુહમ્મદ ઘોરીનાં શરૂઆતનાં લશ્કરી આક્રમણોનો મુખ્ય ઉદ્દેશ પંજાબ અને સિંધ ઉપર આધિપત્ય સ્થાપવાનો હતો. અગાઉના આક્રમણકારીઓથી તદ્દન જુદી રીતે જ મુહમ્મદ ઘોરીએ વધુ પ્રચલિત ખૈબરઘાટને બદલે ગોમલઘાટ દ્વારા સિંધના મેદાની વિસ્તારો પર આક્રમણ કરવાનો નિર્ણય કર્યો. ઈ.સ. 1179 સુધીમાં પેશાવર, ઉચ્છ અને મુલ્તાન કબજે કરવામાં આવ્યાં. આ પછી લાહોર પર આક્રમણ કરવામાં આવ્યું. મુહમ્મદ ઘોરીએ હવે ભારતમાં આગળ વધવા માટે પોતાની વિજયકૂચ આરંભી. ખૂબ જ થોડા સમયમાં આ લશ્કરી કાર્યવાહી પ્રત્યક્ષ રૂપે ગંગા નદીના મેદાની વસ્તારોમાં આવેલા રજપૂત રાજ્યો વિરુદ્ધ શરૂ થઈ. આ આક્રમણોનું સૌથી વધારે દબાણ ચૌહાણ શાસકો પર થયું, જેના વર્ચસ્ નીચે અજમેરથી દિલ્હી સુધીનો પ્રાદેશિક વિસ્તાર હતો, જે ભારતના પ્રવેશદ્વાર સમાન હતો. ઘોરીએ ઈ.સ. 1191માં ભટીંડા પર અધિકાર મેળવ્યો. સુરક્ષા માટેના કિલ્લાઓના રક્ષકોએ ખૂબ જ થોડા સમયમાં આત્મસમર્પણ કર્યું, પરંતુ ચૌહાણ સેનાએ પૃથ્વીરાજ ચૌહાણના નેતૃત્વ તળે ઘોરી લશ્કર ઉપર ત્વરિત ગતિએ વળતો હુમલો કર્યો અને તેને અપમાનજનક પરાજય આપ્યો. તરાઈનના આ પ્રથમ યુદ્ધમાં કનોજના રાજા જયચંદ્ર સિવાયના તમામ રાજપૂત રાજાઓએ પૃથ્વીરાજ ચૌહાણને મદદ કરી.

મુહમ્મદ ઘોરી આ ભયંકર પરાજયને ભૂલી શક્યો નહીં. પરાજયનું વેર વાળવા એક વર્ષ સુધી પૂર્ણ તૈયારીઓ કરી. વળતે વર્ષે ઈ.સ. 1192માં 1 લાખ 20 હજાર ચુનંદા સૈનિકો સાથે ફરીથી પૃથ્વીરાજ ચૌહાણ પર આક્રમણ કર્યું. કનોજના રાજા જયચંદ્રને બાદ કરતાં અનેક રાજપૂત રાજાઓએ સંકટની સ્થિતિમાં પૃથ્વીરાજ ચૌહાણને મદદ કરી. વિશાળ અશ્વદળ, હાથીદળ અને પાયદળ સાથે પૃથ્વીરાજે મુહમ્મદ ઘોરી સામે ભીષણ સંગ્રામ ખેલ્યો. શરૂઆતમાં રાજપૂત સેનાએ મુસ્લિમ સૈન્યને પાછા હઠવાની ફરજ પાડી. પરંતુ મુહમ્મદની શૂરવીરતા અને વ્યૂહરચનાએ હારની બાજીને જીતમાં પલટી દીધી. પૃથ્વીરાજ ચૌહાણને જીવતો પકડી લેવામાં આવ્યો અને પાછળથી તેનો વધ કરવામાં આવ્યો. આમ તરાઈનના ઇતિહાસ પ્રસિદ્ધ યુદ્ધમાં ઈ.સ. 1192માં મુહમ્મદ ઘોરીએ પૃથ્વીરાજ ચૌહાણ પર નિર્ણાયક જીત મેળવી. હિંદુસ્તાનનો છેલ્લો સિતારો અદૃશ્ય થયો અને મુસલમાનો માટે હિંદુસ્તાનનું દ્વાર ખુલ્લું થયું. દિલ્હી પર પોતાનો અધિકાર પ્રસ્થાપિત થયા બાદ મુહમ્મદ ઘોરીએ લશ્કરી દૃષ્ટિએ મહત્ત્વનાં એવાં તમામ સ્થળો - હાંસી,

કુહરામ, સરસુતી - પર અધિકાર મેળવી ઘેરાબંધી કરી લીધી. મુહમ્મદ ઘોરી દિલ્હી નજીકના ઇન્દ્રપ્રસ્થમાં કુતુબુદ્દીન ઐબકના નેતૃત્વમાં પોતાના લશ્કરને મૂકીને પોતાની યોજના મધ્ય એશિયામાં કાર્યાન્વિત કરવા માટે પાછો ફર્યો. રાજ્યને સુદૃઢ અને શક્તિશાળી બનાવવા માટે કુતુબુદ્દીન ઐબકને વિશાળ અધિકારો આપવામાં આવ્યા.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. મહમુદ ગઝનીના ભારત પર આક્રમણ કરવાના મુખ્ય ઉદ્દેશો કયા હતા ?

...............................................................................................

...............................................................................................

...............................................................................................

...............................................................................................

2. મુહમ્મદ ઘોરીના ભારતમાંના પ્રારંભિક વિજયોનું ટૂંકમાં વર્ણન કરો.

...............................................................................................

...............................................................................................

...............................................................................................

...............................................................................................

3. ભારતમાંની સામંતશાહીની વિશિષ્ટતાઓ.

...............................................................................................

...............................................................................................

...............................................................................................

...............................................................................................

## 14.4 ઘોરીનાં આક્રમણો ઈ.સ. 1192થી 1206 સુધી

તરાઈનનું યુદ્ધ ભારતના ઇતિહાસમાં ખેલાયેલ મહત્ત્વપૂર્ણ અને નિર્ણયાત્મક યુદ્ધોમાંનું એક હતું. ઇતિહાસકાર વી. એ. સ્મિથ જણાવે છે કે ''તરાઈનના નિર્ણાયક યુદ્ધે ભારતમાં મુસ્લિમ સામ્રાજ્યનો પાયો નાખ્યો. તુર્કોના હવે પછીના વિજયો આ યુદ્ધને આભારી હતા.'' આ યુદ્ધે રાજપૂત રાજ્યોને એટલો બધો આઘાત પહોંચાડ્યો કે તેઓ હવે બેઠા થઈને મુસ્લિમ સત્તાને ફેંકી દેવાને સમર્થ રહ્યા નહીં. સામા પક્ષે તરાઈનના વિજયે ઘોરી અને તેના સાથીઓને ભારતમાં મુસ્લિમ સત્તા સ્થાપિત કરવા માટે ઉત્સાહ અને પ્રેરણા પૂરાં પાડ્યાં. પરિણામે ભારતમાં ઇસ્લામી સામ્રાજ્ય સ્થાપિત કરવાનું કાર્ય અત્યંત સરળ બની ગયું. કેટલાક સમય સુધી ઘોરી વંશના લોકોએ વિજય મેળવેલા તમામ પ્રદેશોમાં વહીવટને પોતાના હસ્તક લેવાનું મુનાસિફ માન્યું નહીં. જ્યાં યોગ્ય લાગ્યું ત્યાં તુર્કી સત્તાનું સાર્વભૌમત્વ સ્વીકારનાર રાજપૂતોની સત્તા ચાલુ રાખવામાં આવી. દા.ત. અજમેરનું રાજ્ય પૃથ્વીરાજ ચૌહાણના પુત્રને એક સામંત તરીકે સોંપી દેવામાં આવ્યું. જોકે સ્થાનીય શાસકો અને ઘોરી વંશના શાસકોના સામ્રાજ્ય વિસ્તારની યોજના વચ્ચેના સંઘર્ષને કારણે આ જટિલ સંતુલન અવારનવાર તૂટી પડતું હતું.

કુતુબુદ્દીન ઐબકના નેતૃત્વમાં તુર્કોએ પોતાના રાજ્યનો ચારે તરફ પ્રાદેશિક વિસ્તાર વધાર્યો. ઈ.સ. 1192ના અંતમાં ઝાંસીની કિલ્લેબંધી કર્યા બાદ ઐબકે યમુનાનદીને પેલે પાર દોઆબમાં લશ્કરી થાણાંઓ સ્થાપ્યાં. મેરઠ અને બરન (આધુનિક બુલન્દ શહેર) પર ઈ.સ. 1192માં કબજો કરી લીધો. ઈ.સ. 1193માં દિલ્હી પણ તેના અધિકારમાં આવ્યું. દિલ્હીની સ્થિતિ અને તેની ઐતિહાસિક પરંપરાને કારણે તુર્કોએ તેને પોતાની રાજધાની બનાવ્યું. દિલ્હી એક તરફ સત્તાના કેન્દ્ર સમા પંજાબની પડોશમાં હતું તો બીજી તરફ પૂર્વ તરફ આક્રમણોના સંચાલન માટે એક સુવિધાજનક કેન્દ્ર સમાન હતું. ઈ.સ. 1194માં કુતુબુદ્દીન ઐબક ફરી એક વાર યમુનાનદી પાર કરીને કોલ (અલીગઢ) તથા મીરત સુધી ફરી વળ્યો. તરાઈનના યુદ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણને ટેકો નહીં આપનાર કનોજના ગઢવાલ વંશના રાજવી જયચંદ્રને એમ હતું કે મુહમ્મદ ઘોરી તેના પર આક્રમણ નહીં કરે. પરંતુ મુહમ્મદ ઘોરીએ ઉપરોક્ત લશ્કરી સફળતાઓથી ઉત્સાહિત થઈને ઈ.સ. 1194માં આશરે 50,000ના વિશાળ લશ્કર સાથે ઇટાવા અને કાનપુરની વચ્ચે આવેલા ચંદાવર આગળ જયચંદ્ર સામે યુદ્ધ કર્યું. જયચંદ્રે દૃઢતાથી સામનો કર્યો; વિજય હાથવેંતમાં જ હતો, પરંતુ તેની આંખમાં તીર વાગતાં તે હતાશ બની ગયો અને અંતે તે મરાયો. આ પછી તુર્કોએ બનારસ, અસની જેવાં મહત્ત્વપૂર્ણ નગરોમાં પોતાનાં લશ્કરી થાણાંઓ સ્થાપ્યાં પરંતુ ઈ.સ. 1198-99 સુધી રાજધાની કનોજ પર તુર્કો અધિકાર સ્થાપિત કરી શક્યા ન હતા.

કનોજ વિજય બાદ ઘોરી ગઝની જતો રહ્યો અને ત્યાર પછી પાંચ વર્ષ સુધી તે ભારત ન આવી શક્યો. આ ગાળામાં તેના વીર સેનાપતિ કુતુબુદ્દીન ઐબકે અજમેર, ગુજરાત, બયાના, ગ્વાલિયર, કાલિંજર, ખજુરાહો વગેરે પર પોતાનું આધિપત્ય સ્થાપિત કર્યું. 1195-96માં કુતુબુદ્દીને ગુજરાતના અણહિલવાડ પાટણ પર આક્રમણ કરી ભીમદેવને હરાવ્યો. અહીં તેણે મોટી લૂંટ

પણ ચલાવી. બુંદેલખંડના ચંદેલા રાજપૂતોને હરાવી લશ્કરી દૃષ્ટિએ અગત્યનો કાલિંજરનો કિલ્લો તેણે કબજે કર્યો.


ઈ.સ. 1203માં તુર્કોએ ભારતીય ઉપમહાદ્વીપના પૂર્વીય પ્રદેશોમાં સતત સફળતાપૂર્વક આક્રમણો કર્યાં. ઘોરીના એક અન્ય સાહસિક સેનાપતિ બખ્તિયાર ખિલજીએ બિહાર અને પશ્ચિમ બંગાળ કબજે કર્યાં. ડૉ. છોટુભાઈ નાયક જણાવે છે તેમ "દરમિયાન મુહમ્મદ ઘોરીની હાલત તેના વતનમાં કફોડી બની હતી." મધ્ય એશિયાના તેના દુશ્મનો તેને શાંતિથી જંપવા દે એમ ન હતા. ઈ.સ. 1204માં સુલતાનના ગકકરો એ તથા પંજાબના બંડખોર લોકોએ તેની વિરુદ્ધ બળવાઓ શરૂ કર્યા. ઈ.સ. 1206માં તેને પુન: ભારતમાં આવવું પડ્યું. ગકકરો(ખોખ્ખરો)નું દમન કર્યા બાદ ઘોરી જ્યારે ગઝની જઈ રહ્યો હતો, ત્યારે 15મી માર્ચ 1206ના રોજ તેનું અવસાન થયું. ઘોરીના મૃત્યુ પછી ઘોરી વંશમાં કોઈ ખાસ સુલતાન થયો નહીં. ડૉ. વી.એસ. ભાર્ગવ નોંધે છે તેમ "ઘોરીવંશ ભારતમાં એક ચિરસ્મરણીય મુસ્લિમ સામ્રાજ્યની સ્થાપના કરીને સ્વયં વિલુપ્ત થઈ ગયો."

સામાન્ય રીતે આ કાળમાં ઘોરીઓએ ઉત્તર ભારતના એક વિશાળ પ્રાદેશિક વિસ્તાર પર પોતાનો પ્રભાવ કાયમી કર્યો. પરંતુ હજુ પણ આ પ્રભાવ ક્ષેત્રનો આધાર ડગુમગુ હતો. જે પ્રદેશો પર વિજય મેળવી લેવામાં આવ્યા હતા તે. તુર્કોના નિયંત્રણથી મુક્ત થવા આતુર હતા. આ પ્રદેશો પર કાયમી નિયંત્રણ સ્થાપિત કરવામાં કેટલાય દાયકાઓ પસાર થઈ ગયા.

## 14.5 તુર્કોની સફળતાનાં કારણો (Why the Turks succeeded)

આ ભાગની ચર્ચાનું સમાપન કરીએ તે પહેલાં એક અગત્યના મુદ્દાની ચર્ચા કરી લઈએ. ઇતિહાસના વિદ્યાર્થી સમક્ષ હંમેશાં એ પ્રશ્ન રહ્યો છે કે 8મી સદીના પ્રારંભમાં મોહમ્મદ-બિન-કાસિમ, 11મી સદીના પ્રારંભમાં મહમૂદ ગઝની અને 12મી સદીના અંત ભાગમાં મુહમ્મદ ઘોરી સામે ભારતવાસીઓનો વારંવાર પરાજય શા માટે થયો ? અથવા તો આરબો અને આખરે તુર્કો શા માટે સફળ થયા ? આ જય-પરાજય માટે એવાં કયાં પરિબળો જવાબદાર હતાં ? એલ્ફિસ્ટન, લેનપુલ અને વી. એ. સ્મિથ જેવા અંગ્રેજ ઇતિહાસકારોના મંતવ્ય મુજબ, ભારતવાસીઓની તુલનાએ આક્રમણકારી મુસ્લિમો વધારે સારા સૈનિકો હતા કેમ કે તે શીત આબોહવાવાળા પ્રદેશોના રહેવાસીઓ હતા. તેઓ યુદ્ધપ્રિય હતા, કેમ કે તેઓની ભરતી યુદ્ધમાં નિપુણ કબીલાઓમાંથી કરવામાં આવી હતી. સૈલજુક તેમ જ મધ્ય એશિયાની અન્ય ખૂંખાર જાતિઓથી યુદ્ધ દ્વારા લશ્કરી શક્તિ અને યુદ્ધવિદ્યામાં નિપુણતા પ્રાપ્ત કરી હતી. જ્યારે સામા પક્ષે ભારતીયો શાંતિપ્રિય હતા અને યુદ્ધ પસંદ કરતા નહીં. તેઓ નાનાં-નાનાં રાજ્યોમાં વિભાજિત હતા, જેનાથી રાજ્ય વિસ્તાર માટેની અભિલાષાઓને ઊંડો આઘાત પહોંચ્યો. પરંતુ તુર્કોની સફળતા માટે રજૂ થયેલા આ વિચારો અપર્યાપ્ત અને અસંતુલિત છે. ડૉ. વિદ્યાધર મહાજન જણાવે છે તેમ "આ વિચારસરણી આજે કોઈ સ્વીકારતું નથી" કેમ કે ડૉ. એ.એલ. શ્રીવાસ્તવ નોંધે છે તેમ "તેની પાછળ રાજનૈતિક મંતવ્યો રહેલાં છે." અહીં ભારતના ઇતિહાસની સુસ્પષ્ટ હકીકતોને કોરણે મૂકવાનો પ્રયાસ થયો છે. બીજી બાજુ જે દેશમાંથી આ આક્રમણકારીઓ આવ્યા, તેના ઇતિહાસને પણ નજરઅંદાજ કરવામાં આવ્યો છે. એ યાદ રાખવું જોઈએ કે કહેવાતા યુદ્ધપ્રિય મુસ્લિમ વિસ્તારોનો ઈ.સ. 1218-19માં ખાસ કોઈ વિરોધનો સામનો કર્યા વગર મંગોલો દ્વારા વિનાશ કરવામાં આવ્યો હતો. બીજી બાજુ, તુર્કોએ જે રાજપૂત રાજાઓ સામે સફળતા મેળવી હતી, તે ન તો સાહસમાં ઊણા ઊતર્યા હતા કે ન તો સૈનિક ભાવનામાં. મુસ્લિમ ઇતિહાસકાર હબીબુલ્લાખાન જણાવે છે કે "વ્યક્તિગત રીતે યુદ્ધમાં એક રાજપૂત તુર્કને હરાવી શકે છે." એટલું જ નહીં પરંતુ હિંદુઓના સૈનિક ગુણોની તેના હરીફ શત્રુઓએ પણ નોંધ લીધી છે. ભારતના રાજપૂત રાજાઓ શૌર્યની મૂર્તિ સમાન હતા અને તેના સૈનિકોમાં સાહસ કે શૂરવીરતાની કોઈ ખોટ ન હતી. ઈ.સ. 8મીથી 12મી સદી સુધીનો લાંબો ગાળો ભારતના ઇતિહાસમાં યુદ્ધો અને આંતરિક હિંસાત્મક સંઘર્ષોની ઘટનાઓથી ભરપૂર છે. આથી, ભારતીય લોકોની શાંતિપ્રિયતા તથા કંઈ નવું ન શીખવાની વૃત્તિ તુર્ક વિજેતાઓની સફળતા માટે જવાબદાર હતી એમ માનવું એ વધારે પડતું છે.

કેટલાક ભારતીય ઇતિહાસકારો તુર્કોની સફળતા માટે ઇસ્લામ દ્વારા નિર્મિત એક ખાસ પ્રકારની સમાજવ્યવસ્થાને હિસ્સેદાર ગણાવે છે. દા.ત. સર જદુનાથ સરકાર એ ત્રણ નિરાળી વિશેષતાઓ પર ભાર મૂકે છે, જે ઇસ્લામે આરબો, બર્બરો, પઠાણો અને તુર્કોને પ્રદાન કરી હતી. પ્રથમ, ઇસ્લામ કાયદાકીય તેમ જ ધાર્મિક સ્તરે સંપૂર્ણ સમાનતા તથા સામાજિક એકતા પર ભાર મૂકે છે. ભારતની માફક તુર્કો એવી જાતિઓમાં વિભાજિત ન હતા, જે એકબીજાથી સંપૂર્ણ અલગ હોય. બીજું, તુર્કોનો ઈશ્વરમાં સંપૂર્ણ વિશ્વાસ હતો અને 'ઈશ્વરની ઇચ્છા' તેમને પ્રોત્સાહિત કરતી હતી, જેને લીધે તેમનામાં એક ચોક્કસ ધ્યેય પ્રાપ્ત કરવાની ઉત્કંઠ ભાવના પ્રવર્તતી હતી. ત્રીજું અને છેલ્લું, ઇસ્લામે તુર્ક વિજેતાઓને દારૂ પીવાથી દૂર રહેવાની પ્રેરણા આપી,


NORTH INDIA
c. 1206 A.D.
Muhammed Ghori's conquest
KASHMIR
AFGHANISTAN
KABUL
KHYBER PASS
GHAZNI
PESHAWAR
Jhelum R.
Chenab R.
R. Beas
LAHORE
Ravi R.
DIPALPUR
MULTAN
Sutlej R.
BHATINDA
BHATNAIR
TARAIN
UCH
R. Indus
MEERUT
INDERPAT
DELHI
BARAN
KAMPIL
KANAUJ
Ganges R.
BAYANA
AJMER
RANTHAMBHOR
KALPI
JALOR
MAHOBA
ABU
ANHILWARA
PARAMARAS
CHANDELLAS
CHALUKYAS
UJJAIN
Narmada R.
R Tapti
TIRHUT
KOCH
LAKHANAUTI
(GAUR)
SENAS
Mananadi R
JAJNAGAR
EASTERN GANGAS

જેણે જદુનાથ સરકારના મતે રાજપૂત, મરાઠા અને બીજા ભારતીય શાસકોનો સર્વનાશ કર્યો હતો. આ વિવરણમાં પણ કેટલેક અંશે સત્ય રહેલું હશે, પરંતુ તે અપર્યાપ્ત છે.

ભારતના પરાજય માટે મુખ્યત્વે બે મહત્ત્વપૂર્ણ કારણો હતાં. પ્રથમ, આ સમયની સામાજિક, રાજકીય પરિસ્થિતિઓ એ બીજું લશ્કરી તૈયારીઓ.

ગુર્જર પ્રતિકારોના પતન પછી તેનું સ્થાન કોઈ રાજસત્તા લઈ શકી નહીં. તેના સ્થાને કનોજમાં ગઢવાલ, માળવામાં પરમાર, ગુજરાતમાં ચાલુક્ય, અજમેરમાં ચૌહાણ, દિલ્હીમાં તોમાર, બુંદેલખંડમાં ચંદેલા વગેરે નાનાં-મોટાં અનેક રાજ્યોનો ઉદય થયો. એકતા માટેના પ્રયાસો કરવાને બદલે તેઓની નીતિરીતિઓ પોતપોતાના નાના પ્રદેશો પૂરતી મર્યાદિત બની ગઈ. તેઓ સતત પરસ્પર સંઘર્ષરત રહેતાં કેન્દ્રીય સત્તાનો અભાવ એ એક મહત્ત્વનું કારણ હતું કે જેનાથી સૈન્યબળની શક્તિ અને ક્ષમતા પર વિપરીત અસર થઈ.

ભારતીય સેના સામંતશાહી પ્રથા પર રચાયેલી હતી. લશ્કરની પ્રત્યેક ટુકડી સીધી જ એક રાજાને બદલે તત્કાલીન સામંત સરદારને આધીન હતી. આથી સેનામાં હંમેશાં 'નેતૃત્વની એકતા'નો અભાવ રહેતો. આ સિવાય, કેટલીક જાતિઓ અને વંશના લોકો જ સૈનિક તરીકેનો વ્યવસાય અપનાવી શકતા હતા. જનતાના એક વિશાળ ભાગને સૈનિક તાલીમથી અલગ રાખવામાં આવતો. આ પ્રકારની પ્રવૃત્તિએ દેશની સામાન્ય જનતાને દેશની સુરક્ષા પ્રત્યેના વલણથી પાછળ પાડી દીધી. આપણે જાણીએ છીએ કે જે સમયે તુર્કોએ આક્રમણ કર્યું, તે સમયે ભારતીય જનતાએ પોતાના રાજવીઓને ભાગ્યે જ મદદ કરી હતી. અછૂતની ખોટી માન્યતાએ પણ લશ્કરી કાર્યક્ષમતાને જબરો આઘાત પહોંચાડ્યો - કારણ કે તેણે શ્રમ વિભાજનને અશક્ય બનાવી દીધું, જેનાથી સૈનિકોને યુદ્ધ કરવાથી માંડીને પાણી ભરી લાવવા સુધીનાં તમામ કાર્યો ખુદે જ કરવાં પડતાં હતાં.

તુર્કોની સફળતાનું બીજું મહત્ત્વપૂર્ણ કારણ તેમની ઉચ્ચ કક્ષાની સૈનિક ટેક્નિક તથા યુદ્ધકૌશલ્ય હતું. ઘાસના મેદાની વિસ્તારોમાં ભટકતી જાતિને યુદ્ધમાં 'ઘોડાયુગ'નો પ્રારંભ કરવાનું શ્રેય જાય છે. તુર્કોએ લોઢાનાં પેગડાં તેમ જ ઘોડાની નાળનો ઉપયોગ કર્યો. આથી તેની મારક શક્તિમાં વધારો થયો અને ઘોડેસવાર સેનાની ક્ષમતા પણ વધી, જ્યાં એક બાજુ ઘોડાની નાળે ઘોડાને ગતિશીલ બનાવ્યો તો બીજી બાજુ લોઢાનાં પેંગડાંએ સૈનિકોને વિશેષ લાભની સ્થિતિમાં લાવી દીધા.

એક સામાન્ય ધારણા એવી પણ છે કે ભારતવાસીઓના પરાજયનું એક કારણ તેઓ દ્વારા યુદ્ધોમાં હાથીના ઉપયોગ અંગેનું હતું. પરંતુ આ તર્કસંગત લાગતું નથી. તબકાત-ઈ-નાસિરી કે અન્ય કોઈ સમકાલીન સાધનોમાંથી આ અંગે કોઈ ઉલ્લેખો મળતા નથી, જે આ માન્યતાને સમર્થન આપી શકે. અલબત્ત રાજા જયપાલનું ઉદાહરણ આ સંદર્ભમાં એકમાત્ર અપવાદ છે જ્યારે તેના હાથીઓ યુદ્ધમેદાનમાંથી ભાગ્યા હતા. આ પ્રકારનાં અન્ય ઉદાહરણો ખૂબ જ ઓછાં મળે છે. હકીકતમાં તો મહમૂદ ગઝની ભારતમાંથી ઘણા હાથીઓ પોતાના રાજ્યમાં લઈ ગયો હતો, જ્યાં તેનો ઉપયોગ તેણે ખૂબ જ સફળતાપૂર્વક કર્યો હતો.

ઉપરોક્ત કારણોસર તુર્ક આક્રમણકારીઓના હાથે ભારતવાસીઓને કારમો પરાજય સહન કરવો પડ્યો. શક્તિશાળી, વીર અને સમૃદ્ધ હોવા છતાં ભારતના રાજપૂત રાજ્યો એકતા, સંગઠન અને રાષ્ટ્રીય ભાવના બતાવવામાં નિષ્ફળ ગયાં અને પરિણામે પોતાનાં રાજ્યો હંમેશને માટે ગુમાવી બેઠાં. આથી જ પ્રા. બી. એન. લુણિયા જણાવે છે કે "એ નિર્વિવાદ છે કે મુસ્લિમ આક્રમણો સમયે ભારત અનેક દૃષ્ટિએ પતન ભણી જઈ રહ્યું હતું અને વિદેશીઓએ તેનો પૂરેપૂરો લાભ ઉઠાવીને પોતાનું રાજ્ય પ્રસ્થાપિત કર્યું, પરંતુ આ માટે તે સમયના રાજપૂતોની પણ પૂરેપૂરી જવાબદારી હતી."

## 'તમારી પ્રગતિ ચકાસો'-2


**1. વિભાગ 'અ'ને વિભાગ 'બ' સાથે જોડો :**

(1)

| અ | બ |
|---|---|
| **યુદ્ધ** | **વર્ષ** |
| કોલ | 1193 |
| તરાઈન | 1194 |
| દિલ્હી | 1198-99 |
| અણહિલવાડ | 1192 |
| કનોજ | 1195-96 |

(2)

| અ | બ |
|---|---|
| **વંશ** | **સ્થાન** |
| ગઢવાલ | બુન્દેલ ખંડ |
| ચૌહાણ | દિલ્હી |
| તોમાર | અજમેર |



૨. સેબુક્ટેજિનના પુત્રો મહમુદ અને ઈસ્માઈલ વચ્ચે યુદ્ધ.
આ ચિત્રથી પુરવાર થાય છે કે મુસ્લિમ રાજાઓ મધ્ય એશિયાનાં યુદ્ધમાં હાથીઓનો સફળતાપૂર્વક ઉપયોગ કરતા હતા.

ચાલુક્ય કનોજ
ચંદેલા ગુજરાત

2. તુર્કોની સફળતાનાં કારણો

....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................
....................................................................................................

3. નીચેના પ્રત્યેક વિશે ચાર-ચાર વાક્યો લખો.

(1) જયચંદ્ર રાઠોડ

....................................................................................................
....................................................................................................
....................................................................................................

(2) મુસ્લિમ આક્રમણખોરો સામે રાજપૂતોનાં પરાજયનાં કારણો.

....................................................................................................
....................................................................................................
....................................................................................................

(3) કુતુબુદ્દીન ઐબકના વિજયો.

....................................................................................................
....................................................................................................
....................................................................................................

## 14.6 સંઘર્ષ અને દઢીકરણ : ઈ.સ. 1206-1290

## (Conflict and Consolidation, 1206-1290)

દિલ્હી સલ્તનતના ઇતિહાસમાં ઈ.સ. 1206થી 1290 સુધીનો સમય નિર્ણયાત્મક તેમ જ અનેકવિધ પડકારોથી ભરપૂર રહ્યો. આ કાળની મુખ્ય વિશેષતા એ હતી કે એક બાજુ ઘોરી વંશના શાસક વર્ગમાં અનેકવિધ આંતરિક સંઘર્ષ હતો, તો બીજી બાજુ તુર્કોએ નવોદિત રાજપૂત વિદ્રોહો વિરુદ્ધ પણ સંઘર્ષ કરવો પડ્યો.

ઈ.સ. 1206માં મુહમ્મદ ઘોરીના અચાનક અવસાન પછી તેના ત્રણ મહત્ત્વના સેનાપતિઓ (1) તાજુદ્દીન યિલ્દિઝ (2) નાસિરુદ્દીન કુબાચા અને (3) કુતુબુદ્દીન ઐબક વચ્ચે સર્વોપરિતા માટે સંઘર્ષ શરૂ થઈ ગયો. તાજુદ્દીન યિલ્દિઝ પાસે અફઘાનિસ્તાન અને સિંધની વચ્ચેના માર્ગ પર આવેલા કર્મણ અને સંકુરનના પ્રદેશો હતા. નાસિરુદ્દીન કુબાચાનું ઉચ્છ પર મહત્ત્વપૂર્ણ નિયંત્રણ હતું. જ્યારે કુતુબુદ્દીન ઐબકને પ્રથમથી જ તેના માલિક મુહમ્મદ ઘોરી દ્વારા 'વાયસરોય' તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. તે ભારતમાંની તુર્ક સેનાનો સેનાપતિ પણ હતો. એક અર્થમાં હજી પણ તે એક ગુલામ જ હતો, પરંતુ તેના માલિકના અવસાન પછી તરત જ તેને 'સુલતાન'ની ઉપાધિ આપવામાં આવી. દિલ્હી સલ્તનતની ઔપચારિક રીતે સ્થાપના, એક સ્વતંત્ર ઓળખાણના રૂપમાં આ ઘટનાથી જ થાય છે. આગામી ઘટનાક્રમોએ તેને વાસ્તવિક સ્વરૂપ પ્રદાન કર્યું.

પંજાબ ઉપર અધિકાર કરવાની યિલ્દિઝની અભિલાષાને નિષ્ફળ બનાવવા માટે પોતાના ચાર વર્ષના ટૂંકા શાસનકાળમાં કુતુબુદ્દીન ઐબક (અવસાન ઈ.સ. 1210) પોતાની રાજધાની લાહોર લઈ ગયો. ખ્વારિઝમના શાહ જે દઢતા સાથે ઘોર તરફ આગળ વધી રહ્યો હતો, તેને લીધે યિલ્દિઝ ખુદને ભારતમાં સ્થાપિત કરવા માટે બાધ્ય હતો.

ઐબકના ઉત્તરાધિકારી તરીકે તેના જમાઈ ઇલ્તુત્મિશે ગાદી સંભાળી અને તે પોતાની રાજધાની પાછી દિલ્હી લઈ આવ્યો. તુર્કો દ્વારા વિજિત પ્રદેશો તેના નિયંત્રણમાંથી બહાર નીકળી ગયા હતા અને જેમની પર અંકુશ મેળવી લેવામાં આવ્યો હતો તેવા રાજપૂત સરદારોએ નજરાણાં દેવાનું બંધ કરી દીધું હતું તથા તેની સર્વોપરિતા સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો હતો. ઇલ્તુત્મિશના


DELHI SULTANATE
c. 1235 A.D.
APPROXIMATE BOUNDARY
KABUI
GHAZNI
Jhelum R.
Chenab R.
Beas R.
Indus R.
Ravi R.
LAHORE
MULTAN
DIPALPUR
BHATINDA
BHATNAIR
UCH
KATEHAR
NEPAL
TIRHUT
KOCH
INDERPAT
DELHI
BARAN
BADAUN
ALIGARH
Ganges R.
KANAUJ
ETAWAH
NAGAUR
MANDOR
AJMER
BAYANA
GWALIOR
RANTHAMBHOR
KALPI
TATTAH
JALOR
LAKHNAUTI (GAUR)
MONGHYR
BODHGAYA
ANHILWARA
UJJAIN
Narmada R.
NADIA
JAJNAGAR

શાસનકાળના એક સદીના ચોથા ભાગ (ઈ.સ. 1210-1236) દરમિયાન ગુમાવેલા પ્રદેશો પર પુન: સર્વોપરિતા સ્થાપિત કરવા તરફ ભાર મૂકવામાં આવ્યો. ઈ.સ. 1215માં યિલ્દિઝને તરાઈનમાં પરાજિત કરવામાં આવ્યો અને ઈ.સ. 1217માં ઇલ્તુત્મિશે કુબાચા પાસેથી લાહોર કબજે કરી લીધું અને તેને પોતાના એક ગવર્નરને હવાલે મૂકવામાં આવ્યું.

આ ઘટનાનાં ત્રણ વર્ષની અંદર જ, જલાલુદ્દીન મંગબર્નીનો પીછો કરતાં કરતાં મંગોલો ચંગીઝખાનના નેતૃત્વ તળે સિંધુ નદી સુધી આવી ચડ્યા. જલાલુદ્દીન ખ્વારિઝમના શાસકનો પુત્ર હતો, જેણે પંજાબમાં આશરો લીધો હતો. 13મા એકમમાં આપણે મંગોલો દ્વારા નાશ કરવામાં આવેલ ઇસ્લામી રાજ્યોનું વર્ણન કર્યું હતું. આ પછીથી મંગોલો દિલ્હી સલ્તનતના શાસકો માટે ચિંતાનો વિષય બની રહ્યા હતા. 13-14મી સદી દરમિયાન મંગોલો દ્વારા કરવામાં આવેલ આક્રમણો અંગે આપણે આ એકમના હવે પછીના ભાગમાં ચર્ચા કરીશું.

જોકે મંગોલોની હાજરીએ ઉત્તર-પશ્ચિમમાં સલ્તનતને સુદૃઢ કરવાની ઇલ્તુત્મિશની યોજનાને નિષ્ફળ બનાવી હતી; પરંતુ તેણે એવી પરિસ્થિતિઓનું નિર્માણ કર્યું જેનાથી કુબાચા, જેના નિયંત્રણમાં ઉચ્છ હતું, તેનું રાજ્ય નષ્ટ થઈ ગયું. તેને મંગબર્નીના આક્રમણનો સામનો કરવો પડ્યો. પરિણામે ઇલ્તુત્મિશે ભટીંડા, કુહરામ તથા સરસુતી પર અધિકાર જમાવી દીધો. ઈ.સ. 1226ની આસપાસ તેણે મુલતાન તેમ જ ઉચ્છ એમ બે તરફથી આક્રમણ કર્યું. કુબાચા હાર્યો અને સિંધુ નદીમાં ડૂબી મર્યો. દિલ્હી સલ્તનત માટે ઉત્તર-પશ્ચિમ પર અધિકાર કરવાનું કામ હવે સરળ બની ગયું. રાજપૂતાનામાં રણથંભોર, મંદૌર, જાલોર, બયાના તેમ જ થાનગીરને પુન: પ્રાપ્ત કરવામાં પણ તુર્કો સફળ રહ્યા. ઈ.સ. 1225 બાદ ઇલ્તુત્મિશ પૂર્વ તરફ આગળ વધ્યો. અહીં-તહીં સૈનિક સફળતાઓ સિવાય, બંગાળમાં લખનૌતી તથા બિહારના શાસકો સલ્તનતની સર્વોપરિતાને નજરઅંદાજ કરી અવગણી રહ્યા હતા. ઇલ્તુત્મિશની સફળતાઓના સંદર્ભમાં એક આધુનિક ઇતિહાસકાર નોંધે છે કે ''વહીવટી તંત્રનું પ્રાથમિક માળખું તૈયાર કરવાને કારણે સલ્તનત ઇલ્તુત્મિશની આભારી હતી. તેણે નિરંકુશ રાજ્યતંત્રનો પાયો નાખ્યો અને પાછળથી આ રાજ્યતંત્રના સહારે ખિલજીઓના અધિકાર તળે તેનો ઉપયોગ સૈનિક સામ્રાજ્યવાદના તંત્રના રૂપમાં થયો. ઐબકે દિલ્હી સલ્તનત અને તેના સાર્વભૌમત્વનો પાયો નાખ્યો, તો ઇલ્તુત્મિશ નિ:સંકોચપણે તેનો પ્રથમ સુલતાન હતો.''

ઇલ્તુત્મિશના અવસાન બાદ તુર્ક અમીરોમાં જૂથબંધી અને આંતરકલહ ઉગ્ર બન્યો. લગભગ ત્રીસ વર્ષ સુધી ઇલ્તુત્મિશના ઉત્તરાધિકારીઓ તરીકે ચાર શાસકોએ દિલ્હી સલ્તનત ઉપર રાજ્ય કર્યું. આ સમય દરમિયાન મહત્ત્વપૂર્ણ રાજકીય નિર્ણયો લેનાર અગત્યનો સમૂહ 'તુર્કાન-ઈ-ચિહિલગાની બન્દાગાન-ઈ-શમસી'(ઇલ્તુત્મિશના 40 તુર્ક ગુલામ અધિકારીઓ)ના નામથી ઓળખાતો હતો. 14મી સદીના તવારીખકાર ઝિયાઉદ્દીન બર્નીએ આ સંકટકાલીન વરસોનું ટૂંકું છતાં અતિ રોચક શૈલીમાં વર્ણન કર્યું છે. તે લખે છે: ''શમસુદ્દીન ઇલ્તુત્મિશના કાળમાં અતિ મહત્ત્વપૂર્ણ માલિકો, વજીરો, જે શિક્ષિત, બુદ્ધિશાળી તેમ જ યોગ્ય હતા, તેઓની હાજરીથી સુલતાનના દરબારમાં એક પ્રકારની સ્થિરતા આવી. પરંતુ સુલતાનના અવસાન પછી તેના 40 ગુલામ અધિકારીઓએ દરબારી રાજનીતિમાં સર્વોચ્ચતા મેળવી લીધી. સર્વોચ્ચતા મેળવનાર આ તુર્ક ગુલામ અધિકારી જે કુલીન વર્ગ સાથે જોડાયેલા હતા, શમ્સુદ્દીનના ઉત્તરાધિકારીઓના શાસનકાળમાં જુદા જુદા બહાનાંઓ તળે નાશ કરી દેવામાં આવ્યો.''

બર્નીએ પોતાના મુખ્ય વિવરણમાં તત્કાલીન ઘટનાક્રમો પર પણ પ્રકાશ પાડ્યો છે. ઈ.સ. 1235થી 1265 વચ્ચે રાજકીય ઘટનાક્રમ રાજગાદી તેમ જ અભિજાત કે કુલીન વર્ગના સૈનિકો વચ્ચે સંઘર્ષ અહીં-તહીં ફરતો રહ્યો. સૈનિકોનો કુલીન વર્ગ પોતાના વિશેષાધિકારો જાળવી રાખવા દૃઢ નિર્ધાર કરીને બેઠો હતો અને ઘણું કરીને સંતુલન આ કુલીન વર્ગના સૈનિકોના પક્ષમાં જ રહ્યું.

આ પરિસ્થિતિઓમાં સલ્તનતના અસ્તિત્વ સામે જ પ્રશ્નાર્થચિહ્ન લાગી ગયું. જ્યારે નાના-નાના રાજપૂત સરદારો તેમ જ સ્થાનીય સામંતોએ કેન્દ્રની અવહેલના કરવાનું શરૂ કર્યું ત્યારે રાજકીય અસ્થિરતા વધુ વકરી ગઈ. આ ઉપરાંત મંગોલ આક્રમણકારીઓ હજી પણ પંજાબ અને તેની આસપાસના પ્રદેશોમાં સક્રિય હતા.

ઈ.સ. 1265માં બલ્બનના રાજ્યારોહણની સાથે જ સલ્તનતને એક 'લોખંડી તાકાતવાળો' શાસક મળી ગયો. બલ્બને પોતાના બે મુખ્ય ઉદ્દેશો નક્કી કર્યા:

1. દરબારી ઉત્સવોની શાન-શૌકત દ્વારા 'તાજ'ની પ્રતિષ્ઠા પ્રસ્થાપિત કરવી, શાસનની પરંપરાઓનું પાલન કરવું, જેનાથી શાસકનું સ્થાન સામાન્ય જનતાથી જુદું જ બની રહે તથા સુલતાન તેઓ માટે ભયનું પ્રતીક બની રહે.
2. તુર્ક શક્તિને વધુ સુદૃઢ કરવી, બળવાઓને દૃઢતાથી કચડી નાખવા અને વહીવટી તંત્રને ક્રિયાશીલ કરવું.

બલ્બનના અવસાન (ઈ.સ. 1286)ની સાથે જ રાજગાદી માટે ફરી એક વાર સંઘર્ષ શરૂ થયો. બલ્બને પોતાના મોટા પુત્ર મોહમ્મદના પુત્ર કૈકુસરોને પોતાના ઉત્તરાધિકારી તરીકે જાહેર કર્યો હતો, પરંતુ અમીર વર્ગે બુઘરાખાનના પુત્ર કૈકૂબાદને રાજગાદી પર બેસાડવામાં મદદ કરી. બે વર્ષથી પણ વધુ સમય માટે રાજગાદી માટે સંઘર્ષ ચાલતો રહ્યો. આખરે, જલાલુદ્દીન ખિલજી, જે આ સમયે અમીર-ઉમરાવોનો નેતા હતો, રાજગાદી મેળવવામાં સફળ થયો. તેની આ કાર્યવાહીનો જોરદાર વિરોધ થયો. કારણ કે આ સમયે એવું દૃઢતાપૂર્વક માનવામાં આવતું હતું કે ખિલજીઓ તુર્ક જાતિના નથી બલ્કે તે અન્ય જાતિના છે. ઈ.સ. 1206 થી 1290 દરમિયાન ખિલજીઓ મહત્ત્વપૂર્ણ હોદ્દાઓ પર આરૂઢ રહ્યા. દા.ત. બખ્તિયાર ખિલજી ખુદ પશ્ચિમી પંજાબમાં રસુનામનો મુકતી હતો.

જલાલુદ્દીન ખિલજીએ પોતાના રાજ્યને સુદૃઢતા આપવાનું શરૂ કર્યું. પરંતુ ઈ.સ. 1296માં તેના ભત્રીજા અલાઉદ્દીન ખિલજીએ તેનો વધ કરી સલ્તનતની રાજગાદી પર અધિકાર મેળવી લીધો. લગભગ વીસ વર્ષ સુધી અલાઉદ્દીન ખિલજીના સબળ લશ્કરી નેતૃત્વ તળે સલ્તનતે વિજયો મેળવવાની નીતિનું અનુસરણ કર્યું. આ અંગે તમે 15મા એકમમાં અભ્યાસ કરશો.

**'તમારી પ્રગતિ ચકાસો'-3**

1. કુતુબુદ્દીન ઐબકે તથા ઇલ્તુત્મિશે યિલ્દિઝની તાકાત કેવી રીતે કચડી નાખી ?

..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

2. "ભારતમાં દિલ્હી સલ્તનતનો વાસ્તવિક સ્થાપક ઇલ્તુત્મિશ હતો." - આ વિધાન સમજાવો.

..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

3. બલ્બને રાજાશાહીના કયા સિદ્ધાંતો નક્કી કર્યા ?

..............................................................................................................
..............................................................................................................
..............................................................................................................

## 14.7 મંગોલ સમસ્યા (The Mongol Problem)

એકમ 13માં આપણે પહેલાં જ મધ્ય એશિયા તેમ જ ઈરાનમાં મંગોલ સત્તાના ઉદય અંગે જોઈ ગયા. અહીં આપણે ભારતના ઉત્તર-પશ્ચિમ સીમાડા પર ઝળૂંબતા મંગોલ ભય અને તેનાં પરિણામો પર મુખ્યત્વે ભાર મૂકીશું.

મધ્ય એશિયાની રખડતી-ભટકતી આ ઝનૂની જાતિને તેમના મહાન ખાન ચંગીઝખાને સામ્રાજ્યનાં સ્વપ્નાં દેખાડ્યાં હતાં. ચંગીઝખાનના નેતૃત્વ તળે મંગોલો મધ્યયુગી એશિયાની સૌથી મહાન રાજકીય અને લશ્કરી સત્તા તરીકે આગળ આવ્યા. ચંગીઝખાનની સામ્રાજ્ય વિસ્તારની દોડ ચીનથી માંડીને મધ્ય એશિયા અને પશ્ચિમ એશિયાને આંબી વળી હતી.

હિંદુકુશ પર્વતમાળા દ્વારા વિભાજિત કાબુલ-ગઝની-કંદહાર હરોળ પર દિલ્હી સલ્તનતનું નિયંત્રણ એક કાયમી 'વૈજ્ઞાનિક સીમાઓ'ના સ્થાયિત્વ પૂરતું જ મહત્ત્વનું ન હતું, બલ્કે એ પણ એક હકીકત હતી કે આ માર્ગ ભારતને મોટા 'સિલ્ક માર્ગ'(Silk Route)થી જોડતો હતો, જે માર્ગ ચીનથી મધ્ય એશિયા તેમ જ ઈરાન થઈને પસાર થતો હતો. પરંતુ મધ્ય તેમ જ પશ્ચિમ એશિયામાં થયેલાં પરિવર્તનોને લીધે નવપ્રસ્થાપિત તુર્કી રાજ્ય આ કાર્ય કરી શક્યું નહીં. મંગોલ આક્રમણોને લીધે ઊભી થયેલી વિકટ પરિસ્થિતિએ દિલ્હી સલ્તનતના પ્રાદેશિક વિસ્તારને ચિનાબ નદી સુધી જ મર્યાદિત બનાવી દીધો, જ્યારે સતલજનો પ્રદેશ સંઘર્ષોનું મુખ્ય કેન્દ્ર બની રહ્યો. આમ સિંધુ નદી ભારતની એકમાત્ર 'સાંસ્કૃતિક સીમા' બની રહી અને તમામ વ્યાવહારિક ઉદ્દેશોને માટે નિયંત્રણરેખા માત્ર સિંધુ નદીના પશ્ચિમ ભાગ સુધી મર્યાદિત હતી. દિલ્હી સલ્તનતના નવા સ્થપાયેલા તુર્કી સામ્રાજ્ય માટે મંગોલ ભય ઝઝૂમતો હતો. આ ભય ઇતિહાસપ્રસિદ્ધ ચંગીઝખાનનો હતો. દિલ્હી સલ્તનતના ઉદયકાળે અને પછીથી તેના વિકાસના તબક્કે જો સૌથી મોટું અવરોધાત્મક પરિબળ રહ્યું હોય તો તે વાયવ્ય સરહદેથી સતત આવ્યા

કરતાં મંગોલ ધાડાં અંગેનું હતું. પ્રો. કે. એ. નિઝામીએ દિલ્હી સલ્તનતના શાસકો દ્વારા મંગોલ ભય સામે અપનાવેલ દૃષ્ટિકોણને ત્રણ રીતે - (1) અલગતાવાદ, (2) તુષ્ટિકરણ અને (3) વિરોધ – મૂલવવાનો પ્રયાસ કર્યો છે.

ચંગીઝખાને ખ્વારિઝમના શાહ જલાલુદ્દીનને હરાવતાં તે ઈ.સ. 1221માં આશરો લેવા ભારત આવ્યો. આ સમયે દિલ્હી સલ્તનતના શાસક ઇલ્તુત્મિશે દીર્ઘદૃષ્ટિ વાપરી જલાલુદ્દીનને દિલ્હીની હવા માફક નહીં આવે એવું બહાનું બતાવી, આશરો આપવાની કુનેહપૂર્વક ના પાડી. જલાલુદ્દીન હતાશ થઈ ઇરાક તરફ નાસી ગયો. મંગોલોને પણ ભારતની ગરમ હવા માફક આવે તેમ ન હતી. પરિણામે તેઓ પંજાબમાંથી જ પાછા ફરી ગયા. ડૉ. વી. એસ. ભાર્ગવ નોંધે છે : ‘‘ઇલ્તુત્મિશની દૂરદર્શિતા તથા કુદરતની સહાયતાથી ભારત એક વિનાશક આપત્તિમાંથી ઊગરી ગયું.’’

ઈ.સ. 1240-1266 દરમિયાન મંગોલોએ પ્રથમ વાર જ કોઈ પણ કારણસર ભારત પર અધિકારની નીતિનું અનુસરણ કર્યું. આ ગાળા દરમિયાન સલ્તનત ઉપર મંગોલો તરફથી ગંભીર ખતરાનો ભય ઝળૂંબતો રહ્યો. મધ્ય એશિયામાં આવેલા પરિવર્તને આમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઈ.સ. 1241માં તૈર બહાદુરે લાહોર પર આક્રમણ કર્યું અને શહેરનો સંપૂર્ણપણે નાશ કર્યો. આ સાથે મંગુખાનની સરદારી નીચે ઈ.સ. 1245 અને 1246માં બે અન્ય આક્રમણો થયાં. નાસિરુદ્દીનના શાસનકાળમાં બલ્બન દ્વારા કરવામાં આવેલા ખાસ પ્રયત્નો છતાં પણ ઈ.સ. 1241-66ની વચ્ચે સલ્તનતના સીમાડાઓ બિયાસ નદી સુધી જ મર્યાદિત રહ્યા.

બલ્બને નવા પ્રદેશો જીતવાનું મોકૂફ રાખ્યું. કહેવાય છે કે જ્યારે તેના સલાહકારોએ નવા પ્રદેશો જીતવાની તેને વિનંતી કરી ત્યારે તેણે કહ્યું હતું કે ‘‘દિલ્હીને બગદાદ બનાવવાની મારી ઇચ્છા નથી.’’ (ઈ.સ. 1258માં મંગોલખાન હલાગુએ બગદાદને જીતી લઈ ખલિફા મુસ્તસિમને બહુ ક્રૂરતાપૂર્વક મારી નાખેલો.) ઝિયાઉદ્દીન બર્ની પણ લખે છે : ‘‘તામીરખાન તથા આદિલખાન જેવા અમીર કુલીનોએ બલ્બનને માળવા અને ગુજરાત પર આક્રમણ કરવાની અને વિસ્તારવાદી નીતિ અપનાવવાની સલાહ આપી ત્યારે બલ્બને પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે ‘‘જ્યારે મંગોલોએ ઇસ્લામની સંપૂર્ણ ભૂમિ પર અધિકાર મેળવી લીધો છે, લાહોરનો નાશ કરવામાં આવ્યો છે અને તેને આધાર બનાવી પ્રત્યેક વર્ષે તેઓ આપણા દેશ પર આક્રમણ કરી રહ્યા છે, ત્યારે હું મારી રાજધાની કેવી રીતે છોડી શકું ? મંગોલ જરૂર આવી તકનો લાભ લઈ દિલ્હી પર અધિકાર કરી લેશે અને દોઆબને કચડી નાખશે. જ્યારે આપણું પોતાનું રાજ્ય (અસલામત) હોય ત્યારે પોતાના રાજ્યમાં શાંતિ જાળવી રાખવી અને પોતાની શક્તિને સુદૃઢ કરવી, અન્ય દેશોના પ્રદેશો પર આક્રમણ કરવાથી વધુ સારું છે.’’

બલ્બને મંગોલ વિરુદ્ધ ‘બળ અને કૂટનીતિ’ બંનેનો ઉપયોગ કર્યો. સલ્તનતની સીમા સુરક્ષા હરોળને મજબૂત કરવા પ્રયાસ કર્યો. બિયાસ નદીની પાર મંગોલ વિસ્તારને રોકવા માટે ભટીંડા, સુનામ, સમાના વગેરેના વ્યૂહાત્મક કિલ્લાઓનું સમારકામ કરાવ્યું. બલ્બને મુલતાન અને ઉચ્છ પર અધિકાર મેળવવામાં સફળતા મેળવી. પરંતુ પંજાબમાં તેના લશ્કર પર ભારે દબાણ રહ્યું. બલ્બને વ્યૂહાત્મક કિલ્લા સાથેના સમાના બુધરાખાનને અને મુલતાન સુબાગીરી પોતાના મોટા શાહજાદા મુહમ્મદખાનને સોંપી. મુહમ્મદ ખુદ એક શક્તિશાળી અને બહાદુર સેનાપતિ હતો. ઈ.સ. 1279માં મંગોલ ઉત્તર પંજાબ પર ચઢી આવ્યા અને તેમણે સતલજ નદી પણ ઓળંગી. શાહજાદા મુહમ્મદ તથા બુધરાખાનના લશ્કરે તેમને પાછા હાંકી કાઢ્યા. પરંતુ ઈ.સ. 1285માં મંગોલો તમરખાનની સરદારી નીચે ફરી ચઢી આવ્યા. તેમણે મુલ્તાન કબજે કર્યું. મુહમ્મદનું લડાઈમાં મૃત્યુ થયું. પરંતુ એક હકીકત એ છે કે ઈ.સ. 1295 સુધી મંગોલોએ દિલ્હી પર અધિકાર મેળવવા કોઈ ખાસ રસ દાખવ્યો નહીં.

ખિલજી વંશના શાસનકાળ દરમિયાન મંગોલ આક્રમણોનું વિસ્તારક્ષેત્ર ખૂબ જ આગળ વધ્યું. ઈ.સ. 1292માં મંગોલખાન હલાગુના પૌત્ર અબ્દુલ્લાના નેતૃત્વ તળે લગભગ દોઢ લાખની મંગોલ સેનાએ પંજાબ પર ભયંકર આક્રમણ કર્યું. તે છેક સુનામ સુધી આવી પહોંચ્યો. સુલતાન જલાલુદ્દીને આ પ્રસંગે વીરતા અને કુશળતાનો પરિચય આપ્યો, તે ખુદ વિશાળ લશ્કર સાથે અબ્દુલ્લાનો સામનો કરવા નીકળ્યો. ચડતી-પડતીના આ સંઘર્ષમાં મંગોલ સેના આખરે પરાજય પામી. બંને પક્ષો વચ્ચે સંધિ થઈ. મોટા ભાગનું મંગોલ લશ્કર પાછું ચાલ્યું ગયું. પરંતુ તેમાંથી જેઓને ઇસ્લામ સ્વીકારી દિલ્હીમાં વસવાટ માટે રહેવું હોય તેમને વસવાટ માટે પરવાનગી આપવામાં આવી. ઉલ્ગુખાન સહિત કેટલાક અમલદારો અને સૈનિકો ઇસ્લામ ધર્મ સ્વીકારીને ભારતમાં રોકાઈ ગયા. દિલ્હીની ભાગોળે સન્માન સાથે વસેલા આ મંગોલો ‘નવા મુસલમાનો’ તરીકે ઓળખાયા. જલાલુદ્દીન ખિલજીની આ એક ભૂલ હતી, કારણ કે દિલ્હી સલ્તનતના રાજકારણને ડહોળી નાખનાર જે અનેક પક્ષો હતા તેમાં પાછળથી આ ‘નવા મુસલમાનો’ના એક વધારે પક્ષનો ઉમેરો થયો જેણે સલ્તનતના સુલતાનો માટે અનેક સમસ્યાઓ ઊભી કરી. અલાઉદ્દીન ખિલજીને પણ પોતાના શાસનકાળના પ્રારંભે જ મંગોલ આક્રમણોનો સામનો કરવો પડ્યો, જે લગભગ દસ વર્ષ સુધી દિલ્હી સલ્તનત માટે ગંભીર સમસ્યારૂપ બની ગયા. પરંતુ

અલાઉદ્દીન ખિલજી તેના પુરોગામી સુલતાનો કરતાં વધારે મહત્ત્વાકાંક્ષી અને શક્તિશાળી હતો. ઈ.સ. 1297માં જ્યારે સુલતાનને સત્તારૂઢ થયાને એક વરસ પણ પૂરું થયું ન હતું તે દરમિયાન સુલેમાન પર્વતો પાર કરી આવેલા મંગોલોના હલ્લાઓનો તેને સામનો કરવો પડ્યો. લગભગ એક લાખના મંગોલ લશ્કરે પોતાના સરદાર કાદરના નેતૃત્વ તળે પંજાબમાં ભયંકર લૂંટફાટ કરી. પરંતુ સુલતાનના ચાર વફાદાર મિત્રોમાંનો એક ઝફરખાન તેમને પહોંચી વળ્યો. જલંદર પાસે મંગોલો હાર્યા. તેમની ભારે મોટા પાયા પર કતલ કરવામાં આવી.

ઈ.સ. 1299માં મંગોલ સરદાર સલ્દી દ્વારા આક્રમણ કરવામાં આવ્યું. ઝફરખાને વિજય મેળવી સલ્દી સહિત લગભગ 2000 મંગોલ સૈનિકોને કેદ પકડ્યા.

સલ્દીના આક્રમણના થોડા માસ પછી ઈ.સ. 1299માં જ મંગોલ સરદાર કુતુલુઘ ખ્વાજાના નેતૃત્વ નીચે લગભગ બે લાખનું મંગોલ લશ્કર ભારત પર ચઢી આવ્યું. દિલ્હીને પ્રથમ વાર જ લક્ષ બનાવી તેની પર આક્રમણ કરવામાં આવ્યું. અહીંથી દિલ્હી મંગોલ આક્રમણોનું કાયમી લક્ષ્ય બની ગયું. સુલતાન અલાઉદ્દીન ખિલજી માટે આ કપરો કસોટીકાળ હતો. છતાં તેણે અદ્વિતીય હિંમત અને ધીરજ રાખી, વળતે દિવસે જ મંગોલ સેના પર હલ્લો કર્યો. ઝફરખાને અદ્વિતીય પરાક્રમ દાખવ્યું, પરંતુ અંતે યુદ્ધમાં તે મરાયો. બીજી વાર કુતુલુઘખાને, અલાઉદ્દીન ખિલજી ચિતોડ સામેના જંગમાં રોકાયેલો હતો એ તકનો લાભ લઈ દિલ્હી પર આક્રમણ કર્યું. આ આક્રમણ એટલું ભયંકર હતું કે મંગોલોએ દિલ્હીમાં મોટા પાયા પર સર્વનાશ કર્યો. મંગોલ દિલ્હીમાં હતા એ દરમિયાન અલાઉદ્દીન ખિલજી શહેરમાં પ્રવેશવાનો પ્રયાસ પણ ન કરી શક્યો.

મંગોલોનાં સતત થઈ રહેલાં આક્રમણોએ અલાઉદ્દીનને કોઈ કાયમી સમાધાન શોધવા ફરજ પાડી. ભવિષ્યમાં આ પ્રકારનું પુનરાવર્તન ન થાય તે માટે અલાઉદ્દીન ખિલજીએ મોટા પાયા પર લશ્કરી ભરતી શરૂ કરી અને પંજાબ, મુલતાન તથા સિંધના સીમાવર્તી કિલ્લાઓનું સમારકામ કરાવ્યું તેમ જ જ્યાં જરૂર પડી ત્યાં નવા વ્યૂહાત્મક કિલ્લાઓ પણ બંધાવ્યા. દરેક કિલ્લામાં મજબૂત લશ્કરી ટુકડીઓ રાખી અને સુરક્ષાવ્યવસ્થા સંગીન બનાવી. પરિણામે ઈ.સ. 1306માં અલીબેગની સરદારી નીચે પંજાબ અને અમરાહો સુધી આવી પહોંચેલા મંગોલોને મલિક કાફૂર અને ગાઝી મલિકે મારી હઠાવ્યા.

ઈ.સ. 1307-08માં ઈકબાલ મંદની સરદારી નીચે મંગોલો છેલ્લી વાર ભારત પર ચડી આવ્યા, પરંતુ હાર્યા, તેમનો સરદાર કેદ પકડાયો અને માર્યો ગયો. શાહી સેના લૂંટફાટ કરતી અને કત્લેઆમ ચલાવતી છેક કાબુલ અને ગઝની સુધી પહોંચી. આ પછી ક્રોધે ભરાયેલા સુલતાન અલાઉદ્દીન ખિલજીએ દિલ્હી નજીક 'મુઘલપરા'માં વસતા 'નવા મુસલમાનો'ની પણ ભયંકર કતલ કરી, જેમાં આશરે 30,000 થી 40,000 કંગાળ મંગોલોની ઠંડે કલેજે હત્યાઓ કરવામાં આવી, તેમનાં ઘરબાર લૂંટી તેમનાં સ્ત્રી-બાળકોને ગમે ત્યાં ફગાવી દેવામાં આવ્યાં. ઇતિહાસકાર લેઈનપૂલ નોંધે છે કે 'હિંદુસ્તાનમાં સ્ત્રી-બાળકો પ્રત્યે આવી ક્રૂરતા એ એક નવી જ વસ્તુ હતી'. ખુદ ઝિયાઉદ્દીન બર્ની પણ નોંધે છે કે 'આજ સુધી પુરુષોનાં દુષ્કૃત્યોને કારણે તેમનાં સ્ત્રી-બાળકોને કોઈએ હાથ પણ લગાડ્યો ન હતો.'

આ પછી મંગોલો પ્રમાણમાં વધુ નબળા પડી ગયા અને એક તાકાત તરીકેના તેમના અસ્તિત્વ સામે પૂર્ણવિરામ મુકાઈ ગયું. વારંવારનાં આક્રમણોથી નિષ્ફળતા મેળવીને નિરાશ થયેલા મંગોલોએ ફરી ભારત પર ચઢી આવવાની હિંમત ન કરી, જેણે દિલ્હીના સુલતાનોને પોતાની સલ્તનતની સીમાઓ વિસ્તૃત કરવામાં મદદ કરી. મંગોલોનું અંતિમ મહત્ત્વપૂર્ણ આક્રમણ તરમા શિરીનના નેતૃત્વ તળે મુહમ્મદ તુઘલકના શાસનકાળ(ઈ.સ. 1325-1351)માં થયું.

આમ દિલ્હીના સુલતાનો મંગોલ સમસ્યાનું સમાધાન શોધવામાં અને મંગોલોનાં ખતરનાક આક્રમણો સામે પોતાના રાજ્યને સુરક્ષિત રાખવામાં સફળ રહ્યા, જેનાથી દિલ્હી સલ્તનતની તાકાત પણ સ્પષ્ટ થાય છે. આ સિવાય, મંગોલો દ્વારા મધ્ય તેમ જ પશ્ચિમી એશિયામાં વેરવામાં આવેલા સર્વનાશને લીધે મોટી સંખ્યામાં વિદ્વાનો, તત્ત્વચિંતકો, સાહિત્યકારો, કલાકારો તેમ જ અન્ય લોકો ભાગીને દિલ્હી આવ્યા, જ્યાં તેમણે દિલ્હીને મુસ્લિમ સંસ્કૃતિના એક મહાન નગર તરીકે ફેરવી નાખ્યું.

છેલ્લે, સમગ્ર ચર્ચાનો નિષ્કર્ષ કાઢતાં તટસ્થ વિચારકોએ આટલું તો સ્વીકારવું જ પડશે કે જો દિલ્હીમાં સલ્તનતનું શક્તિશાળી શાસન ન હોત તો આ મંગોલ ધાડાંઓની વણઝારને રોકી શકાત નહીં. તેમનો કાળો કેર દેશના દૂર દૂરના ભાગો સુધી પ્રસરી જાત. હૂણો કરતાં પણ તે વધુ ક્રૂર હતા તથા ભયંકર વિનાશલીલાથી આનંદિત થતા હતા.

## 14.8 ભારતમાં તુર્ક વિજયનાં રાજકીય પરિણામો

**(Political Consequences of the Turkish Conquest of India)**

ભારત પરના તુર્ક વિજયના કારણે ભારતના રાજકીય, આર્થિક અને સામાજિક ક્ષેત્રે દૂરગામી પરિવર્તનો આવ્યાં.

તુર્ક વિજયનું પ્રથમ મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે સામંતશાહી તેમ જ અનેક કેન્દ્રિત રાજનીતિનું

સ્થાન હવે એક એવી કેન્દ્રીયકૃત રાજકીય વ્યવસ્થાએ લીધું, જેમાં રાજાને અમર્યાદિત અધિકાર મળેલા હતા. 'સલ્તનત' જેનું આપણે એકમ 16માં વર્ણન કરીશું, તેમાં તેના આ સ્વરૂપને અભિવ્યક્ત કરવામાં આવ્યું છે.

જે મુખ્ય સંસ્થાને લીધે સલ્તનત સંભવી શકી, તે ઈકતા વ્યવસ્થા હતી. આ વ્યવસ્થા અનુસાર, મહેસૂલ અનુદાન હસ્તાંતરિત કરવામાં આવતું હતું. આ વ્યવસ્થાને સૈલજુકોએ પોતાના અબ્બાસિદ શાસનમાં અપનાવી હતી, પોતાની જરૂરિયાતોના સંદર્ભે તેમાં તેઓએ જરૂરી ફેરફારો પણ કર્યા હતા. તમે વિભાગ 5 અને 6માં 'ઈકતા'ના ઇતિહાસ અંગે વિસ્તૃત અભ્યાસ કરશો. અહીં માત્ર આપણે તેની મુખ્ય વિશેષતાઓનો જ ઉલ્લેખ કરીશું, જેના પરથી તમે એક ચિત્ર ઉપસાવી શકશો કે તેણે કેવી રીતે એક અલગ પ્રકારની રાજકીય પ્રણાલિકાને આધાર પૂરો પાડ્યો. આ પ્રકારની વ્યવસ્થા તળે રાજાના અધિકારીઓને મહેસૂલ એકઠું કરવા તથા લશ્કર અને ઘોડેસવારોના નિભાવ માટે અનુદાન સ્વરૂપે જમીન આપવામાં આવતી હતી. આ અધિકારીઓને 'મુકતી' કહેવામાં આવતા. તુર્કોના આગમન પહેલાં જમીન અનુદાન પ્રાપ્તકર્તાઓને માલિકીના સ્થાયી હક મળેલા હતા, પરંતુ આ 'ઈકતા' વ્યવસ્થામાં તેનું સ્થળાંતર થતું રહેતું હતું. એક વિશેષ સ્થાન પર સામાન્યત: ત્રણ કે ચાર વર્ષ સુધી ચાલુ રહેતા હતા. જો સંપૂર્ણતયા સલ્તનતના દૃષ્ટિકોણથી જોઈએ તો જણાય છે કે આ વ્યવસ્થા અનુદાન પ્રાપ્ત કરનારને એક હદ સુધી કેન્દ્રીય સત્તા પર નિર્ભર બનાવતી હતી. પરંતુ અગાઉની ભારતીય પરંપરાઓમાં આ શક્ય ન હતું. જ્યાં રાજા, રાણા તેમ જ ઠાકોરો દેશની એકતા ટકાવી રાખવામાં નિષ્ફળ ગયા ત્યાં તુર્કોએ 'અખિલ ભારતીય સ્તરના વહીવટ'ની સ્થાપના કરવામાં સફળતા મેળવી. મુખ્ય નગરો તેમ જ મોટા વ્યાપારી માર્ગોને દિલ્હી સલ્તનતના નિયંત્રણમાં લાવીને આ તેમણે સિદ્ધ કરી બતાવ્યું.

ઈકતા વ્યવસ્થાએ જ્યાં એક નિરંકુશ રાજ્યને માટે આધાર ઉપલબ્ધ કરાવ્યો ત્યાં ખેતી સિવાયના ઉત્પાદનને એકત્રિત કરવા માટેનું એક સાધન પણ બની ગઈ. તુર્કો પોતાની સાથે નગર-વસવાટની પરંપરાને લઈને આવ્યા હતા. તેનું પરિણામ એ આવ્યું કે દેશના ગ્રામીણ વિસ્તારોમાંથી વધારાનું ઉત્પાદન જમીન મહેસૂલના રૂપમાં નગરોમાં આવવા લાગ્યું. આથી શહેરી અર્થવ્યવસ્થામાં પૂરતા પ્રમાણમાં વધારો થયો. તુર્કો પોતાની સાથે 'રહટ' (Persian wheel) અને ચરખા લાવ્યા હતા. 'રહટ'થી ખેતીનું ઉત્પાદન વધારવામાં ઠીક ઠીક માત્રામાં સહાયતા મળી.

**'તમારી પ્રગતિ ચકાસો'-5**

1. મંગોલોનાં આક્રમણોનો સામનો કરવા માટે દિલ્હીના સુલતાનોએ કઈ નીતિ અપનાવી ?
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
2. ઝિયાઉદ્દીન બર્નીએ ઇલ્તુત્મિશના શાસનકાળના કરેલા બયાનનો ટૂંકમાં ખ્યાલ આપો.
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
3. ભારતમાં તુર્ક વિજયનાં રાજકીય પરિણામોનું વિવેચન કરો.
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................

## 14.9 સારાંશ

આ એકમનો પ્રારંભ તુર્ક આક્રમણના સમયે ભારતની રાજકીય પરિસ્થિતિથી થાય છે. આ સમયે રાજકીય દૃષ્ટિએ ભારત છિન્નભિન્ન હતું. ભારત અનેક નાનાંમોટાં રાજ્યોમાં વિભાજિત થયેલું હતું. આ રાજ્યો પર રાજાઓ તેમ જ નાનામોટા સરદારો દ્વારા સ્વતંત્રપણે રાજ્યો ચલાવવામાં આવતાં હતાં. મુહમ્મદ ઘોરીએ આ રાજ્યોને પોતાના આધિપત્ય તળે લાવવાનો

પ્રયાસ કર્યો જેનું અંતિમ પરિણામ તરાઈનના યુદ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણના પરાજયમાં પરિણમ્યું. આ ઘટનાએ ભારતમાં તુર્ક રાજ્યનો પાયો નાખ્યો. મુહમ્મદ ઘોરીની વિદાય પછી તેનો સેનાપતિ કુતુબુદ્દીન ઐબક ભારતમાં તુર્ક સત્તાની સ્થાપના માટે પ્રયત્નશીલ બન્યો. આ દરમિયાન ઐબકે પ્રથમ હરોળના શત્રુ યિલ્દિઝનો નાશ કર્યો, પરંતુ કુબાચાનો નાશ કરવામાં તે નિષ્ફળ રહ્યો, જે કાર્ય પાછળથી ઇલ્તુત્મિશે કર્યું. ઇલ્તુત્મિશે દિલ્હી સલ્તનતનો માત્ર વિસ્તાર જ નહીં, બલ્કે '40ના દળ'ના નામે પ્રસિદ્ધ અમીરોના જૂથની મદદથી વહીવટી તંત્રને પણ સંગઠિત અને મજબૂત બનાવ્યું. તેણે 'ઈકતા' વ્યવસ્થાને લાગુ કરી, જેણે વહીવટને કેન્દ્રીકૃત બનાવવામાં ઠીક ઠીક પ્રમાણમાં મદદ કરી. આ એકમમાં તુર્કોની સફળતા માટેનાં કારણો અને તેનાં પરિણામોની પણ ચર્ચા કરવામાં આવી છે. તુર્કોની સફળતા માટેનું મુખ્ય કારણ તેની સર્વોચ્ચ એવી લશ્કરી ટેકૂનિક જવાબદાર હતી. બીજી બાજુ, ભારતીય લશ્કર સામંતશાહી સૈન્યવ્યવસ્થા પર નિર્ભર હતું, જે તેની એક વિશિષ્ટતા હતી. તુર્કોનો વિજય માત્ર એક વંશ દ્વારા બીજા વંશનું સ્થાનાંતરણ જ ન હતું, પરંતુ આ વિજયે ભારતની રાજનીતિ, સમાજ તેમ જ અર્થવ્યવસ્થા પર દૂરગામી અસરો પાડી.

## 14.10 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો-1**

1. વિભાગ 14.2 (1) જુઓ
2. વિભાગ 14.2 (2) જુઓ
3. વિભાગ 14.1 જુઓ

**'તમારી પ્રગતિ ચકાસો-2**

1. (1) વિભાગ 14.3 જુઓ
   (2) વિભાગ 14.4 જુઓ
2. વિભાગ 14.4 જુઓ
3. (1) વિભાગ 14.3 જુઓ
   (2) વિભાગ 14.4 જુઓ
   (3) વિભાગ 14.3 જુઓ

**'તમારી પ્રગતિ ચકાસો-3**

1. વિભાગ 14.5 જુઓ
2. વિભાગ 14.5 જુઓ
3. વિભાગ 14.5 જુઓ

**'તમારી પ્રગતિ ચકાસો-4**

1. વિભાગ 14.6 જુઓ
2. વિભાગ 14.5 જુઓ
3. વિભાગ 14.7 જુઓ

## 14.11 ચાવીરૂપ શબ્દો (Key Works)

| | |
|---|---|
| **સામંત** | - સમ્રાટ કે મહાન શાસકના ખંડિયા જાગીરદાર - ઉપરાજા |
| **છૂત** | - આભડછેટ - અસ્પૃશ્યતાનો ખ્યાલ |
| **બન્દગાન શમ્સી** | - ઇલ્તુત્મિશના 40 અમીરોનું જૂથ |
| **ઈક્તા** | - પ્રાંતને મળતું રાજ્યનું રાજકીય તથા મહેસૂલી એકમ |
| **પવનચક્કી** | - કૂવા કે ઊંડાણમાંથી પાણી ખેંચવા માટેનું સાધન |
| **રાય** | - ખંડિયા ઉપરાજા |
| **રાણા** | - સ્વતંત્ર રાજપૂત રાજા |
| **બર્બર** | - મધ્ય એશિયાની એક ટોળી કે જાતિ |

# એકમ 15 પ્રાદેશિક વિસ્તાર (Territorial Expansion)

**રૂપરેખા**

15.0 હેતુઓ
15.1 પ્રાસ્તાવિક
15.2 ખિલજી શાસનનો વિસ્તાર
15.2.1 પશ્ચિમ તથા મધ્ય ભારત
15.2.2 ઉત્તર-પશ્ચિમ તથા ઉત્તર ભારત
15.2.3 દક્ષિણ ભારત
15.3 તુઘલક શાસનનો વિસ્તાર
15.3.1 દક્ષિણ ભારત
15.3.2 પૂર્વ ભારત
15.3.3 ઉત્તર-પશ્ચિમ તથા ઉત્તર ભારત
15.4 સારાંશ
15.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
15.6 ચાવીરૂપ શબ્દો
15.7 પરિશિષ્ટ
કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 15.0 હેતુઓ

એકમ 14માં તમે અભ્યાસ કરી ગયા કે દિલ્હી સલ્તનતના શાસકોએ લશ્કરી વિજયો મેળવ્યા બાદ સલ્તનતને સુદઢતા પ્રદાન કરવાના પ્રયાસો કર્યા. આથી દિલ્હી સલ્તનતના શાસનકાળના પ્રારંભિક સો વર્ષમાં વિજય મેળવેલા પ્રદેશોના પ્રાદેશિક વિસ્તારમાં કોઈ વધારો થયો નહીં. સલ્તનતને સ્થાયિત્વ મળ્યા પછી જ 14મી સદીમાં સલ્તનતના સીમાડાઓની વૃદ્ધિ કે વિસ્તાર પાછળ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. આ એકમનો અભ્યાસ કર્યા બાદ તમને -

- 14મી સદીમાં દિલ્હી સલ્તનતના સીમાડાઓમાં ઉત્તર, ઉત્તર-પશ્ચિમ તથા ઉત્તર-પૂર્વમાં થનારા પ્રાદેશિક વિસ્તારની તથા
- દક્ષિણ ભારત તરફ થનારા પ્રાદેશિક વિસ્તારની જાણકારી મળી રહેશે.

## 15.1 પ્રાસ્તાવિક

13મી સદીના મધ્ય ભાગમાં તુર્ક સુલતાનો દ્વારા પ્રારંભનો પ્રાદેશિક વિસ્તાર કરવાનો ઊભરો શાંત થયા બાદ પછીના સુલતાનોનો મુખ્ય ઉદ્દેશ સલ્તનતને દઢતા પ્રદાન કરવાનો હતો. આથી ખિલજી વંશની સ્થાપના સુધી સલ્તનતના પ્રારંભિક સીમાડાઓમાં કોઈ નોંધપાત્ર વધારો થયો ન હતો. 13મી સદીના અંત ભાગમાં ખિલજીઓ દ્વારા તુર્કી શાસનનો તખ્તો પલટી નાખવામાં આવ્યો. આમ થતાં શાસક વર્ગના વ્યક્તિગત ચારિત્ર્યમાં જબરું પરિવર્તન આવ્યું. આ એક અતિ મહત્ત્વપૂર્ણ ઘટના હતી. સલ્તનતની મોકળાશભરી નીતિ અને સલ્તનતના મામલાઓની વ્યવસ્થા કરવા માટે વિભિન્ન પ્રકારના શાસક સમૂહોની ભૂમિકાના પરિણામ સ્વરૂપ પ્રાદેશિક વિસ્તાર કરવો શક્ય બન્યો. જલાલુદ્દીન ફિરોઝ ખિલજી દ્વારા સત્તાગ્રહણ કર્યા બાદ ઝાઈન તેમ જ રણથંભોરમાં થયેલ લૂંટફાટે એ સાબિત કરી દીધું કે પ્રાદેશિક વિસ્તાર કરવો એ એક રાજકીય જરૂરિયાત બની ગઈ હતી. પડોશી રાજ્યો શક્તિશાળી બની ગયાં હતાં અને તેમના દ્વારા કરવામાં આવનાર કોઈ પણ સંગઠિત પ્રયાસો દિલ્હી સલ્તનત માટે મોંઘા સાબિત થાય તેમ હતા. આ સિવાય અલાઉદ્દીન ખિલજીના શાસનકાળમાં આક્રમણનું એક કારણ પ્રાદેશિક વિસ્તારનું હતું, તેમાં હવે ધન એકત્રિત કરવાની લાલચ પણ તેની સાથે ભળી ગઈ. 14મી સદીના પ્રારંભમાં આ બંને કારણોએ પ્રાદેશિક વિસ્તારની ગતિને સુનિશ્ચિત રૂપ આપ્યું.

## 15.2 ખિલજી શાસનનો વિસ્તાર (Expansion under the Khaljis)

જલાલુદ્દીન ખિલજીએ પોતાના શાસનકાળ દરમિયાન (1290-1296 A.D.) શાંતિ, દયા અને ઉદારતાનો માર્ગ સ્વીકાર્યો. પ્રાદેશિક વિસ્તારના કાર્યક્રમને અમલમાં મૂકવા માટે આ પ્રથમ ખિલજી શાસક પાસે ન તો દઢ ઇચ્છાશક્તિ હતી કે ન તો પૂરતા પ્રમાણમાં સાધનો હતાં. તેના છ વર્ષના શાસનકાળને સુલતાનની નીતિઓ તથા તેના સમર્થકોના સ્વાર્થોની વચ્ચે સમભાવ ટકાવી રાખવા આંતરિક વિરોધાભાસોએ જાણે કે જકડી લીધો હતો. દુર્ભાગ્યે સમસ્યાઓનું સમાધાન સુલતાન જલાલુદ્દીન ખિલજીની હત્યાના રૂપમાં થયું. અલાઉદ્દીન ખિલજી જલાલુદ્દીન

ખિલજીનો હત્યારો તેમ જ ઉત્તરાધિકારી હતો. સામ્રાજ્ય વિસ્તાર માટે તેની યોજના જુદી જ હતી. તે પ્રાદેશિક અધિગ્રહણ તથા સલ્તનતના વિસ્તારનો તે યુગનો અગ્રદૂત હતો, જેના શાસનકાળ દરમિયાન, 14મી સદીના મધ્યાતંર સુધીમાં સલ્તનતના સીમાડાઓ દક્ષિણ પ્રાયદ્વીપના છેલ્લા છેડા સુધી ફેલાઈ ગયા.

### 15.2.1 પશ્ચિમ તથા મધ્ય ભારત (West and Central India)

અલાઉદ્દીન ખિલજી એક મહત્ત્વાકાંક્ષી સુલતાન હતો. આ પૂર્વે આ પ્રકારની મહત્ત્વાકાંક્ષાવાળો સુલતાન દિલ્હીના પાયતખ્ત પર ક્યારેય આવેલ નહીં. તે મહાન સિકંદરની માફક વિશ્વ વિજયનું સ્વપ્ન સેવતો હતો. આથી જ તેણે 'સિકંદર-એ-સાની'ની ઉપાધિ ધારણ કરી હતી, જેને સિક્કાઓ પર પણ અંકિત કરાવી હતી.

અલાઉદ્દીન ખિલજીએ દિલ્હીમાં પોતાની સ્થિતિ અને સ્થાનને મજબૂત કર્યા બાદ ઈ.સ. 1299માં ગુજરાત પ્રદેશમાં પોતાનાં લશ્કરી આક્રમણોનો પ્રારંભ કર્યો. તેના નેતૃત્વ તળેનો આ પ્રથમ પ્રાદેશિક વિસ્તાર હતો. આ સાથોસાથ કદાચ ગુજરાત, કે જેની સંપત્તિ અને વ્યાપારે આક્રમણખોરોને હંમેશાં લલચાવ્યા હતા.

અલાઉદ્દીન ખિલજીએ ઈ.સ. 1299માં ઉપજાઉ, સમૃદ્ધ અને ધનાઢ્ય એવા ગુજરાતને જીતવા માટે પોતાના વિશ્વાસપાત્ર સેનાપતિઓ ઉલુઘખાન અને નુસરતખાનના નેતૃત્વ તળે એક વિશાળ લશ્કર રવાના કર્યું. મુસલમાન સેનાએ ખૂબ જ સરળતાથી ગુજરાતની રાજધાની અણહિલવાડ અને સોમનાથના મંદિરનો નાશ કરી વ્યાપક લૂંટ ચલાવી. ખંભાત પણ જીતવામાં આવ્યું. અલ્પખાનને ગવર્નર તરીકે નિયુક્ત કરી ગુજરાતનું વહીવટી નિયંત્રણ તેને સોંપવામાં આવ્યું. સામ્રાજ્યનો પશ્ચિમ તરફ વિસ્તાર વધારવા તેમ જ તેના પર નિયંત્રણ રાખવા માટે ઈ.સ. 1305માં સુલતાન અલાઉદ્દીન ખિલજીએ સુલતાનના સૂબા આઈન-ઉલ-મુલ્કને માળવા જીતવા મોકલ્યો. 9 ડિસેમ્બર 1305ના રોજ તેણે માળવાના રાજા મહલકદેવને પરાજય આપ્યો. રાજધાની માંડૂ અને તેના કિલ્લા પર અધિકાર સ્થાપવામાં આવ્યો. માળવાના પતન પછી તેનો વહીવટ આઈન-ઉલ-મુલ્કને સોંપવામાં આવ્યો અને તેણે થોડા જ સમયમાં ઉજ્જૈન, ધાર તથા ચંદેરી પણ કબજે કર્યાં.


ઈ.સ. 1305માં જ ઝાલોરના રાજા કનરદેવે અલાઉદ્દીન ખિલજીનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું હતું. પરંતુ પાછળથી કનરદેવ તથા તેનાં સગાંવહાલાંઓને મારી નાખવામાં આવ્યાં અને ઝાલોરને ખાલસા કરવામાં આવ્યું.

રાજસ્થાનના જોધપુર શહેરથી દક્ષિણ-પશ્ચિમ તરફ આશરે 80 કિલોમીટરને અંતરે આવેલા મારવાડના સૌથી મહત્ત્વના અને મજબૂત કિલ્લા સિવાનાને ઈ.સ. 1308માં ઘેરો ઘાલવામાં આવ્યો. વળતે વર્ષે જ આ કિલ્લા પર અધિકાર કરી લેવામાં આવ્યો. સિવાનાનો શાસક રાજા શિતલદેવ લશ્કરી આક્રમણ દરમિયાન માર્યો ગયો. જિતાયેલા પ્રદેશને તથા કિલ્લાને કમાલુદ્દીન ગુર્ગના નિયંત્રણ તળે મૂકવામાં આવ્યા.

### 15.2.2 ઉત્તર-પશ્ચિમ તથા ઉત્તર ભારત (North-West and North India)

અલાઉદ્દીન દ્વારા સત્તા પ્રાપ્ત કર્યા બાદ અલાઉદ્દીનને જલાલુદ્દીનના પરિવાર દ્વારા, જે ભાગીને મુલતાન ચાલ્યું ગયું હતું, સંભવિત વિદ્રોહના દમનની સમસ્યાનો સામનો કરવો પડ્યો. ઉલુઘખાન અને જફરખાનને મુલતાનમાં અરકલીખાનને ખતમ કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું. અરકલીખાનને કેદ કરી લેવામાં આવ્યો અને સુરક્ષિત રીતે દિલ્હી લાવવામાં આવ્યો. મુલતાન ફરી એક વાર દિલ્હીના અંકુશ નીચે આવી ગયું. એક રીતે જોઈએ તો મુલતાન અભિયાન કોઈ પણ રીતે પ્રાદેશિક વિસ્તારનું કાર્ય ન હતું, પરંતુ સુદૃઢીકરણની નીતિના એક ભાગ સમાન હતું. રણથંભોરનો કિલ્લો વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વનો હતો, જે ચૌહાણ રાજવી હમીરદેવના હાથમાં હતો. ઉલુઘખાન અને નુસરતખાને ઈ.સ. 1301માં ઝાઈન કબજે કરી રણથંભોરને ઘેરો ઘાલ્યો જેમાં નુસરતખાન માર્યો ગયો અને રજપૂતોએ ઝાઈન પાછું મેળવ્યું. પરિણામે ખુદ સુલતાન અલાઉદ્દીન ખિલજી એક વિશાળ સેના સાથે આવી પહોંચ્યો. લગભગ અગિયાર માસ સુધી રણથંભોરનો કિલ્લો અપરાજિત રહ્યો. અંતે રાણાના બે મંત્રીઓ રણમલ અને રત્નપાલના વિશ્વાસઘાતના કારણે રણથંભોરનું પતન થયું. રાણો હમીરદેવ યુદ્ધમાં વીરગતિ પામ્યો. રાણી રંગમતિ સહિત અસંખ્ય સ્ત્રીઓએ જૌહર કર્યું. જે રજપૂતો હમીરદેવને દગો આપી સુલતાનના પક્ષે ભળી ગયા હતા તે બધાને સુલતાને મરાવી નાખ્યા. રણથંભોરની બધી લૂંટની સંપત્તિ ઉલુઘખાનને બક્ષિસ આપી દેવાઈ. ઉલુઘખાનને ઝાઈન અને રણથંભોરની વ્યવસ્થા સોંપી વિજેતા સુલતાન દિલ્હી પાછો ફર્યો.

અલાઉદ્દીન ખિલજીની નજરમાં મેવાડ અને તેની રાજધાની ચિત્તોડ ખટકતાં હતાં. જોકે કેટલાક ઇતિહાસકારોના મતે અલાઉદ્દીન ખિલજીનો મૂળ ઉદ્દેશ મેવાડના રાણા રતનસિંહની અત્યંત સ્વરૂપવાન રાણી પદ્મિનીને મેળવવાનો હતો પરંતુ ડૉ. ગૌરીશંકર ઓઝા અને ડૉ. કે. બી. લાલ જેવા ઇતિહાસકારો જણાવે છે કે ''સુલતાન સંપૂર્ણ ઉત્તર ભારતનો શાસક બનવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતો હતો. આ ઉદ્દેશની પ્રાપ્તિ માટે જ તેણે મેવાડ જેવા શક્તિશાળી રાજ્ય પર આધિપત્ય સ્થાપવું જરૂરી માન્યું હતું.''


DELHI SULTANATE
A.D.1290-1320
Approximate Boundary
Kabul
Qandahar
Jhelum R.
Chenab R.
Ravi R.
Lahore
Sutlej R.
Multan
Sirhind
Indus R.
Uch
HIMALAYA MTS
Delhi
Baran
Badaun
Yamuna R.
Ganges R.
RAJPUTANA
Nagaur
Jaisalmer
Mandor
Ajmer
SIND
Siwana
Jalor
Bundi
Ranthambor
Gwalior
Kara
Prayag
Chitor
Chanderi
Kalinjar
BIHAR
Gaur
Sonargaon
CUTCH
GUJARAT
MALWA
Ujjain
Bhilsa
Cambay
Narmada
Broach
Asirgarh
Tapti R.
Mahanadi
TELINGANA
JAJNAGAR
Devagiri
YADAVA
Godavari R.
DECCAN
Warangal
Rajahmundry
Dabhol
Raichur
Krishna R.
ARABIAN SEA
Dwarasamudra
BAY OF BENGAL
Kanchi
HOYSALAS
Caveri R.
Calicut
PANDYAS
MABAR
Cochin
50 0 60 100 150 200 250 300
CEYLON

અલાઉદ્દીને મેવાડ પહોંચી ચિત્તોડના કિલ્લાને ઘેરો ઘાલ્યો, જે લગભગ સાત માસ સુધી ચાલુ રહ્યો. રાજપૂતોએ રાણા રતનસિંહના સેનાપતિપદ નીચે મુસલમાન લશ્કરનો સખત સામનો કર્યો. વિજયની આશા ન જણાતાં રાણી પદ્મિની સહિત અનેક રાજપૂતાણીઓએ અગ્નિસ્નાન કરી 'જૌહર' કર્યું અને રાજપૂતોએ કેસરિયા કરી પ્રાણોની આહુતિ આપી. અંતે કિલ્લો અલાઉદ્દીનના કબજામાં ગયો. આ યુદ્ધમાં રતનસિંહ સહિત 30,000 જેટલા રાજપૂતોનું લોહી રેડાયું.

વિજેતા સુલતાન અલાઉદ્દીન ખિલજીએ ચિત્તોડનો કબજો પોતાના શાહજાદા ખિઝરખાનને સોંપ્યો અને ચિત્તોડને 'ખિઝરાબાદ'નું નામ આપી પોતે દિલ્હી તરફ રવાના થયો. જોકે ઈ.સ. 1311માં ખિઝરખાન ચિત્તોડને મૂકીને ચાલ્યો આવ્યો ત્યારે અલાઉદ્દીને સોનિગ્રા જાતિના રાજપૂત સરદાર માલદેવને વાર્ષિક ખંડણી મોકલવાની શરતે ચિત્તોડનું શાસન સોંપ્યું જે અલાઉદ્દીનના શાસનના અંત સુધી દિલ્હી પ્રત્યે વફાદાર બનીને રહ્યો.

અલાઉદ્દીન ખિલજીના શાસનકાળના પ્રથમ દાયકાના અંત સુધીમાં દિલ્હી સલ્તનતની સીમાઓનો વિસ્તાર લગભગ સંપૂર્ણ ઉત્તર ભારત, પશ્ચિમ તથા મધ્ય ભારતમાં થઈ ચૂક્યો હતો. ઉત્તર-પશ્ચિમમાં મુલતાનથી માંડીને મધ્ય ભારતમાં વિન્ધ્યાચળ પર્વત સુધી અને સંપૂર્ણ રાજપૂતાનાનો પ્રદેશ દિલ્હી સલ્તનતની અધીનતામાં થઈ ગયો.

### 15.2.3 દક્ષિણ ભારત (South India)

ઉત્તર ભારતને જીત્યા બાદ અલાઉદ્દીન ખિલજીએ દક્ષિણ ભારતને જીતવાનો સંકલ્પ કર્યો. પોતાના સેનાપતિ મલિક કાફૂરની સહાયતાથી તેણે દક્ષિણ ભારતનાં દૂરનાં રાજ્યો પર પણ પોતાનું આધિપત્ય સ્થાપ્યું. હકીકતમાં તો દક્ષિણ ભારતનાં સફળ આક્રમણો અલાઉદ્દીનનું એક મહત્ત્વપૂર્ણ લશ્કરી સાહસ હતું. દક્ષિણ ભારત પરના આક્રમણનું મૂળ કારણ સામ્રાજ્ય વિસ્તાર ઉપરાંત ત્યાંનાં મંદિરોમાં જમા થયેલી અઢળક ધનસંપત્તિ અંગેનું પણ હતું. અલાઉદ્દીનના દક્ષિણ વિજયોને આ પ્રમાણે જોઈ શકાય :

અલાઉદ્દીન ખિલજી જ્યારે કડાનો ગવર્નર હતો ત્યારે ઈ.સ. 1296માં જ દેવગીરી સૌ પ્રથમ વાર તેની લૂંટફાટનો શિકાર બની ચૂક્યું હતું. દક્ષિણમાં રાજા રામચંદ્ર વિરુદ્ધ બીજા લશ્કરી આક્રમણની યોજના અલાઉદ્દીન ખિલજીએ ઈ.સ. 1306-07માં બનાવી. આ આક્રમણનું તાત્કાલિક કારણ દેવગીરીના રાજા દ્વારા ઘણા લાંબા સમયથી ખંડણી ભરવાનું બંધ કરવામાં આવી તે હતું. એટલે તેને દંડ દેવા અલાઉદ્દીને દેવગીરી પર આક્રમણ કરવાનો નિશ્ચય કર્યો. આ ઉપરાંત દેવગીરીના રાજાએ ગુજરાતના રાજા કરણદેવ અને તેની પુત્રી દેવળદેવીને આશ્રય આપ્યો હતો તે એક અન્ય કારણ પણ હતું.

ખંભાતમાંથી પકડાયેલા મલિક કાફૂરે સુલતાનનું દિલ જીતી લીધું હતું એટલે તે ક્રમે ક્રમે સેનાપતિ થઈ ગયો હતો. તેની નેતાગીરીમાં એક મોટી સેના દક્ષિણ વિજય માટે મોકલવામાં આવી. આઈન-ઉલ-મુલ્ક મુલતાની તથા અલ્પખાનને આદેશ આપવામાં આવ્યો કે તેઓ મલિક કાફૂરને તમામ પ્રકારની મદદ કરે.

મલિક કાફૂરની સેના દેવગીરી પહોંચી, જેનો મક્કમતાપૂર્વક સામનો કરવામાં આવ્યો. પરંતુ આખરે રાજા રામચંદ્રદેવે આત્મસમર્પણ કર્યું. રાજાને અત્યંત સન્માનપૂર્વક દિલ્હી લઈ જવાયો, જ્યાં લગભગ સાતેક માસ સુધી તેનો ખૂબ આદરસત્કાર કરવામાં આવ્યો. નિયમિત ખંડણી ભરવાની શરતે રાજ્ય તેને પાછું સોંપવામાં આવ્યું. રાજા અને સુલતાન વચ્ચેના સંબંધો ઘણા જ સારા થઈ ગયા. રામચંદ્રદેવે પોતાની કન્યાનો સુલતાનની સાથે વિવાહસંબંધ પણ બાંધ્યો. સુલતાને ગુજરાતનું નવસારી પરગણું રાજા રામચંદ્રદેવને આપ્યું. દક્ષિણનાં બાકીનાં આક્રમણો સમયે આ જ રાજાએ સુલતાનના લશ્કરને ભારે મદદ કરી હતી.

મલિક કાફૂરે દેવગીરી પરના આક્રમણનું કુશળતાપૂર્વક સંચાલન કરી તેની સૈનિક-યોગ્યતાનો પરચો આપ્યો. પરિણામે સુલતાને હવે પછીનાં દક્ષિણ પરનાં આક્રમણોની સઘળી જવાબદારી તેને સોંપી દીધી.

ઑક્ટોબર 1309માં મલિક કાફૂરના નેતૃત્વ તળે શાહી લશ્કરે પૂરતી તૈયારીઓ સાથે ભોમિયાઓ લઈને દક્ષિણ તરફ કૂચનો પ્રારંભ કર્યો. અમીર ખુસરોએ પોતાની રચના ખજામ-ઉલ-ફુતૂહમાં આ લશ્કરી આક્રમણોનું વિશદ્ પ્રમાણમાં વિવરણ કર્યું છે. માર્ગમાં મલિક કાફૂરે આદિલાબાદ જિલ્લામાં આવેલા સીરપુરના કિલ્લા પર અચાનક આક્રમણ કર્યું. સીરપુરના સામંતોએ ભાગીને વારંગલના રાજા રુદ્રદેવનો આશરો લીધો. શાહી સેનાએ સીરપુરના કિલ્લા પર અધિકાર જમાવી દીધો. આ ઉપરાંત માર્ગમાં અનેક કિલ્લાઓ, મંદિરો તથા નગરોને લૂંટતી મલિક કાફૂરની સેના તા. 19-1-1310ના રોજ વારંગલ પહોંચી ગઈ. 14 ફેબ્રુઆરી 1310ના રોજ મલિક કાફૂરે કિલ્લા પર આક્રમણ કર્યું. રાજા રુદ્રદેવે આત્મસમર્પણ કરવાની તૈયારી દર્શાવતાં યુદ્ધનો તાત્કાલિક અંત આવ્યો. રાજા રુદ્રદેવે રાજકોષનો એક ભાગ સુલતાનને આપવા વચન આપ્યું તેમ જ વાર્ષિક ખંડણી આપવા પણ તૈયારી બતાવી.

સુલતાનના લશ્કરે વારંગલમાં શાનદાર સફળતા મેળવી. શાહી સેના જૂન 1310ના 20,000 ઘોડાઓ, એકસો હાથી તથા મોટા પ્રમાણમાં સોનું, હીરા-માણેક વગેરે 1000 ઊંટો પર ભરીને સામાન સાથે દિલ્હી પરત આવી. આ અઢળક સંપત્તિને જોવા માટે પ્રદર્શન ગોઠવવામાં આવ્યું.

વારંગલ પ્રાંત પર અધિકાર પ્રસ્થાપિત કરવાને બદલે તેને સંરક્ષિત રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો. સુલતાનની ધન માટેની લાલસાને હવે કોઈ સીમા ન રહી. તેણે દૂર દક્ષિણ તરફ બીજા લશ્કરી આક્રમણ માટેની યોજના બનાવી.

સુલતાનની નજર હવે દ્વારસમુદ્રના હોયસળ રાજ્ય પર કેન્દ્રિત થઈ. દૂર દક્ષિણના આ રાજ્ય પર હજુ સુધી કોઈ સુલતાને આક્રમણ કર્યું ન હતું. અહીં હોયસળ રાજવી બલ્લાલ-3જાનું શાસન હતું, જે ઘણો જ બળવાન રાજવી હતો. પરંતુ યાદવો સાથેના આંતરિક ઝઘડાથી આ રાજ્ય નબળું પડ્યું હતું. ફેબ્રુઆરી 1311માં દ્વારસમુદ્રના કિલ્લા પર શાહી લશ્કરે ઘેરો ઘાલ્યો. અલાઉદ્દીન ખિલજીના સેનાપતિ મલિક કાફૂર સામે બલ્લાલનો પરાજય થયો અને તેને શરમજનક સંધિ સ્વીકારવાની ફરજ પડી. અનેક હાથીઓ અને પુષ્કળ સોના-રૂપા, જર-ઝવેરાત તથા વાર્ષિક ખંડણી આપવાનું તેણે સ્વીકાર્યું.

દ્વારસમુદ્રની સફળતાથી ઉત્સાહિત થઈને મલિક કાફૂરે દક્ષિણ તરફના પોતાના આક્રમણને આગળ ધપાવ્યું. તે મલબાર તરફ આગળ વધ્યો અને એક માસ કરતાં પણ ઓછા સમયમાં મલિક કાફૂર મલબારના પાંડ્ય રાજ્યની રાજધાની મદુરા પહોંચી ગયો. દુર્ભાગ્યે આ સમૃદ્ધ અને વૈભવશાળી રાજ્ય સુંદર પાંડ્ય અને વીર પાંડ્ય વચ્ચેના ગાદીવારસાના ઝઘડામાં સબડતું હતું. વીર પાંડ્યને મુસ્લિમ આક્રમણકારોએ હરાવ્યો અને તે યુદ્ધમેદાનમાંથી નાસી ગયો, જ્યારે શાસક સુંદર પાંડ્ય તો પ્રથમથી જ ભાગી ગયો હતો. મદુરાનું પતન થતાં મંદિરો અને શહેરને લૂંટવામાં આવ્યાં. મલિક કાફૂરે પવન ટાપુ પરના રામેશ્વરના પ્રખ્યાત શિવાલયનો નાશ કરી તે સ્થળે અલાઉદ્દીનના નામની મસ્જિદ બંધાવી. અહીં ચલાવાયેલી લૂંટમાં 512 હાથી, 5000 ઘોડા તથા 500 મણ અમૂલ્ય હીરા-ઝવેરાત પ્રાપ્ત થયાં. જોકે સ્ટેન્લી લેનપુલ દ્વારા આપવામાં આવેલા આંકડાઓ અતિશયોક્તિપૂર્ણ જણાય છે.

અલાઉદ્દીન ખિલજીના દક્ષિણ પરનાં લશ્કરી આક્રમણોના બે મુખ્ય ઉદ્દેશો હતા : એક તો, આ વિસ્તારમાં દિલ્હીના સુલતાનના સાર્વભૌમત્વને ઔપચારિક માન્યતા પ્રદાન કરવી અને બીજું, ઓછામાં ઓછી માનવખુવારીએ વધુમાં વધુ ધનસમ્પદા એકત્રિત કરવી.

મલિક કાફૂરના મલબારથી પરત થયાના એક વર્ષની અંદર જ દક્ષિણમાં બનનાર ઘટનાઓએ આ વિસ્તારમાં આધિપત્ય ન સ્થાપવાની નીતિનું પુનરવલોકન કરવાની આવશ્યકતાને સામે લાવીને મૂકી દીધી. ઈ.સ. 1312ના ઉત્તરાર્ધમાં દેવગીરીના શાસક રામદેવના મૃત્યુ બાદ તેનો પુત્ર ભીલ્લમા ઉત્તરાધિકારી બન્યો, જેણે દિલ્હીના સુલતાનનું સાર્વભૌમત્વ માનવાનો ઇન્કાર કરી દીધો અને તેણે પોતાને સ્વતંત્ર શાસક તરીકે જાહેર કર્યો. અલાઉદ્દીને મલિક કાફૂરને આ વિદ્રોહને કચડી નાખવા માટે મોકલ્યો અને પ્રાંત પર સ્થાયી નિયંત્રણ કરવાનો પણ આદેશ આપ્યો. ઈ.સ. 1315માં સુલતાનની સખત બીમારીના સમાચાર મળતાં તે દિલ્હી પરત આવ્યો. આઈન-ઉલ-મુલ્કને આ પ્રાંતનો હવાલો સુપરત કરવામાં આવ્યો. અલાઉદ્દીન ખિલજીના અવસાન બાદ જાન્યુઆરી 1316માં આઈન-ઉલ-મુલ્કને પણ દેવગીરીની સમસ્યા હલ કર્યા વગર દિલ્હી પાછો બોલાવી લેવામાં આવ્યો. આ રીતે અલાઉદ્દીન ખિલજીના ઉત્તરાધિકારી તરીકે મુબારક ખિલજી સત્તારૂઢ થયો કે તુરત જ દેવગીરી તરફ પ્રયાણ કરવા માગતો હતો, પરંતુ તેના ઉમરાવ સલાહકારોએ તેને સલાહ આપી કે તે દેવગીરી પર આક્રમણ ન કરે અને પહેલાં દિલ્હીમાં પોતાની સ્થિતિ અને સ્થાન સુદૃઢ કરે. મુબારક ખિલજીએ તેના શાસનકાળના બીજા વર્ષે એપ્રિલ 1317માં આક્રમણ માટે પ્રસ્થાન કર્યું. દેવગીરી તરફથી કોઈ વિરોધ ન થયો અને મરાઠા સરદારોએ સુલતાન સમક્ષ આત્મસમર્પણ કરી દીધું. આ પ્રાંતને આખરે સલ્તનતના આધિપત્ય તળે મૂકી દેવામાં આવ્યો.

ઉપરોક્ત વિજયોનું મૂલ્યાંકન કરતાં કહી શકાય કે ઉત્તર ભારતના વિજયો પછી, કાશ્મીર, નેપાળ, આસામ તથા વાયવ્ય સરહદના થોડા પ્રદેશો સિવાય સમગ્ર ઉત્તર ભારત પહેલી જ વાર દિલ્હી સલ્તનતના સામ્રાજ્ય તળે મુકાયું. અંતે ઉત્તર ભારતની માફક લગભગ સમગ્ર દક્ષિણ ભારત પર પણ સલ્તનતનું આધિપત્ય સ્થપાયું.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

1. દિલ્હીના સુલતાન તરીકે અલાઉદ્દીન ખિલજીએ નીચેનામાંથી કયા પ્રદેશો સૌ પ્રથમ વાર જીત્યા ?

   (અ) દેવગીરી (બ) માલવા (ક) ગુજરાત (ડ) મલબાર
2. નીચેનાં સ્થાનો પૈકી કયા કયા પ્રદેશોને અલાઉદ્દીન ખિલજીએ દિલ્હી સલ્તનતમાં ભેળવી દીધા ?

   (અ) વારંગલ (બ) સિવાના (ક) દેવગીરી (ડ) જાલૌર
3. અલાઉદ્દીન ખિલજીની દક્ષિણનીતિની સમીક્ષા કરો.

   ......................................................................................................

   ......................................................................................................

   ......................................................................................................

   ......................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

4. દેવગીરીનો વિજય કરવામાં નીચેનામાંથી સૌથી અગત્યનો ફાળો કોનો હતો ?
(અ) રાજા રામચંદ્રદેવ (બ) મલિક કાફૂર (ક) મુબારક ખિલજી (ડ) ખુસરોખાન

## 15.3 તુઘલક શાસનનો વિસ્તાર (Expansion under the Tughluqs)

ગ્યાસુદ્દીન તુઘલક દિલ્હીના સિંહાસને ઈ.સ. 1320માં આવ્યો. આ સાથે જ તુઘલક વંશ દિલ્હીમાં સત્તાસ્થાને આવ્યો. આ સમયે સલ્તનત રાજકીય અસ્થિરતાથી ઘેરાયેલું હતું. નવા શાસકે આ બાબતે ત્વરિત ધ્યાન આપવાની આવશ્યકતા હતી. દૂર દૂરના પ્રાંતોએ પોતાની સ્વતંત્રતા જાહેર કરી દીધી હતી. દિલ્હી સલ્તનતનું પ્રભાવશાળી નિયંત્રણ માત્ર કેન્દ્રીય પ્રદેશો પૂરતું મર્યાદિત રહી ગયું હતું. વહીવટી તંત્ર સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. સ્વાભાવિક રીતે જ નવા સુલતાન ગ્યાસુદ્દીન તુઘલકે પોતાનું ધ્યાન આર્થિક અને વહીવટી સ્થિતિ સુધારવા તરફ કેન્દ્રિત કર્યું. પરંતુ તુરત જ સામ્રાજ્યના બાહ્ય પ્રાંતોમાં પ્રતિષ્ઠા તેમ જ સર્વોપરિતા પુનઃસ્થાપિત કરવાનો પ્રશ્ન સામે આવીને ઊભો રહ્યો.

### 15.3.1 દક્ષિણ ભારત (The South)

દક્ષિણમાં રાજકીય સ્થિતિ કોઈ પણ રીતે સંતોષજનક ન હતી. અલાઉદ્દીન ખિલજીના સાર્વભૌમત્વને સ્વીકારવાનું તથા દક્ષિણના શાસકો દ્વારા વફાદારીનું વચન નામમાત્ર પૂરતું જ હતું. દેવગીરી અને તેલંગણાના પ્રાંતોમાં શાહી પ્રભુત્વને પુનઃસ્થાપિત કરવાને માટે નવાં સૈનિક આક્રમણોની ચોક્કસ આવશ્યકતા હતી. જેમ કે તમે ઉપર જોઈ ગયા કે દેવગીરીને મુબારક ખિલજી દ્વારા પહેલેથી જ સલ્તનતની અધીનતા તળે મૂકી દેવામાં આવ્યું હતું. પરંતુ દેવગીરી પછીના દક્ષિણના રાજ્યોએ સલ્તનત સત્તાના રહ્યા-સહ્યા અવશેષોને પણ ઉખાડી ફેંકી દીધા હતા. આથી તેલંગણા પ્રદેશ પર સુલતાન ગ્યાસુદ્દીન તુઘલકે તત્કાળ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું.

ઈ.સ. 1321માં ઉલુઘખાને (જે પાછળથી મુહમ્મદ તુઘલક તરીકે ઓળખાયો) એક વિશાળ સેના સાથે દક્ષિણ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં ખાસ કોઈ મોટી મુશ્કેલી વગર તે વારંગલ પહોંચી ગયો. બે લશ્કરી ઘેરાઓ પછી - જે પ્રત્યેક ચાર કે પાંચ માસ ચાલ્યા - ત્યાંનો શાસક રાજા રુદ્ર અંતે સમર્પણ કરવા તૈયાર થઈ ગયો. પરંતુ આ વખતે વિદ્રોહીઓને ક્ષમા કે માફી આપવાનો કોઈ અવસર આપવામાં આવ્યો નહીં. કિલ્લા પર અધિકાર કરી લેવામાં આવ્યો, લૂંટફાટ કરવામાં આવી અને કેટલીક તોડફોડ પણ કરવામાં આવી. રાજાને કેદ કરી સુરક્ષિત ઢબે દિલ્હી લાવવામાં આવ્યો. વારંગલ પર સંપૂર્ણ અધિકાર સ્થાપિત કરીને તેને સલ્તનતના પ્રત્યક્ષ વહીવટ તળે મૂકી દેવામાં આવ્યું.

આ નીતિનું અનુકરણ કરીને ઉલુઘખાને મલબારને પણ આત્મસમર્પણ કરવા ફરજ પાડી અને ત્યાં પણ સીધો જ શાહી વહીવટનો અમલ શરૂ કરવામાં આવ્યો. આમ, તેલંગણા ક્ષેત્રને દિલ્હી સલ્તનતનો એક ભાગ બનાવી દેવામાં આવ્યું અને તેને વિવિધ વહીવટી એકમોમાં વિભાજિત કરી દેવામાં આવ્યું. સ્થાનિક યોગ્ય લોકોને વહીવટમાં સામેલ કરવામાં આવ્યા. અપરાજિત લોકો વિરુદ્ધની દમન નીતિનો ત્યાગ કરીને તેઓને માફી આપવામાં આવી.


### 15.3.2 પૂર્વ ભારત (East India)

પૂર્વ ભારત તરફનાં આક્રમણો એક રીતે જોઈએ તો દક્ષિણ ભારતનાં વિવિધ રાજ્યો સાથે થયેલાં યુદ્ધોમાંથી જ ઉદ્ભવ્યાં હતાં. જેમ કે શાહી લશ્કરે વારંગલ પર આક્રમણ કર્યું તે સમયે ઓરિસ્સામાં આવેલા જાજનગરના શાસક ભાનુદેવ બીજાએ વારંગલના રાજા રુદ્રદેવની સહાયતા કરી હતી. આથી ઈ.સ. 1324ના મધ્યમાં ઉલુઘખાને વારંગલથી રવાના થતાં જાજનગર પર પણ આક્રમણ કર્યું. બંને વચ્ચે ભયંકર યુદ્ધ થયું જેમાં ઉલુઘખાનનો વિજય થયો. તેણે દુશ્મનના પડાવની મોટા પાયા પર લૂંટ કરી. અહીંથી મોટા પ્રમાણમાં ધન એકઠું કર્યું. જાજનગરને જીતી લઈ તેને સલ્તનતમાં ભેળવી લેવામાં આવ્યું.

પૂર્વ ભારતમાં બંગાળનો પ્રાંત હંમેશાં વિદ્રોહોનો ગઢ બનીને રહ્યો હતો. આ પ્રાંતના ગવર્નરો પોતાને સ્વતંત્ર કરવાની એક પણ તક જતી કરતા નહીં. બંગાળમાં બુઘરાખાનના અવસાન પછી તેના ત્રણ પૌત્રો ગ્યાસુદ્દીન, શિહાબુદ્દીન અને નાસિરુદ્દીન વચ્ચે ગાદી માટે તકરાર થતાં ઈ.સ. 1324માં દિલ્હીના સુલતાનને હસ્તક્ષેપ કરવાની તક મળી. નાસિરુદ્દીને મદદ માટે ગ્યાસુદ્દીન તુઘલકને વિનંતી કરી. સુલતાને જાતે બંગાળ તરફ કૂચ કરી બંગાળના ગ્યાસુદ્દીનનો પરાજય થયો. પશ્ચિમ બંગાળમાં દિલ્હીના ખંડિયા શાસક તરીકે નાસિરુદ્દીનને સત્તા સોંપવામાં આવી અને પૂર્વ બંગાળને ખાલસા કરીને સામ્રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યું.



બંગાળથી પાછા ફરતાં સુલતાને તિરહટ(મિથિલા)ના રાજા હરદેવસિંહ સામે યુદ્ધ કર્યું. આ


DELHI SULTANATE
c.1335
Approximate Boundaries
KASHMIR
R. Jhelum
R. Chenab
R. Ravi
R. Beas
LAHORE
KALANAU
MULTAN
HIMALAYA MOUNTAINS
QARACHIL
UCH
R. Indus
DELHI
R. Jamuna
BUDAUN
SIVASTAN
KOL
OUDH
KANAUJ
R. Gagra
R. Gomti
R. Ganges
R. Chambal
KANAUJ
GWALIOR
LAKHNAUTI
R. Brahmaputra
KAMARUPA
KARA
BIHAR
MALWA
UJJAIN
R. Narbada
GUJARAT
Chittagong
R. Mahanadi
Tapti R.
DEOGIR
DEOGIR
Daulatabad
R. Godavari
JAJNAGAR
WARANGAL
GULBARGA
Sultanpur
TELINGANA
R. Krishna
SINDABUR
Goa
R. Tungabhadra
ARABIAN SEA
BAY OF BENGAL
DVARA SAMUDRA
MABAR
R. Kaveri
CALICUT
MADURA
CEYLON

રાજાએ તેની વફાદારીનો દાખલો બેસાડ્યો નહીં. તેનો પરાજય કરીને તેમ જ સર્વોપરી સત્તા કબૂલાવીને દિલ્હી તરફ ઝડપથી પાછો ફર્યો.

### 15.3.3 ઉત્તર-પશ્ચિમ તથા ઉત્તર (North-West and North India)

અલાઉદ્દીનના મુલતાન આક્રમણથી જ સલ્તનતની પશ્ચિમી સીમાઓ સ્થિર બની હતી. સુલતાન દક્ષિણ તેમ જ ગુજરાતના મામલાઓમાં વધુ વ્યસ્ત રહ્યો. આથી મુહમ્મદ તુઘલક સત્તાસ્થાને આવ્યા બાદ જ ઉત્તર-પશ્ચિમ સીમાડાઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરી શકાયું. સિંહાસનારૂઢ થયા બાદ તુરત જ મુહમ્મદ તુઘલકે કલાનૌર તેમ જ પેશાવર પર લશ્કરી આક્રમણો કર્યાં જે સંભવત: ઈ.સ. 1326-27માં તરમાશિરીનખાનના નેતૃત્વ તળે થયેલા મંગોલ આક્રમણના પરિણામ સ્વરૂપે થયાં હતાં. આથી મુહમ્મદ તુઘલક પોતાનાં આ આક્રમણો દ્વારા ભવિષ્યના મંગોલોનાં થનાર આક્રમણોથી ઉત્તર-પશ્ચિમ સીમા સુરક્ષિત કરવા માંગતો હતો. સુલતાન કલાનૌર જતાં ખુદ લાહોરમાં રોકાયો પરંતુ પોતાના લશ્કરને કલાનૌર અને પેશાવર પર આક્રમણ કરવા આદેશ આપ્યો. આ અભિયાન ખાસ કોઈ મુશ્કેલીઓ વિના સંપન્ન થયું. સુલતાને આ નવા જિતાયેલા પ્રદેશોની વહીવટી વ્યવસ્થાને વ્યવસ્થિત કરી અને ત્યાર બાદ તે દિલ્હી પરત આવ્યો.

લગભગ ઈ.સ. 1332માં સુલતાન મુહમ્મદ તુઘલકે કરંજલ પ્રદેશને જીતવા માટે એક યોજના તૈયાર કરી. આ પ્રદેશની ઓળખ હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લામાં આવેલા આધુનિક કુલ્લુથી થાય છે. આ યોજના ઉત્તર-પશ્ચિમ તથા ઉત્તર સીમાડાની કિલ્લેબંધી કરવાના એક ભાગ સમાન હતી. આ ઉદ્દેશની પૂર્તિ અર્થે તેણે ખુસરો મલિકના નેતૃત્વ તળે એક વિશાળ સેના મોકલી. સેનાએ કરંજલ પ્રદેશના એક મહત્ત્વના સ્થાન જિદયા પર અધિકાર મેળવવામાં સફળતા મેળવી. સુલતાનનો આદેશ આ પ્રદેશ કે સ્થાનનો વિજય મેળવ્યા પછી પરત ફરવા અંગેનો હતો. પરંતુ ખુસરો મલિકે ઉત્સાહના અતિરેકમાં સુલતાનના આદેશને નજરઅંદાજ કર્યો અને તે છેક તિબેટ તરફ આગળ વધી ગયો. પરંતુ આ દરમિયાન વરસાદ શરૂ થયો. સેના બીમારી અને ડુંગરાળ પ્રદેશના પ્રકોપનો ભોગ બની. આ વિપત્તિ એટલી ભયંકર હતી કે માત્ર ત્રણ જ સૈનિકો તેની કથની કહેવા જીવતા પાછા ફર્યા હતા. કરંજલ અભિયાનમાં સંસાધનોનું મોટા પાયા પર નુકસાન થયું અને તેનાથી સુલતાન મુહમ્મદ તુઘલકની સર્વોપરિતાને પણ ઠીક ઠીક પ્રમાણમાં હાનિ પહોંચી. કેટલાક ઇતિહાસકારો સુલતાનના કરંજલ આક્રમણને તેની ચીન અને તિબેટ ઉપરની વિજય મેળવવા માટેની તરંગી યોજના તરીકે વર્ણવે છે. પરંતુ સમકાલીન ઇતિહાસકારો આવી કોઈ યોજનાનું વર્ણન કરતા નથી. એમ લાગે છે કે પાછળથી કેટલાક લેખકોએ ગપગોળા ઉપરથી આ વાતને જોડી કાઢેલી.

સુલતાન અલાઉદ્દીન ખિલજીની માફક સુલતાન મુહમ્મદ તુઘલક પણ 'વિશ્વ વિજેતા' બનવાની મહેચ્છા ધરાવતો હતો. પરંતુ અલાઉદ્દીન ખિલજીને જેમ અલા-ઉલ-મુલ્કની શિખામણ મળેલી એવી શિખામણ તેને કોઈએ આપેલી નહીં, બલ્કે તેના દરબારમાં આવેલા કેટલાક ખોરાસાની ઉમરાવોએ તો તેની આ મહેચ્છાને વિકસાવેલી. સુલતાને ખોરાસાન, ઈરાન અને ટ્રાન્સ-ઓક્સિયાનાનો વિજય કરવાની મહાન યોજના કરી. આ મહાન યોજનાને પાર પાડવા માટે ત્રણ લાખ સિત્તેર હજારનું એક જંગી લશ્કર ઊભું કરવામાં આવ્યું. સૈનિકોને અગાઉથી જ એક વર્ષનું વેતન ચૂકવી દેવામાં આવ્યું. સૈનિકો માટે અદ્યતન અને કીમતી હથિયારો ખરીદવામાં આવ્યાં, જેની પાછળ પુષ્કળ પ્રમાણમાં નાણાં ખર્ચવામાં આવ્યાં હતાં. પરંતુ અંતે આ યોજનાને એમ કહીને છોડી દેવામાં આવી કે તે અવ્યવહારુ છે. લશ્કરને વિખેરી નાંખવામાં આવ્યું. આમ કરવાથી માત્ર ગંભીર નાણાકીય હાનિ જ ન થઈ પરંતુ ખુદ સુલતાનની પ્રતિષ્ઠાને પણ જબરજસ્ત આંચકો લાગ્યો જેના પરિણામસ્વરૂપે કેટલાક વિદ્રોહો થયા, જે દિલ્હી સલ્તનત માટે અત્યંત હાનિકારક સાબિત થયા.

પંજાબના કાંગરા જિલ્લામાં આવેલ નગરકોટના રાજ્યે તુર્કોનો હંમેશાં સામનો કર્યો હતો. ટેકરી પર આવેલો નગરકોટનો કિલ્લો અજેય ગણાતો. અલાઉદ્દીન ખિલજીના સમયમાં પણ તેનો વિજય કરવામાં આવેલ નહીં. ઈ.સ. 1337માં સુલતાન મુહમ્મદ તુઘલકે આ કિલ્લા પર આક્રમણ કર્યું. નગરકોટના રાજાએ સામનો કર્યો, પરંતુ તેનો આખરે પરાજય થયો. તેણે શરણાગતિ સ્વીકારતાં સુલતાને તેને કિલ્લો પરત કર્યો.

સુલતાન મુહમ્મદના શાસનના અંતિમ ભાગમાં, ગુજરાતમાં તગીનો બળવો થયો ત્યારે સુલતાન મુહમ્મદ ગુજરાતમાં આવેલો. આ સમયે તેણે ગિરનાર-જૂનાગઢનો વિજય કરેલો. પરંતુ તે સિંધ તરફ ગયો ત્યારે જૂનાગઢના રાજાએ તેનું રાજ્ય પાછુ મેળવ્યું હતું.

પ્રારંભમાં સુલતાન મુહમ્મદ તુઘલકે જે વિજયો કર્યા હતા, તેના પરિણામે સામ્રાજ્યમાં 23 જેટલા પ્રાંતોનો સમાવેશ થતો હતો. ઉત્તરે હિમાલયથી માંડીને દક્ષિણે મદુરા સુધી અને પૂર્વમાં બંગાળ અને બિહારથી માંડીને પશ્ચિમમાં સિંધ સુધી તેના સામ્રાજ્યની સીમાઓ ફેલાયેલી હતી, પરંતુ તેની તરંગી યોજનાઓ અને બિનવ્યવહારુ નીતિને પરિણામે તેના શાસનનાં અંતિમ વર્ષો દરમિયાન ઘણા પ્રાંતોએ સલ્તનતનું આધિપત્ય ફગાવી દીધું અને સ્વતંત્ર થઈ ગયા હતા.

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

1. દક્ષિણનાં વિવિધ રાજ્યોને દિલ્હી સલ્તનત તળે ક્યારે લાવવામાં આવ્યાં ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. સુલતાન મુહમ્મદ તુઘલકના વિજયોની ટૂંકી રૂપરેખા આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. નીચેના પ્રત્યેક વિશે ચાર ચાર વાક્યો લખો :

(1) મલિક કાફૂર.......

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) રાણા રતનસિંહ.......

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(3) રાજા બલ્લાલ ત્રીજો.......

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 15.4 સારાંશ

તમે એકમ 14માં અભ્યાસ કરી ગયા કે ઇલ્તુત્મિશનું ઈ.સ. 1236માં અવસાન થતાં દિલ્હી સલ્તનતનો પ્રાદેશિક વિસ્તાર કેવી રીતે અટકી ગયો હતો. આ પછી આશરે અર્ધા સૈકા સુધી દિલ્હી સુલતાનોના તમામ પ્રયાસો નાણાકીય અને વહીવટી સુધારા દૃઢ કરી પ્રાદેશિક ઉપલબ્ધિઓને મજબૂત કરવા માટેના રહ્યા હતા. પ્રાદેશિક વિસ્તારના દ્વિતીય તબક્કાનો પ્રારંભ 14મી સદીના પ્રારંભમાં ખિલજી શાસન તળે થયો. અલાઉદ્દીન ખિલજીના વહીવટી અને નાણાકીય ઉપાયોએ એક બાજુ સલ્તનતના દૃઢીકરણમાં મદદ કરી તો બીજી બાજુ સલ્તનતના આધારને પણ વિસ્તૃત કર્યો. નવા પ્રદેશો પરનો અધિકાર સલ્તનતનું એક વાસ્તવિક સ્વરૂપ ઊભું કરવામાં સફળ બની રહ્યો. આ સમયે પણ આપણે જોઈએ છીએ કે અલાઉદ્દીન સલ્તનતના મધ્યસ્થ સ્થાનથી એક મર્યાદિત અંતર સુધી જ આગળ વધ્યો અને તેણે સીધા જ અધિકાર મેળવેલા પ્રદેશો પર સુલતાનના પ્રભાવશાળી નિયંત્રણને સ્થાપિત કર્યું. આ પ્રદેશોને સલ્તનતના પ્રાંતો બનાવી દેવામાં આવ્યા પરંતુ દૂરના પ્રાંતો પર બે કારણોસર વિજય પ્રાપ્ત કરવામાં આવેલ – એક તો, નાણાં મેળવવા અને બીજું, તે રાજ્યોને પ્રત્યક્ષ રીતે સલ્તનતને આધીન ન રાખીને તેને સંરક્ષિત રાજ્યનો દરજ્જો આપવો. આ તે રાજ્યોને વિશેષ લાગુ પડતું હતું જેને દક્ષિણ અને દૂર દક્ષિણમાં જીતવામાં આવ્યાં હતાં. પરંતુ મુબારક ખિલજી દ્વારા દેવગીરીના સંદર્ભમાં આ નીતિમાં પરિવર્તન કરવામાં આવ્યું. આ નીતિનું અનુકરણ ગ્યાસુદ્દીન તુઘલકે વારંગલ તેમ જ મલબાર જેવા દૂર દક્ષિણમાં આવેલાં રાજ્યોની બાબતમાં પણ કર્યું. આ રાજ્યો પર પ્રભાવશાળી વહીવટ કાયમી ધોરણે સ્થાપવાના ઉદ્દેશથી મુહમ્મદ તુઘલકે દેવગીરીને સલ્તનતની બીજી વહીવટી રાજધાની બનાવી. પરંતુ આ પ્રયોગ ભવ્ય નિષ્ફળતાને વર્યો, જેની પાછળ સલ્તનતના શાસક વર્ગ તેમ જ અન્ય વર્ગોની અનિચ્છા જવાબદાર હતી. આમ છતાં પણ મુહમ્મદ તુઘલકના શાસનકાળમાં સલ્તનતના સીમાડાઓ તેના ચર્મોત્કર્ષ પર હતા. ઉત્તર-પશ્ચિમમાં પેશાવર, દક્ષિણમાં મલબાર, પશ્ચિમમાં ગુજરાત તથા પૂર્વમાં ઓરિસ્સાના જાજનગર

સુધી તેના સામ્રાજ્યના સીમાડાઓ ફેલાયેલા હતા. આ એક ભાગ્યની વિડંબણા જ કહેવાય કે મુહમ્મદ તુઘલકના શાસનના અંતિમ વર્ષોમાં જ દિલ્હી સલ્તનતના સીમાડાઓ લગભગ ઈ.સ. 1296ના સીમાડાઓ સુધી સમેટાઈ ગયા હતા ! પતનનાં આ કારણો પર વિભાગ - 5ના એકમ 18માં પ્રકાશ પાડવામાં આવશે.

## 15.5 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**સ્વાધ્યાય-કસોટી-1**

1. વિભાગ 15.1.1 જુઓ
2. વિભાગ 15.1.1 જુઓ
3. વિભાગ 15.1.3 જુઓ

**સ્વાધ્યાય-કસોટી-2**

1. વિભાગ 15.2.1 જુઓ
2. વિભાગ 15.2.3 જુઓ
3. (1) વિભાગ 15.1.3 જુઓ
   (2) વિભાગ 15.1.2 જુઓ
   (3) વિભાગ 15.2.3 જુઓ

## 15.6 ચાવીરૂપ શબ્દો (Key Words)

**જૌહર** - રાજપૂતો દુશ્મનો સામે પરાજિત થાય તેવી સ્થિતિમાં તેમની સ્ત્રીઓનું ચિતામાં સામુદાયિક અગ્નિસ્નાન.

**ખઝાઈન-ઉલ-ફુતુહ** -અમીર ખુશરોએ લખેલ પુસ્તક - જેમાં અલાઉદ્દીન ખિલજીના વિજયોનું વિવરણ કરેલું છે.

**મંડુ** - સલ્તનત સમયની માલવાની કિલ્લેબંધ રાજધાની

**કોકા પ્રધાન** - માલવા મંડુનો શક્તિશાળી પ્રધાન

**મણ** - એક જાતનું વજન માપ

## 15.7 પરિશિષ્ટ (Appendix)

દિલ્હીના સુલતાનોનો કાળક્રમ (ઈ.સ. 1206-1526) (Chronology of the Delhi Sultans)

**ઇલ્બરી**

| | |
|---|---|
| 1. કુતુબુદ્દીન ઐબક | 1206-1210 |
| 2. આરામશાહ | 1210 |
| 3. ઇલ્તુત્મિશ | 1210-1236 |
| 4. રઝિયા | 1236-1240 |
| 5. બહેરામશાહ | 1240-1242 |
| 6. મસૂદશાહ | 1242-1246 |
| 7. નાસિરુદ્દીન | 1246-1266 |
| 8. બલ્બન | 1266-1287 |
| 9. કૈકૂબાદ | 1287-1290 |

**ખિલજી**

| | |
|---|---|
| 1. જલાલુદ્દીન ખિલજી | 1290-1296 |
| 2. અલાઉદ્દીન ખિલજી | 1296-1316 |
| 3. કુતુબુદ્દીન મુબારક | 1316-1320 |

**તુઘલક**

| | |
|---|---|
| 1. ગ્યાસુદ્દીન તુઘલક | 1320-1325 |
| 2. મુહમ્મદ તુઘલક | 1325-1351 |
| 3. ફિરોઝ તુઘલક | 1351-1388 |
| 4. તુઘલકશાહ બીજો | 1388-1390 |
| 5. નાસિરુદ્દીન મોહમ્મદશાહ | 1390-1394 |
| 6. મોહમ્મદશાહ તુઘલક | 1394-1412 |

**સૈયદ**

| | |
|---|---|
| 1. ખિજરખાન | 1414-1421 |
| 2. મુબારકશાહ | 1421-1434 |
| 3. મોહમ્મદશાહ | 1434-1443 |
| 4. અલાઉદ્દીન આલમશાહ | 1443-1451 |

**લોદી**

| | |
|---|---|
| 1. બહ્લોલ લોદી | 1451-1489 |
| 2. સિકંદર લોદી | 1489-1517 |
| 3. ઇબ્રાહીમ લોદી | 1517-1526 |

- 1412થી 1414 સુધીનો સમય આંતરિક સંઘર્ષનો કાળ હતો.

## કેટલાંક ઉપયોગી પુસ્તકો


1. A.B.M. Habibullah, *The Foundation of Muslim Rule In India*
2. K. S. Lal, *History of the Khaljis* (A.D. 1290-1320)
3. Agha Mahndi Husain, *Tughluq Dynasty*
4. E. C. Majumdar (Ed.)*Delhi Sultanate* Vol. VI Bharatiya Vidya Bhavan, Bombay
5. अवध बिहारी पाण्डे : *पूर्वमध्यकालीन भारत*
6. एस. आर. शर्मा : *भारत में मुस्लिम शासन का इतिहास*
7. विद्याधर महाजन : *दिल्ली सल्तनत का इतिहास*
8. वी. एस. भार्गव : *मध्यकालीन भारतीय इतिहास एवम् संस्थाएँ*
9. ए. एल. : श्रीवास्तव : *दिल्ली सल्तनत*
10. बी. एन. लुनिया : *पूर्व मध्यकालीन भारत का राजनैतिक एवम् सांस्कृतिक इतिहास*
11. છોટુભાઈ નાયક : *મધ્યયુગીન ભારત*, ખંડ-2
12. જ્ઞાન-ગંગોત્રી ગ્રંથ-શ્રેણી-21, *ભારતદર્શન* - ભાગ-2 (મધ્યકાલીન ઇતિહાસ)

નોંધ

# નોંધ